# કોડિયું

વર્ષ : ૭૪ ઓગસ્ટ : ૨૦૨૦ અંક : ૦૧


## અનુક્રમણિકા


૦૧ કોરોના, ટેક્નૉલૉજી અને વૈશ્વિક સહકાર ...૦૬
- યુવલ નોઆ હરારી

૦૨ આપણામાં ધબકતું ભારત Live! ...૦૯
- જય જયેન્દ્ર

૦૩ ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ ...૧૧
- પાર્થ પટ્ટણી

૦૪ અમદાવાદની મધ્યે વિસ્તરતું કેળવણીનું ફળદ્રુપ ધરૂવાડિયું ...૧૪
- દિનેશ મજીઠીયા

૦૫ ખેતી વિકાસનો જબરો દુશ્મન - પૂર્વગ્રહ ...૧૭
- હીરજી ભીંગરાડિયા

૦૬ પથારી ...૨૦
- છાયા ઉપાધ્યાય

૦૭ ગોલ્ડન પ્રેમની ગાયિકાઃ ટેલર સ્વિફ્ટ ...૨૪
- બંસી શર્મા

૦૮ મિહિર પાઠકની રચનાત્મક રખડપટ્ટી ...૨૮
- મિહિર દવે

૦૯ બ્લોકચેઈન ...૩૦
- સંજય ચૌધરી

૧૦ છાત્રાલયમાં અનુભવે શીખેલી ‘સમૂહભાવના’ જીવનશૈલી બને ત્યારે... ...૩૪
- નીતિન ભીંગરાડિયા

૧૧ વાણીના સ્વામીઓ વિનાની ગુજરાત વાંઝણી કહેવાય ...૩૭
- ઝવેરચંદ મેઘાણી

૧૨ એસેમ્બલ ગાંધીજી ...૩૯
- જગદીશ ત્રિવેદી

૧૩ સંસ્થા સમાચાર ...૪૦
- પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**

ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

## ◆ લેખ મોકલવા માટે ◆


‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


## ◆ લેખકોને ◆

- શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.
- અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૧૫૦/- |
| ડિપોઝિટ યોજના | રૂ.૧૮૦૦/- |

## તંત્રી સ્થાનેથી...

આ જગત તપથી પાકેલા ઉત્તમ વિચારોથી ચાલે છે અને જેમણે આવા વિચારોથી ગુજરાતને સતત પ્રાણવાન રાખી છે એવા પ્રજ્ઞાવાન નગીનબાપા પોતાનાં કર્મો દ્વારા જ આપણને અનેક વર્ષ ચાલે એટલું ભાથું આપીને અનંતની યાત્રાએ નીકળી પડ્યા છે... એમની ખોટ આપણને ખોતરશે અને ખોતરવી જોઈએ. વિદ્યાપુરુષોમાં બે પ્રકાર પડે છે; એક એવા જે વિચારો આપે અને બીજા જે વિચારતા શીખવે અથવા એક એવા જે 'દર્શન' આપે અને બીજા એવા જે 'દૃષ્ટિ' આપે. આપણી પાત્રતા પ્રમાણે આપણે પસંદગી કરવાની રહે. મારા મતે નગીનબાપા બીજા પ્રકારના વિદ્યાપુરુષ છે જેમણે આપણી માન્યતાઓને પડકારીને વિચારો અને પરિસ્થિતિનું વિશ્લેષણ રજૂ કરીને આપણને સત્ય આધારિત વિચારતા કર્યા. કોઈપણ વિચારધારા આપણને અંધ ન બનાવી દે અને આપણે આપણા વ્યક્તિગત અને જાહેર જીવનમાં માત્રને માત્ર નિર્ભેળ સત્યને વળગીને આ સમાજના છેવાડાના માણસને કેન્દ્રમાં લાવીને એક સશક્ત લોકશાહી કેવી રીતે બનાવી શકીએ તેની એમણે આજીવન ખેવના કરી છે. એટલે જ એમની કલમ 'સત્યમ' અને 'શિવમ'ની મિશ્ર સ્યાહીથી 'સુંદરમ' બની.

ભૂતકાળમાં ફ્રાંસની મિલિટરીમાં એક શબ્દ પ્રયોજાતો : avant-garde એટલે કે મિલિટરીની એક એવી જબરજસ્ત ટુકડી જે મુખ્ય ફોજથી આગળ ચાલે. ત્યાર બાદ લગભગ ૧૯મી સદીમાં આ શબ્દ-સમૂહ એવા લોકો-વિચારકો-કલાકારો માટે વપરવા લાગ્યો જે સામાન્ય જન કરતાં વૈચારિક રીતે આગળ હોય. આવાં સ્ત્રી-પુરુષો પોતાના વિચારો અને પ્રયોગો દ્વારા સમાજ અને સંસ્કૃતિની અતાર્કિક અને બદીજન્ય માન્યતાઓને પડકારીને નવી કેડી કંડારે. જેમ મિલિટરીમાં avant-gardeને બધાં જ પ્રકારનાં જોખમો મુખ્ય ફોજ પહેલાં વહોરવાનાં હોય છે એમ જ સામાજિક અને વૈચારિક ક્ષેત્રના avant-gardeને પણ ટીકા, દલીલો અને ખોટા અર્થઘટનોનો સામનો કરવો પડતો હોય છે. પણ જો આ બધાં સામે ભાંગી પડે તો એ avant-garde ના કહેવાય. નગીનબાપા આવા avant-garde હતા.

શું આપણે નગીનબાપાને માત્ર 'શબ્દાંજલિ' આપીને બેસી રહીશું કે 'કાર્યાંજલિ' પણ આપીશું? આપણે જ્યાં પણ કામ કરીએ છીએ અને જે પણ કામ કરીએ છીએ એ બધામાં નગીનબાપાએ આપેલી દૃષ્ટિનો ઉપયોગ કરીને નવા-જૂના વિચારોનું દોહન કરીને આપણી પ્રજ્ઞાને સતત પ્રાણવાન રાખવી એ ઓક્સિજન જેટલું જરૂરી છે. એક બાજુ વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ આપવું કે નહીં એ અંગે સૌએ પોતપોતના સ્વાર્થને પોષે એવી દલીલો આપી છે તો બીજી બાજુ 'નવી શિક્ષણ નીતિ'ની જાહેરાતે પ્લેટોના આદર્શ નગરનું સ્વપ્ન દેખાડ્યું છે. પણ અહીંયા સવાલ એ છે કે જો આત્મનિર્ભર, સ્વાવલંબી, શ્રદ્ધાળુ, દયાળુ, સેવાભાવી, સંસ્કૃતિ-પ્રકૃતિને પોષે તેવો બત્રીશ લક્ષણોવાળો સમાજ રચવો હશે તો તેવું બત્રીશ લક્ષણું શિક્ષણ પણ જોશે. આપણે રોટલો કરવો હોય તો બાજરાનો કે જુવારનો લોટ જોશે ઘઉંનો નહીં ચાલે. કોઈપણ પ્રકારની મહામારી કે પ્રાકૃતિક પ્રકોપનો સ્વસ્થતાથી સ્થાયી ઉકેલ શોધવાનું કામ શિક્ષણનું છે ત્યારે આ ક્ષેત્રમાં આવતી તમામ નીતિઓ રાજકીય-ભેળસેળ વગરની હોવી જોઈએ એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

છેલ્લા ૭૦ વર્ષથી વિચાર અને મૂલ્યો સાથે નિસ્બત ધરાવતું 'કોડિયું' એક નવા કલેવર સાથે આપની સામે આવી રહ્યું છે. કુલ બાર પ્રકારની વૈચારિક અને અભિવ્યક્તિની બારીઓ ખોલી આપે એવા લેખો દ્વારા દર માસે 'કોડિયું' નવું અજવાળું પાથરશે. જેમાં વૈશ્વિક ઘટનાઓના પૃથક્કરણથી લઈને સાંપ્રત રાષ્ટ્ર,ડીજીટલ ક્રાંતિ, ગ્રામોત્થાન, કૃષિ, પ્રેરક કામ કરતા યુવાનોના પરિચય, જીવનશૈલીના પ્રયોગો અને અનુભવો, કલા, કેળવણીના નવા આયામો અને હળવું પણ મજાનું હાસ્ય રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરીશું.

— [signature]

## કોરોના, ટેક્નૉલૉજી અને વૈશ્વિક સહકાર

**યુવલ નોઆ હરારી**
kodiyusanosara@gmail.com

હા, કોરોનાનું આ તોફાન જતું રહેશે, માનવજાત બચી જશે, આપણામાંના મોટા ભાગના જીવિત હશે - પરંતુ આપણે એક અલગ દુનિયામાં શ્વાસ લઈશું. કટોકટીના આ સમયમાં, આપણી સામે બે મહત્વપૂર્ણ પસંદગીઓ છેઃ પ્રથમ તો આપણે Total Surveillance (બધું જ જોતા બીગ બોસ !) અને બીજી નાગરિક સશક્તિકરણ. આ બંનેમાંથી એકની પસંદગી કરવાની છે. આ સિવાય આપણે રાષ્ટ્રવાદી અલગતા (Nationalist Isolation) અને વૈશ્વિક એકતામાંથી પણ એકનો સ્વીકાર કરવાનો છે.

સી.સી.ટી.વી. કેમેરા તમારી અંદર પણ જોઈ શકશેઃ

કોરોના મહામારી સામેની લડાઈમાં અનેક સરકારોએ પહેલેથી જ નવા સર્વેલન્સ ટૂલ્સ અમલમાં મૂક્યાં છે. સૌથી નોંધપાત્ર કેસ ચીનનો છે. લોકોના સ્માર્ટ ફોન્સ પર ચાંપતી નજર રાખીને, ચહેરા ઓળખી શકે (Face-Recognizing) તેવા કેમેરાનો ઉપયોગ કરીને અને લોકોને તેમના શરીરનું તાપમાન અને તબીબી સ્થિતિની તપાસ કરવા અને જાણ કરવાની ફરજ પાડી. અત્યારે ચીની સત્તાવાળાઓ કોરોના વાઇરસના શંકાસ્પદ વાહકોને ઝડપથી ઓળખીને તેમની ગતિવિધિઓને પણ ટ્રેક કરી શકે છે. આ સાથે એ લોકો જેમની સાથે સંપર્કમાં આવ્યા હોય તેમની ઓળખ પણ કરી શકે છે. ચેપગ્રસ્ત દર્દીઓ જ્યારે નિકટ આવે ત્યારે તેનાં વિશે નાગરિકોને ચેતવણી આપતી અનેક Mobile Applications ઉપલબ્ધ છે.

આ પ્રકારની ટેક્નૉલૉજી પૂર્વ એશિયા સુધી જ મર્યાદિત નથી. તાજેતરમાં ઇઝરાઇલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઇઝરાઇલ સિક્યુરિટી એજન્સીને સામાન્ય રીતે આતંકવાદીઓ સામે લડત આપવા માટે રાખેલ સર્વેલન્સ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરોના વાઇરસના દર્દીઓ પર નજર રાખવા માટે કરવાનો અધિકાર આપ્યો છે. જ્યારે સંસદીય પેટા સમિતિએ આ પગલાને સત્તાધિકાર આપવાની મનાઈ કરી ત્યારે નેતન્યાહૂએ તેને 'કટોકટીનું હુકમનામું' (Emergency Decree) કહીને આગળ ધપાવ્યું. તમે દલીલ કરી શકો છો કે આ બધું કંઈ નવું નથી. સરકાર અને કોર્પોરેશનો બંને તાજેતરનાં વર્ષોમાં લોકોને ટ્રેક કરવા, તેમનું નિરીક્ષણ કરવા અને તેમનાં નિર્ણયો-વર્તનને દોરવા(Manipulate) માટે અત્યાધુનિક ટેક્નૉલૉજી ઉપયોગ કરી રહ્યા છે. તેમ છતાં જો આપણે સાવચેતી ન રાખીએ તો, રોગચાળો સર્વેલાઇન્સના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હ અંકિત કરી શકે છે. અત્યાર સુધી આપણા પર બહારથી નજર રાખનારા, હવે આપણી અંદર પણ નજર રાખી શકશે. અત્યાર સુધી, તમારા સ્માર્ટ ફોન દ્વારા તમે જે ક્લિક કરતા ત્યારે સરકાર એ જાણવા માંગતી હતી કે તમારી આંગળી(મન) ખરેખર શું ક્લિક કરી રહી છે ! પરંતુ કોરોના વાઇરસને લીધે હવે સરકારને બીજી ઘણી બાબતોમાં રસ છે.

ચાલો, આપણે એક પ્રયોગ કરીએ. થોડીવાર એક કાલ્પનિક સરકારનો વિચાર કરો જે દરેક નાગરિક બાયોમેટ્રિક બ્રેસલેટ પહેરાવવાની માંગ કરે છે જે શરીરના તાપમાન અને હૃદયના ધબકારનું ૨૪ કલાક નિરીક્ષણ કરે છે. આ નિરીક્ષણને પરિણામે જે ડેટા મળે તેનો Algorithms દ્વારા સંગ્રહ અને વિશ્લેષણ કરવામાં આવે છે. તમે બીમાર છો એ તમારી પહેલાં જ એલ્ગોરિધમ્સ જાણી જશે અને તે એ પણ જાણશે કે તમે ક્યાં રહ્યા છો અને કોને મળ્યા હતાં. ખરેખર આવી સિસ્ટમ અમૂક દિવસોમાં જ મહામારીને

અટકાવીને ચેપ-સાંકળ તોડી શકે છે. કેવું અદ્ભુત લાગે છે, નહીં ? અલબત, આમાં નુકસાન એ છે કે એક નવી અને ભયાનક સર્વેલન્સ સિસ્ટમને આ વસ્તુ કાયદેસર બનાવી શકે.

ઉદાહરણ તરીકે, જો તમને ખબર પડી જાય કે મેં CNN લિંકને બદલે FOX ન્યૂઝ લિંક પર ક્લિક કરી છે, તો તે તમને મારા રાજકીય વિચારો અને કદાચ મારા વ્યક્તિત્વ વિશે ઘણી માહિતી આપી શકે. પરંતુ હું જ્યારે ઓનલાઇન કોઈ વીડિયો જોઉં છું ત્યારે મારા શરીરનું તાપમાન, બ્લડ પ્રેશર અને હૃદયના ધબકારાનું શું થાય છે તે તમે જો જાણી શકો, તો તમને પાક્કી ખબર પડી જાય કે મને ક્યારે હસવું આવે છે, ક્યારે રડવું આવે છે અને મને ખરેખર ગુસ્સો ક્યારે આવે છે. અહીંયા એ યાદ રાખવું ઘટે કે ક્રોધ, આનંદ, કંટાળો અને પ્રેમ; તાવ અને ઉધરસની જેમ જૈવિક ઘટનાઓ જ છે. જે ટેક્નૉલૉજી ઉધરસને ઓળખે છે એ હાસ્યને પણ ઓળખી શકે છે. જો કોર્પોરેશનો અને સરકારો આવા બાયોમેટ્રિક ડેટાને લોકો પર લગાડવાનું શરૂ કરે છે, તો તેઓ આપણને આપણે પોતે જાણીએ એનાં કરતા પણ વધારે સારી રીતે એ લોકો જાણી જાય અને પછી તો એ માત્ર આપણી લાગણીઓની આગાહી કરી શકશે એટલું નહીં, પણ આપણી લાગણીઓ સાથે છેડછાડ પણ કરી શકે છે અને એ ઇચ્છે તે – કોઈ વસ્તુ અથવા રાજકીય વિચાર - આપણને વેચી શકે છે. બાયોમેટ્રિક મોનિટરિંગ Cambridge Analyticની ડેટા હેકિંગ પ્રયુક્તિઓને પાષણ યુગ જેટલી જૂની બનાવી દેશે. કલ્પના કરો તો કે ૨૦૩૦માં ઉત્તર કોરિયાના દરેક નાગરિકને દિવસના ૨૪ કલાક બાયોમેટ્રિક બ્રેસલેટ પહેરવી પડે ! ત્યાંના નાગરિક તરીકે જો તમે 'મહાન નેતા કીમ યુંગ'નું ભાષણ સાંભળતા હો ત્યારે તમારા ચહેરા પર ભલે બનાવટી સ્મિત હોય પણ અંદર જો ક્રોધ અથવા અણગમો હશે તો તમારું બ્રેસલેટ મુખ્યાલયે ક્રોધના સંકેત આપશે અને તમારાં રામ રમી જશે!

વૈશ્વિક આયોજન : સાથી હાથ બઢાના...

સૌથી પહેલાં વાઇરસને હરાવવા માટે આપણે વૈશ્વિક સ્તરે માહિતીની આપ-લે કરવાની જરૂર છે. વાઇરસની સામે માણસને એક મોટો ફાયદો છે : ચાઇનામાં રહેલ કોરોના વાઇરસ અને યુ.એસ.માં રહેલ કોરોના વાઇરસને મનુષ્યને કેવી રીતે ચેપ લગાવવો એ બાબતે માર્ગદર્શન આપી શકતા નથી. પરંતુ કોરોના વાઇરસ સાથે કઈ રીતે વ્યવહાર કરવો તે વિશે ચીન યુ.એસ.ને ઘણા મૂલ્યવાન પાઠ ભણાવી શકે છે. પરંતુ આવું કરવા માટે, આપણે વૈશ્વિક સહકાર અને વિશ્વાસની ભાવનાની જરૂર છે.

દુનિયાના તમામ દેશોએ મુક્ત રીતે માહિતી આપ-લે કરીને નમ્રતાથી એકબીજાની સલાહ લેવી જોઈએ. તદુપરાંત, તેઓએ પ્રાપ્ત કરેલા ડેટા અને માર્ગદર્શન પર વિશ્વાસ કરવો જોઈએ. તબીબી સાધનોનાં ઉત્પાદન અને વિતરણ માટે પણ વૈશ્વિક/સામૂહિક પ્રયત્નોની જરૂર છે, ખાસ કરીને ટેસ્ટિંગ કીટ અને શ્વસન મશીનો (Respiratory Machines)ની બાબતમાં. દરેક દેશ આવાં ઉપકરણો સ્થાનિક સ્તરે બનાવવાનો પ્રયાસ કરે અને જે પણ ઉપકરણો મેળવી શકે છે તેનો સંગ્રહ કરવાને બદલે, એક સંકલિત વૈશ્વિક પ્રયત્ન દ્વારા મોટા પ્રમાણમાં ઉત્પાદનને વેગ આપી શકાય અને જીવન-બચાવ ઉપકરણોને વધુ પ્રમાણમાં વિતરિત થાય તેવી યોજના સુનિશ્ચિત કરી શકાય તેમ છે. જેમ યુદ્ધો દરમિયાન કોઈ રાષ્ટ્ર મુખ્ય ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરે છે તેમ કોરોના વાઇરસ સામેના માનવ-યુદ્ધમાં આપણે નિર્ણાયક ઉત્પાદન ક્ષેત્રોનું 'માનવીકરણ' કરી શકીએ. કોરોના વાઇરસના ઓછા કેસવાળા સમૃદ્ધ રાષ્ટ્રોએ જ્યાં આવા દર્દીઓની સંખ્યા વધારે છે એવા ગરીબ રાષ્ટ્રોમાં કિંમતી ઉપકરણો મોકલવા માટે તૈયાર હોવું જોઈએ. એ વિશ્વાસ સાથે કે જો તેમને સહાયની જરૂર પડે, તો અન્ય રાષ્ટ્રો તેમની સહાયતા માટે આવશે.

આપણે તબીબી કર્મચારીઓનું એક સામૂહિક જૂથ બનાવવા માટે વૈશ્વિક પ્રયત્નો પર વિચાર કરી શકીએ. હાલમાં ઓછા અસરગ્રસ્ત દેશો, પોતાના તબીબી

કર્મચારીઓને વિશ્વની સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત પ્રદેશોમાં મોકલી શકે. ખાસ કરીને બે કારણો માટે, એક તો જરૂરિયાતમંદ દેશોને સંકટની ઘડીમાં મદદ કરવા માટે અને બીજું આવા રોગ સામે લડવા માટે મૂલ્યવાન અનુભવ પ્રાપ્ત કરવા માટે. જો પછીથી રોગચાળો દિશા બદલી નાંખે તો એ જે દિશામાં જાય ત્યાં મદદ મોકલવાનું શરૂ કરી શકાય.

બીજી આવશ્યકતા મુસાફરી અંગેના વૈશ્વિક કરાર પર આવીને ઊભી છે. મહિનાઓ માટે તમામ આંતરરાષ્ટ્રીય મુસાફરીને સ્થગિત કરવાથી જબરદસ્ત મુશ્કેલીઓ સર્જાશે અને કોરોના વાઇરસ સામેના યુદ્ધમાં અવરોધ આવશે. રાષ્ટ્રોએ જરૂરી મુસાફરોની એટલે કે વૈજ્ઞાનિકો, ડોકટરો, પત્રકારો, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ - સરહદ પાર કરીને અવરજવર કરવા દેવા માટે સહકાર આપવાની જરૂર છે. આ માટે મુસાફરોને તેમના દેશમાં જ પ્રિ-સ્ક્રીનિંગ કરીને જ અન્ય દેશમાં આવવા દેવા પરની વૈશ્વિક નીતિ તૈયાર કરી શકાય. જો તમને ખબર હોય કે વિમાનમાં ફક્ત કાળજીપૂર્વક સ્ક્રીન થયેલા મુસાફરોને જ મંજૂરી આપવામાં આવી છે, તો તમે એમને તમારા દેશમાં સ્વીકારવા માટે વધુ તૈયાર થશો.

દુર્ભાગ્યવશ, હાલમાં રાષ્ટ્રો ભાગ્યે જ આમાંથી એક પણ કામ કરે છે. જાણે કે આંતરરાષ્ટ્રીય સમુદાયને સામૂહિક લકવાએ જકડી લીધો છે. જાણે કે કુટુંબમાં કોઈ સમજુ વડીલ છે જ નહીં. આપણને એવી અપેક્ષા હતી કે કોરોના વાઈરસના શરૂઆતના દિવસોમાં જ વૈશ્વિક સ્તરે નેતાઓની બેઠકમાં કટોકટીનો સામનો કરવા માટે એક સામૂહિક યોજના બને. હજુ હમણાં જ G-7રાષ્ટ્રો (કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટલી, જાપાન, યુ.કે. અને યુ.એસ.એ.)ના નેતાઓ એક વીડિઓ કોન્ફરન્સનું આયોજન કરવામાં સફળ થયા, પણ તેનું પરિણામ આવી કોઈ ઠોસ યોજનામાં આવ્યું નહીં.

અગાઉની વૈશ્વિક કટોકટીઓમાં - જેમ કે ૨૦૦૮ વૈશ્વિકમંદી અને ૨૦૧૪ ઈબોલા રોગચાળો – અમેરિકાએ વૈશ્વિક નેતાની ભૂમિકા બજાવી હતી. પરંતુ હાલના અમેરિકાના વહીવટી તંત્રે આવા નેતૃત્વની નોકરી છોડી દીધી છે. તેણે ખૂબ સ્પષ્ટ કહ્યું છે કે એ લોકો માટે અમેરિકાની મહાનતા, માનવજાતના ભાવિ કરતાં વધારે મોટો ચિંતાનો વિષય છે !

આ વહીવટતંત્રે કોવિડ-૧૯ની નવી રસીના એકાધિકારના હક્ક ખરીદવા માટે એક જર્મન ફાર્માસ્યુટિકલ કંપનીને □૧૦૦ કરોડની ઓફર કરીને જર્મનીને બદનામ કર્યું છે. જો વર્તમાન વહીવટ પોતાનું મન બદલી નાંખે અને વૈશ્વિક યોજના સાથે તાલ મિલાવે, તો પણ ઘણા લોકો એવા નેતાની જ વાત માનવાના કે જે ક્યારેય જવાબદારી લેતો નથી, જે ક્યારેય ભૂલો સ્વીકારતો નથી, અને જે કાયમ પોતે જ બધો યશ લે છે અને દોષનો ટોપલો બીજા પર જ ઢોળે છે ! જો અમેરિકાની ખાલી જગ્યા અન્ય રાષ્ટ્રો દ્વારા પૂરવામાં નહીં આવે, તો વર્તમાન રોગચાળાને રોકાવાનું ખૂબ જ કપરું તો બનશે. પરંતુ તેનો વારસો આવતાં અનેક વર્ષો સુધી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ઝેર ઘોળતો રહેશે. આમ છતાં દરેક કટોકટી એ એક તક પણ હોય છે. આપણે આશા રાખવી જોઈએ કે વર્તમાન રોગચાળો માનવજાતને વૈશ્વિક અસહકાર દ્વારા ઉદ્ભવતા તીવ્ર ભયને સમજવામાં મદદ કરશે.

હવે માનવજાતે પસંદગી કરવાની જરૂર છે. શું આપણે ભેદભાવના માર્ગ પર યાત્રા કરવી છે કે પછી વૈશ્વિક એકતાનો માર્ગ અપનાવવો છે ? જો આપણે અસંગતતા(disunity) પસંદ કરીશું, તો આ કટોકટી લંબાશે. એટલું જ નહીં, પરંતુ ભવિષ્યમાં એ વધુ ખરાબ આપત્તિમાં પરિણમશે. જો આપણે વૈશ્વિક એકતા પસંદ કરીશું તો માત્ર કોરોના વાઇરસ સામે જ નહીં, પણ ભવિષ્યના તમામ રોગચાળાઓ અને કટોકટીઓ સામે આપણું વિશ્વ ૨૧મી સદીમાં માનવજાત આગળ ધપી શકે તેવું વિજયી નીવડશે.

(મૂળ લેખઃ Yuval Noah Harari : The world after corona virus. March 20, 2020, Financial Times માંથી કેટલાક અંશો)

## ૦૨. સાંપ્રત રાષ્ટ્ર...

**આપણામાં ધબકતું ભારત Live!**

**જય જયેન્દ્ર**
jurno.jay@gmail.com

---

’કોડિયું’ સામાયિકના આ ઑગસ્ટ સંસ્કરણને જ્યારે તમે તમારા હાથમાં લઈને કોઈ પણ સ્વરૂપે વાંચી રહ્યા હશો ત્યારે દેશ આઝાદીનાં ૭૩ વર્ષ પૂર્ણ કરવામાં પખવાડિયું છેટો હશે. સમગ્ર વિશ્વ સહિત ભારત કોરોના વાઇરસની મહામારી સામે ઝઝૂમી રહ્યો છે. હું આ લેખ લખી રહ્યો છું ત્યારે દેશમાં ૧૨ લાખ કરતાં વધુ ભાઈ-બહેનો કોરોના મહામારીના કારણે સંક્રમિત થઈ ગયાં છે. ’કોડિયુ’નાં જે વાંચકો મોબાઇલના સ્માર્ટફોન ઉપકરણોના વપરાશકર્તા હશે તેમને કદાચ આ બધી વાતો ખબર હશે. તેમ છતાં દેશની સૌથી મોટી સાંપ્રત ચર્ચા તરીકે કોરોનાની અવગણના કરી શકાય તેમ નથી. જાણ્યે-અજાણ્યે, ગમે કે ન ગમે પણ કોરોના આપણો પડાછાયો બની ગયો છે. દેશના વડાપ્રધાનથી લઈને અનેક જાણકારો અને વૈજ્ઞાનિકો કહી રહ્યા છે કે આપણે આ વાઇરસ સાથે જીવતા શીખી જવું પડશે. અલબત, આપણે વાઇરસ સાથે જીવવા ટેવાયેલા જ છીએ, એમ કહું તો પણ નવાઈ નથી. શરદી, ઉધરસ, ખાસી, જેવાં અનેક દરદ વાઇરસજન્ય છે. બસ આપણે નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ સાથે જીવતા શીખવાનું છે. તો દેશની કેટલીક સાંપ્રત ચર્ચાઓ જે થઈ રહી છે અને કેટલી ચર્ચાઓ જે થવી જોઈએ તેની ચર્ચા કરીએ?

વાઇરસ અને તેના ભુક્કા બોલાવે એવી રસી (વેક્સિન):

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલી મહામારી કોવિડ-૧૯ આજે સુપર માર્કેટથી લઈને શેરીઓ સુધી અને સેન્ટોરીનીથી લઈને સણોસરા સુધી પહોંચી ગઈ છે. આપણે સૌ તેનાથી સારી રીતે વાકફે છીએ. આ દિશામાં આના પહેલાની તમામ બીમારીઓને હંફાનારા દેવદૂત એવા તબીબો અને વૈજ્ઞાનિકો એર કન્ડિશન્ડ કમરાઓમાં પરસેવા પાડી રહ્યા છે. આખી દુનિયાની આશા વેક્સિન એટલે કે રસી તરફ છે. એક એવી રામબાણ રસી કે જે આપણને આ દરદમાંથી છોડાવે એની તરફ મીટ મંડાયેલી છે. તો આ રસીની સાંપ્રત ચર્ચાઓમાં દેશી બનાવટની રસી જે ’સંજીવની’ બનીને કોરોનાના વાયરસને મારી નાંખે તેવી આશા સાથે વૈજ્ઞાનિકો કામ કરી રહ્યા છે. રસીના માનવ પર પ્રયોગો એટલે કે હ્યુમન ટ્રાયલના તબક્કાઓ એક પછી એક આગળ વધી રહ્યા છે. રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સમાચાર અને સામયિકોની કવર સ્ટોરીઓમાં આ રસીએ સ્થાન મેળવી લીધું છે. આશા છે કે આ વર્ષના અંત પહેલાં વિશ્વને કોરોના વાયરસ કોવિડ-૧૯ને મ્હાત કરવાની રસી મળશે. દરમિયાન જ્યારે આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે ’જગત જમાદાર’ અમેરિકા કોરોનાની રસીના ૧૦ કરોડ ડોઝ ખરીદી ચૂકવાનો દાવો કરી ચૂક્યું છે. તો આ તમામ સારા સમાચારો છે. જે આપણે જાણતા હોઈશું અથવા જાણવા જરૂરી છે. આ ચર્ચા સમગ્ર દેશમાં થઈ રહી છે. અથવા તો ચર્ચાની એરણે છે.

ઓનલાઇન શિક્ષણ, વિદ્યાર્થીની શાળાબંધી:

મારા મતે દેશના સાંપ્રત મુદ્દાઓમાં બીજો વિષય ઓનલાઇન શિક્ષણ અને વિદ્યાર્થીઓની શાળાબંધીનો છે. કદાચ લોકભારતીથી લઈને ઑક્સફોર્ડ યૂનિવર્સિટીની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે

જઈ શકે તેવી સ્થિતિ નથી. સરકારે શાળાઓ ખોલવાની ઉતાવળ નથી તેવું જણાવી દીધું છે. ત્યારે જાતજાતના લાઇવ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીને ઓનલાઇન શિક્ષણ આપવાનું કાર્ય શરૂ છે. આ તબક્કે ઓનલાઇન શિક્ષણ ક્યાં, કેટલું અને કેવી રીતે તેના પણ મતાંતર પણ છે. શાળાની ફીના કારણે અને શિક્ષકોના વેતન માટે આ બંને મુદ્દે કેટલાક મોરચાઓ સામ સામે છે. રાજનીતિના આટાપાટા અને શાળા સંચાલકોની વેદના-સંવેદના અને મજબૂરીમાં વિદ્યાર્થી ક્યાંક અટવાયેલો કે મૂંઝાયેલો જોવા મળી રહ્યો છે. તો તમામ શિક્ષકો પણ આ મુદ્દે કંઈક કહેવા માંગે છે જે કોઈક વર્ગ સાંભળવા માંગતો નથી. ઓનલાઇન શિક્ષણ આજની હકીકત છે, આવતીકાલનું સત્ય પણ હોઈ શકે છે. આ દિશામાં અનેક સંવાદો શરૂ થયા છે, થતાં રહેશે, થવા જોઈએ. જો કે, શિક્ષણ એટલે સંવાદનું માધ્યમ, મારા મતે આ વિષયની સાંપ્રત ચર્ચાઓમાં વિવાદ ન હોવો જોઈએ.

આંતરાષ્ટ્રીય સંબંધો, સીમા વિવાદઃ

ભલે મેં શિક્ષણનો મુદ્દો ઉપર આવરી લીધો હોય પરંતુ આંતરાષ્ટ્રીય સીમા વિવાદ આ દેશમાં ચર્ચાયેલો હજુ સુધી ચર્ચાઈ રહેલો એક એવો મુદ્દો છે જે ચર્ચાઓમાં અગ્ર સ્થાને રહ્યો છે. પાડોશી ચીનની મેલી મુરાદો અને ભારત દેશના અટલ ઇરાદાઓ સામે દેશના સૌથી મોટા સંઘ પ્રદેશમાં લદ્દાખની ગલવાન ખાડીમાં જે કઈ થયું તેની નોંધ એશિયા કે યૂરોપ નહીં સમગ્ર વિશ્વએ લીધી છે. કોરોનાગ્રસ્ત ચીને દુનિયાને ઊંધા રસ્તે ચડાવવા કે ચર્ચાના સાંપ્રત વિષયોની ગાડીને આડા પાટે ચડાવવા માટે ભારત સામે નજર ઊંચી કરી હતી. આ ઘટનાના કારણે દેશમાં વિરોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો અને ચીનના માલ-સામાન અને વસ્તુઓના બહિષ્કારની ચળવળ પણ જાગી. આપણે સૌ ક્યાંકને ક્યાંક આ ચીની માલસામાનથી જોડાયેલા છીએ. હું સરહદ વિવાદ અને વિદેશનીતિનો નિષ્ણાત નથી એટલે મારા વિચારો વ્યક્ત નહી કરું પણ દેશ-વિદેશના અખબારોએ જે બાબતો પર નોંધ લીધી તેનો સાર ઉક્ત વાતોમાં રજૂ કર્યો છે. અંતે ચીને પીછે હઠ કરી છે અને આપણે આ મોરચે વિજય થવામાં સફળ રહ્યા છીએ.

સત્તાના આટાપાટા :

દેશમાં લૉકડાઉન અને કોરોનાના કારણે તમામ ચીજ-વસ્તુ, વેપાર-ધંધા અને શાળા-કૉલેજો, કારખાનાઓ બંધ રહ્યાં છે. જો કે, એક બાબત જે નિરંતર ચાલ્યા કરી તે રાજનીતિ છે. સત્તાના આટાપાટા મહામારીમાં સખણા રહ્યા નથી અને એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. લૉકડાઉનમાં મધ્યપ્રદેશની સરકાર પલટી, રાજસ્થાનમાં પલટશે કે પલટતા પલટતા રહી ગઈ અને આપણે મધ્યમાં છીએ. રાજ્યમાં બંને રાજકીય પક્ષોના પ્રમુખ અને કાર્યકારી પ્રમુખો નિમાયા. વેબ-રેલીઓ થઈ, ઓનલાઇન સભાઓ ચાલી. દેશના નાગરિક તરીકે આપણે કોરોના સાથે જીવતા શીખીએ, શીખ્યા હોઈએ કે શીખીશું કે નહીં શીખીએ પરંતુ તમામ સ્થિતિનિ અનુકૂળ કેવી રીતે થવું તે રાજનેતાઓને આવડે છે. તેઓ કોરોના સાથે જીવતા શીખી ગયા છે અને સત્તાના આટાપાટમાં કંઈ કેટલીય ઉથલપાથલ થઈ રહી છે. માધ્યમોની મર્યાદાઓમાં કે ઇન્ટરનેટના વ્યાપમાં આપણે આ સૌ બાબતો જાણી છે અથવા જાણવી જોઈએ.

અયોધ્યામાં મંદિરના નિર્માણનો પ્રારંભ :

જુલાઈના અંત સુધીમાં આ ચર્ચાને સૌથી અંતમાં રાખવાનું કારણ એ છે કે તાજેતરમાં જ અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટેના શુભારંભની તારીખ નક્કી કરી છે. સોશિયલ મીડિયામાં ધર્મ અને આસ્થાના કુંભનો સમાગમ જોવા મળે છે. હિંદુ ધર્મની આસ્થાના પ્રતીક સમાન ભગવાન રામના જન્મસ્થાન અયોધ્યામાં મંદિરના નિર્માણ કાર્યની શરૂઆત થવાની છે. આ સમાચાર અને તેની સાથે ઇતિહાસની કેટલીક બાબતો સોશિયલ મીડિયામાં વાગોળવામાં આવી રહી છે. કદાચ યુ.પી.ની ચૂંટણી સુધીમાં

**(અનુસંધાન પાના નં. ૧૩ ઉપર)**

## ૦૩. વિજ્ઞાન અને ટેકનોલોજી

### ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ

**પાર્થ પટ્ટણી**
parthjpsoni@gmail.com

---

એકવીસમી સદીમાં ટેક્નૉલૉજીની દુનિયામાં ખૂબ જ ઝડપથી ફેરફાર થતાં જાય છે અને તેનું નવીનીકરણ થતું જાય છે જેનાથી આપણે સૌ વાકેફ છીએ. દિવસેને દિવસે સ્માર્ટ ફોન ટેક્નૉલૉજી, 5G નેટવર્ક, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, કમ્પ્યુટર ટેક્નૉલૉજી વગેરેમાં ધરખમ ફેરફારો આવી રહ્યા છે. કમ્પ્યુટરમાં પણ સુપર કમ્પ્યુટર હવે જૂનું લાગવા લાગ્યું છે જ્યારથી ક્વૉન્ટમ કમ્પ્યુટર્સ પરનાં સંશોધનો શરૂ થયાં છે. જી હાં, ક્વૉન્ટમ કમ્પ્યુટર ! આનું નામ તો તમે જરૂર સાંભળ્યું જ હશે કે જે ક્વૉન્ટમ ફિઝિક્સ (ભૌતિક વિજ્ઞાન)ના સિદ્ધાંત પર કાર્ય કરે છે. ક્વૉન્ટમ શબ્દનો અર્થ અતિ સૂક્ષ્મ પરિમાણમાં એટલે કે 'અણુ અને પરમાણુના કદમાં' એવો થાય છે. તો ચાલો, જાણીએ થોડું આના વિશે વિસ્તારથી.

ક્વૉન્ટમ કમ્પ્યુટરને હાલના કમ્પ્યુટર્સ સાથે સરખાવી ના શકાય એવી જ રીતે જેમ મીણબત્તી ને બલ્બ સાથેની સરખામણી વ્યર્થ છે. કેમ કે બંને પ્રકાશના સ્રોત હોવા છતાં તેમની વચ્ચે હાથી ઘોડાનો ફરક પડે. સાધારણ કમ્પ્યુટર ૦ અને ૧ એમ બાયનરી સિસ્ટમમાં કાર્ય કરે છે. ઉદાહરણ તરીકે 'છ' મૂળાક્ષરને કમ્પ્યુટર ૦૧૦૦૦૦૦૧ સ્વરુપમાં જુએ છે. આપણે કોઈ વસ્તુ ગુગલમાં સર્ચ કરીએ, કોઈ એપ વાપરીએ, વેબસાઇટની વિઝીટ કરીએ અથવા ફોટો પાડીએ, બધામાં માહિતી ૦ અને ૧નાં સ્વરૂપમાં સંગ્રહ કે ઉપયોગ થાય છે. તેનાથી તદ્દન અલગ ક્વૉન્ટમ કમ્પ્યુટર્સ ક્યુબિક (ક્વૉન્ટમ બીટ) સિસ્ટમમાં કામ કરે છે જેમાં ૦ અને ૧નો અલગ-અલગ તેમ જ બંનેનો એક સાથે પણ ઉપયોગ થાય છે. તેનો સીધો સંબંધ ભૌતિકીશાસ્ત્રમાં અણુના ભ્રમણની દિશા સાથે છે. અણુનું ભ્રમણ ઉપરની દિશામાં જેને ૦ તરીકે અને નીચેની દિશામાં જેને ૧ તરીકે દર્શાવી શકાય. હાલમાં ગુગલ,IBM, માઇક્રોસોફ્ટ, એપલ, રેગેટી, ડી-વેવ વગેરે જેવી કંપનીઓ ક્વૉન્ટમ કમ્પ્યુટરની દિશામાં કામ કરી રહી છે. દુનિયામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સરખામણીએ ક્વૉન્ટમ કમ્પ્યુટર્સમાં સંશોધન પાછળનું રોકાણ ૨૦૧૮માં અનેક ગણું વધારે આશરે ૮,૮૦૦ કરોડ રૂપિયા થયું છે. છતાં આ ક્ષેત્રમાં વૈશ્વિક ૧૦૦૦થી પણ ઓછા લોકો કામ કરી રહ્યા છે, આના પરથી આપણે તેની જટિલતા અને ભવિષ્યમાં તેનાં મહત્ત્વ વિશે સમજી શકીએ.

ભૌતિકશાસ્ત્ર પ્રમાણે કોઈ પદાર્થના અણુમાં કેન્દ્ર ફરતે ઇલેક્ટ્રોન ભ્રમણ કરતો હોય છે, તે ઇલેક્ટ્રોનનું સ્થાન એક જ સમયે એક સાથે બે જગ્યાઓ પર પણ હોઈ શકે (સુપર પોઝિશન). આથી ઇલેક્ટ્રોનની ચોક્કસ જગ્યા નક્કી કરવી સહેલી નથી, એવું જ કંઈક ક્વૉન્ટમ કમ્પ્યુટર્સનું છે. તેને એક ગાણિતિક ઉદાહરણ દ્વારા સમજીએ તો જ્યારે કોઈ એક સિક્કો ઉછાળવામાં આવે તો સિક્કો નીચે આવતાં કાટ(હેડ) પડશે કે છાપ(ટેઇલ) તેની સંભાવના ૫૦? છે. તેને આપણે સુપર કમ્પ્યુટર સાથે સરખાવીએ તો આ જ વસ્તુ ક્વૉન્ટમ કમ્પ્યુટરમાં કાટ, છાપ કે બંને એક સાથે પણ આવી શકે એવી એક સંભાવના વધી જાય છે. બીજા શબ્દોમાં સમજીએ તો સિક્કો જ્યારે ઊછળીને નીચે પડે ત્યારે કાટ કે છાપ આવે પરંતુ જ્યારે તે હવામાં હોય ત્યારે બંને સ્વરૂપની શક્યતા હોઈ, જેનું અનુમાન ચોક્કસ રીતે કરી શકાતું નથી. આથી હવે ક્વૉન્ટમ કમ્પ્યુટર્સમાં એક જ ગણતરી કરવાની

રીતોની શક્યતા વધી જાય છે, જેથી આ ગણતરીઓના સમયમાં ઘટાડો અને જવાબની શક્યતામાં વધારો થાય છે.

ક્વૉન્ટમ કમ્પ્યુટરની વિશેષતા વિશે વાત કરીએ તો તેની કામ(ગણતરીઓ) કરવાની ઝડપ મુખ્ય છે. વર્ષ ૨૦૧૯માં ગુગલની ટીમે જાહેર કરેલું કે સામાન્ય કમ્પ્યુટરને જેટલી ગણતરીઓ હાથ ધરતાં ૧૦,૦૦૦ વર્ષ થાય છે એ જ કામ ક્વૉન્ટમ કમ્પ્યુટરે માત્ર ૨૦૦ સેકન્ડના આશ્ચર્યજનક ટૂંકા સમયમાં જ પૂર્ણ કરી આપ્યું. જો કે બાદમાં આઇબીએમ કંપનીનો દાવો એવો હતો કે ચોક્કસ ગણતરીઓ માટે ગુગલ જે સમયગાળો ૧૦,૦૦૦ વર્ષનો સંભવિત બતાવે છે એ ખરેખર ૨.૫ દિવસો જ છે. જો આ વાત સાચી હોઈને તો પણ ટેક્નૉલૉજીની દૃષ્ટિએ ઝડપમાં આટલો ફેરફાર બહુ મોટી સફળતા ગણાય.

સુપર કમ્પ્યુટર્સ વિશાળ આકારના લગભગ એક ગોડાઉનમાં સમાઈ શકે તેટલા હોઈ છે જ્યારે ક્વૉન્ટમ કમ્પ્યુટર્સ આકારમાં એક મોટા ઓરડાથી લઈને વિશાળ ફૂટબૉલ મેદાનના આકારના તો ખરા જ. ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ એ પર્સનલ કમ્પ્યુટિંગથી બિલકુલ અલગ છે, આમ છતાં તેની સકારાત્મક અસર જરૂર ભવિષ્યમાં પર્સનલ કમ્પ્યુટિંગમાં પડવાની છે. આ પ્રકારના કમ્પ્યુટર્સને ચોક્કસ પ્રકારનું વાતાવરણ જોઈએ તો જ તે વ્યવસ્થિત કાર્ય કરી શકે. ગરમી તથા આસપાસના વિદ્યુતચુંબકીય તરંગોથી તેના કાર્યમાં વિચલન આવી શકે, આથી તેને ઠંડા તાપમાને રાખવામાં આવે છે. તેમાં ખૂબ નાની એવી અતિવાહક પદાર્થની બનેલી ચીપનો સમૂહ આવેલો હોય છે, જેમાં સૂક્ષ્મ વાયર્સ અને કોઇલ જૂથોમાં હોય છે જેને નરી આંખે જોઈ શકાતા નથી. ચીપ તેમાં રહેલાં વાયર્સ અને કોઇલની મદદથી માહિતીની આપ-લે ખૂબ જ ઝડપથી કરી શકે છે. ઉપરાંત આ પ્રકારથી માહિતીની સલામતીમાં પણ વધારો થાય છે. અહીં નોંધવા જેવી વાત એ છે કે ક્વૉન્ટમ કમ્પ્યુટર્સ એ પર્સનલ કમ્પ્યુટર્સનો વિકલ્પ નથી, પરંતુ તે પોતાનામાં જ એક નવીનતમ ટેક્નૉલૉજી છે. ઉપરાંત આ ચીપને શૂન્યાવકાશમાં રાખવામાં આવે છે જેથી બાહ્ય વાતાવરણની અને વિદ્યુતચુંબકીય તરંગોનું તેમાં રહેલા અણુઓ પર અસર ના થાય. આ રીતે અણુઓના ક્વૉન્ટમ સ્ટેટને નિયંત્રિત કરી શકાય છે. આ કમ્પ્યુટરનો મુખ્ય ભાગ એક સ્તંભ આકારનો હોઈ છે જેમાં ઘણા જુદાં જુદાં સ્તરો હોઈ છે. આ સ્તરોમાં જેમ જેમ નીચે આવતાં જઈએ તેમ તાપમાનમાં ઘટાડો થાય છે જે તેની કુલિંગ પ્રણાલીને આભારી છે જેના અંતમાં નીચેના છેડે ક્વૉન્ટમ ચીપ ગોઠવેલી હોઈ છે.

ક્વૉન્ટમ કમ્પ્યુટરના બંધારણને વિસ્તારમાં સમજવા માટે તેને સાત ભાગોમાં વહેંચી દઈએ જે તમે આપેલા ફોટોમાં જોઈ શકો છો :

૧. ક્યૂબિટ સિગ્નલ એમ્પ્લીફાયરઃ આ એમ્પ્લીફાયર સ્તરને ૪ કેલ્વિન એટલે કે -૨૭૦ ડિગ્રી સેલ્સિયસ પર ઠંડુ રાખવામાં આવે છે.

૨. ઈનપુટ માઈક્રોવેવ લાઈન્સઃ સિસ્ટમને થર્મલ નોઇસ એટલે કે તાપમાનમાં થતાં ફેરફારથી બચાવે છે.

૩. સુપર કન્ડક્ટિંગ લાઈન્સઃ ઊર્જાનો વ્યય નહીંવત્ રાખી સિગ્નલને પેલા એમ્પ્લીફાયરથી બીજા એમ્પ્લીફાયર સુધી મોકલે છે.

૪. ક્રાયોજેનિક આઈસોલેટર : તે ક્યૂબિટ સિગ્નલને હેમખેમ કોઈપણ ફેરફાર વગર આગળ વધારે છે.

૫. ક્વૉન્ટમ એમ્પ્લીફાયર્સઃ તે ચુંબકીય કવચની અંદર હોય છે જે મળેલા સિગ્નલમાંથી કોઈ પણ પ્રકારનો નોઇસને ઘટાડે છે.

૬. ક્રાયોપર્મ શિલ્ડઃ મુખ્ય ક્વૉન્ટમ ચીપ આ જ કવચમાં આવેલી હોય છે અને કવચ તેને વિદ્યુતચુંબકીય તરંગથી રક્ષણ આપે છે.

૭. મિક્સિંગ ચેમ્બરઃ તે ફ્રીઝરનું કામ કરીને નીચેના

સ્તરને ઠંડું રાખવામાં મદદ કરે છે.

હવે આ નવીનતમ તકનિકના ઉપયોગથી શું ફાયદાઓ થશે તેની થોડી વાત કરીએ તો ગાણિતિક ઝડપમાં વધારા સિવાય માહિતીની આપ-લેની ઝડપમાં પણ ખૂબ જ વધારો થશે. તેમ જ માહિતીની ચોરી અને દુરોપયોગ બંધ થશે. મેડિકલ ક્ષેત્રમાં નવી દવાઓના સંશોધનમાં અને પરીક્ષણ વધુ ચોકસાઈથી કરી શકાશે. ક્વૉન્ટમ અલ્ગોરિધમની ગણતરીઓ ઉપરાંતની બીજી ગાણિતિક પ્રક્રિયાઓ શક્ય બનશે જે પહેલાં શક્ય નહોતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિકાસમાં, શેર બજારમાં મૂડી રોકાણ તથા તેના નિયમને વધુ કુશળ બનાવવા, મશીન લર્નિંગ, બેન્કિંગ પ્રણાલીમાં ડેટાને સુરક્ષિત રાખવા વગેરે જેવાં અનેક ક્ષેત્રોમાં આ ટેક્નૉલૉજી મદદ કરી શકે તેમ છે. ઉપરાંત બેટરીની ગુણવત્તામાં વધારો કરી શકાશે જેથી તેની કાર્યક્ષમતા વધે અને તેનો ઉપયોગ ઇલેક્ટ્રિક વાહનો અને બીજી મશીનરીમાં કરી શકાય જે આવનાર સમયમાં ઊર્જાનો મુખ્ય સ્રોત બનશે. જો કે આ હજુ પણ ભવિષ્યની જ તકનિક છે, ભલે આ દિશામાં કામ અત્યારે શરૂ કરી દીધું હોય પણ તેનાં ફળ તો આપણને ભવિષ્યમાં જ ચાખવાં મળશે.

કોઈપણ સિક્કાની બે બાજુઓ હોય છે તેવી જ રીતે આ ટેક્નૉલૉજીમાં પણ કમ્પ્યુટરની જાળવણી, ઉપયુક્ત વાતાવરણનું નિયંત્રણ, સંશોધન, બનાવટ વગેરે પાછળ મૂડીના આટલા જંગી રોકાણ પછી પણ પરિણામની આશા જ કરવાની રહી.

★

**(અનુસંધાન પાના નં. ૧૦ ઉપરથી)**

મંદિરનું નિર્માણ થઈ પણ જશે તેવી વકી છે.

કઈ ચર્ચા થવી જોઈએ ?

હું નિષ્ણાત તો નથી કે કોઈ સત્તા સ્થાનનો હોદ્દેદાર પણ નથી છતાં મારા અનુભવે, એક વાચક તરીકે, એક ભાવક તરીકે એક નાગરિક તરીકે જે ચર્ચાઓ થવી જોઈએ તેમાં સૌથી ઉપલી આગલી? હરોળમાં આપણે આપણી સરકારી સ્વાસ્થ્ય સેવાઓની કથળેલી સ્થિતિની ચિંતા કરવી જોઈએ. માનવજાત, રાષ્ટ્ર, દેશ, અને પ્રાંતના વિકાસવાદમાં ગૌરવ લેતા આપણે આપણી સરકારી સેવાઓ વિશે કેમ ગૌરવ લઈ નથી શકતા ? આપણે આપણી સ્વાસ્થ્ય સેવાને સુદૃઢ બનાવવા અંગે શું થઈ શકે તેની ચિંતા કરવાની જરૂર છે. કોરોના વાઇરસની મહામારીએ ભારતની એક સામાન્ય સાયબર પ્રજાને પહેલી વાર ગરીબી જોવાનો અવસર આપ્યો છે. રસ્તે જતાં દુખિયારાં આપણાં ભાઈ-બહેનો અને આ દેશનો એક બહુ જ મોટો વંચિત વર્ગ કેવી સ્થિતિમાં જીવે છે, તે ઇન્ટરનેટના વેબિનારોમાં વ્યસ્ત આપણી જનરેશન-વાયને પહેલી વાર જોવા મળ્યું છે. ચોક્કસપણે તેમના દુઃખમાં આખો સમુદાય સહભાગી બન્યો જ છે. આપણે સૌએ ક્યાંકને ક્યાંક કોઈને કોઈ સ્વરૂપે સેવા કરી હશે, અંદર એ ભાવ પણ જાગ્યો હશે કે આપણે કેટલા સુખી છીએ, આપણી સ્થિતિ કેટલી સારી છે, આપણે કેટલાય અભાવો કે સંઘર્ષોથી છેટા છીએ. આ અનુભવ આપણે કર્યો છે. તો આ ગરીબી અને આ વર્ગની વ્યથા જોઈને આપણે એ પણ નિર્ધાર કરવો રહ્યો કે સૌને સમાન અને સારું શિક્ષણ મળે એ આપણી ચિંતાનો વિષય કેમ ન હોય ? આપણે તમામ બાબતોમાં હેશટેગનાં આંદોલનો પૂરતાં જ મર્યાદિત રહીશું ? લોકભારતી સણોસરા ગામમાં છે તો એ કોની દેન છે ? આવા પ્રયાસો ગામે ગામ કરવા ઘટે. આપણે આપણા આગેવાનોએ તમામ અન્ય મુદ્દાઓને, એજન્ડાઓને, પૂર્વાગ્રહોને કોરાણે મૂકીને શિક્ષણ-સ્વાસ્થ્ય અને રોજગારને જ આપણી સબળ સમાજ વ્યવસ્થાની આધારશિલા બનાવવી પડશે.

મારી કહેલી વાતો એ સર્વ સત્ય નહીં હોય પરંતુ આ મહામારીના સમયમાં આ મુદ્દાઓની ચિંતા કરીને જે આમાંથી નવા રસ્તા કાઢી શકશે આગામી ભવિષ્ય એના માટે સોનેરી હશે, હશે અને હશે જ.

## ૦૪. કેળવણીના નવા આયામો...

### અમદાવાદની મધ્યે વિસ્તરતું કેળવણીનું ફળદ્રુપ ધરૂવાડિયું

**દિનેશ મજીઠીયા**

majithiyadinesh@yahoo.co.in

---

એવું કહેવાય છે કે, 'સાક્ષરાઃ વિપરિતાઃ રાક્ષસાઃ ભવન્તિ.

કેટલાક સામાન્ય પ્રશ્નો :

- વૃદ્ધાશ્રમની સંભાવના બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- સંયુક્ત કુટુંબની સંભાવના બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- છૂટાછેડાની સંભાવના બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- આત્મહત્યા/ડીપ્રેસનની સંભાવના બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- પ્લાસ્ટિકનો ઉપયોગ બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- Reduce, Reuse અને Recycle કોણ વધુ કરે- બહુ ભણેલા કે ઓછું ભણેલા ?
- ગામડાં ભાંગવાની સંભાવના બહુ ભણેલામાં વધારે કે ઓછું ભણેલા લોકોમાં ?
- કૃષિ અને કુદરત પર પ્રેમ કોને વધારે - બહુ ભણેલાને કે ઓછું ભણેલાને ?
- શ્રમ માટે શરમ કોને વધારે - બહુ ભણેલાને કે ઓછું ભણેલાને ?
- વિશ્વમાં અત્યાર સુધી બોમ્બ બ્લાસ્ટ થયા તે કોણે બનાવ્યા - બહુ ભણેલા લોકોએ કે ઓછું ભણેલા લોકોએ ?

આ બધા પ્રશ્નોની મથામણથી શિક્ષણ માટે કોઈ વિકલ્પ ઊભો કરવાનો વિચાર આવ્યો. તેથી મનુષ્યની પૂર્ણતયા ખિલવણી માટે તેમ જ સાંસ્કૃતિક જીર્ણોદ્ધાર અર્થે વિદ્યાર્થીઓને સજ્જ કરવા માટે ભારતીય શિક્ષણ પદ્ધતિનું પુનઃસ્થાપન- આવા એક વિઝન સાથે ૭ વર્ષ પહેલાં ૨ વિદ્યાર્થીઓ સાથે 'Divine ધરુવાડિયું' શરુ કર્યું. આજે ૯૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણને ધર્માનુકૂલ અને યુગાનુકૂલ (Googleથી ગીતા સુધી) રાખવાનો પ્રામાણિક પ્રયાસ છે.

બધાને સાંપ્રત શિક્ષણથી ખૂબ અસંતોષ છે. ત્યારે શિક્ષણમાં સાંસ્કૃતિક અભિગમ, વ્યક્તિ અને સમષ્ટિ બંનેનો વિચાર અને સર્વાંગીણ વિકાસ એ સમયની માંગ છે. સ્મૃતિ જેવા કોઈ એક ઘટકની પરીક્ષા લઈને બાળકનો વિકાસ થાય છે તેવો ખોટો સંતોષ લઈ શકાય નહિ. તેથી સર્વાંગીણ વિકાસ માટે અમે કામ કરીએ છીએ. સર્વાંગીણ વિકાસ માટેનું આદર્શ માળખું તૈત્તેરીય ઉપનિષદે આપ્યું છે. તે અનુસાર અન્નમય કોષ (વૃદ્ધિ, બળ, લોચ, કૌશલ્ય, નિરામયતા, તિતિક્ષા), પ્રાણમય કોષ (બલવાન, સંતુલિત અને એકાગ્ર પ્રાણ), મનોમય કોષ (મનની એકાગ્રતા, શાંતિ, અનાસક્તિ, દ્વંદ્વ-રહીતતા, સદગુણની વૃદ્ધિ અને વિકાર ઘટવા, બુદ્ધિના કાબૂમાં રહેવું), વિજ્ઞાનમય કોષ (ગ્રહણશક્તિ, ધારણાશક્તિ, સ્મૃતિ, નિરીક્ષણ, પરીક્ષણ, વિશ્લેષણ, સંશ્લેષણ, તર્ક, કલ્પના, અનુમાન) અને આનંદમય કોષ (પ્રેમ અને સૌન્દર્યબોધ)નો વિકાસ થાય ત્યારે બાળકનો વિકાસ થયો કહેવાય. અઠવાડિયે એક વાર ચેસ અને કબડ્ડી તથા ખો-ખો તેમ જ દરરોજ ઘરે સૂર્યનમસ્કાર દ્વારા ઘણાં લક્ષ્યો સિદ્ધ થાય છે.

ધરુવાડિયુંમાં થતી પ્રવૃત્તિઓમાં કેટલીક બાબતોનો ખૂબ આગ્રહ રાખવામાં આવે છે. તે છે :

૧. કાર્ય દ્વારા શિક્ષણ ૨. વાસ્તવિક જીવન સાથે

સીધો સંબંધ          ૩. Divine Touch

વાસ્તવિક જીવનમાં આવશ્યક ગુણો, જીવન કૌશલ્યો અને વ્યવસાયિક કૌશલ્યો તેમ જ શ્રમ માટે રુચિનું નિર્માણ આ જ અવસ્થાથી કરવું જરૂરી છે. કર્મશીલતા એ માણસને ભગવાને આપેલી ભેટ છે. કોઈને કોઈ કારણસર આપણે ઘરોમાં એવું વાતાવારણ પેદા કર્યું છે કે પૈસા ન હોય તે જ જાતે કામ કરે. આપણે વિવિધ આયોજનો દ્વારા બાળકોમાં શ્રમ, સાદગી અને સ્વાવલંબનના ગુણો ખીલવવા તેવું લક્ષ્ય રાખીએ છીએ. શિક્ષકો સાથે મળીને પોતાનાથી નાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનો બનાવવાં એ બાળકો માટે સહજ પ્રક્રિયા બની ગઈ છે. માટીકામ, ખેતીકામ, સાધનકામ, સિલાઈ વગેરે સાપ્તાહિક સમયપત્રકનો એક ભાગ છે.

દરેક રાષ્ટ્રની જીવનદૃષ્ટિ તેના શિક્ષણમાં ડોકાય અને ડોકાવી જોઈએ. આપણે સમગ્રપણે આ બાબતમાં ક્યાંક ચૂક કરી રહ્યા છીએ. ધીમે ધીમે આપણા આહાર, વિહાર અને વિચારમાં અભારતીયતા આવતી જાય છે. તેની આપણને ક્યાંક નોંધ પણ નથી અને ક્યાંક તેનું ગૌરવ પણ છે. આહાર, વિહાર અને વિચારમાં ભારતીય તત્ત્વ વધે અને બાળકોમાં ભારતીય તત્ત્વનું ગૌરવ વધે તેવી વાતો, વાર્તાઓ લઈને કામ કરીએ છીએ. શિક્ષકોના જીવન દ્વારા અને પેરેન્ટ્સ સાથે મુલાકાતો દ્વારા પણ આ કામ કરવામાં આવે છે. ઉત્સવ સહિતના દિવસોમાં બધા જ ભારતીય પોષાક પહેરે, ભોજન અને નાસ્તામાં પણ તે જ આગ્રહ વગેરે બાબતોથી બીજ રોપવામાં આવે છે. મુલાકાતો દ્વારા કૃષિ અને ગોપાલન પર પ્રેમ વધે તેવો પ્રયાસ કરીએ છીએ.

અમે વર્ષમાં મોટાભાગના ઉત્સવો ખૂબ ઉત્સાહથી ઊજવીએ છીએ. ઉત્સવોમાં આપણી સંસ્કૃતિ છૂપાયેલી છે. ઉત્સવોની સીધી બે ફલશ્રુતિ હોય છે – કૌશલ્ય અને સંસ્કૃતિ પરનો પ્રેમ વધે. દા.ત. બધાં કુટુંબો ભેગા મળીને રથયાત્રા ઊજવીએ છીએ. ઊજવવા માટે રથ વિદ્યાર્થીઓ જાતે બનાવે છે. તેનાથી ઇન્દ્રિય શિક્ષણનું કામ સરસ કરી શકાય છે. ભગવાન આપણા ગામમાં ફરવા નીકળે ત્યારે ગાવા માટે બાળકો જગન્નાથાષ્ટક સ્તોત્ર તૈયાર કરે છે. આ જ રીતે નવરાત્રીની ઉજવણી કરવા માટે બાળકો જાતે પ્રાચીન ગરબા સંગીત સાથે તૈયાર કરે છે અને નવરાત્રીમાંથી એક દિવસ બધા કુટુંબો સાથે મળીને ગરબા રમે છે. નવરાત્રી માટે બધા બાળકો મહિષાસુરમર્દિની સ્તોત્ર તૈયાર કરે છે. દશેરાના દિવસે રાવણદહન કરવામાં આવે છે. તે માટે ખૂબ મોટો રાવણ બનાવે છે અને બાળે છે. તે દિવસે દરેક બાળક પોતાના વિકાસમાં બાધક એવી દશ બાબતો લખીને તેની ચિઠ્ઠી રાવણની નાભિમાં મૂકે છે. અને તે રાવણનું દહન થાય છે. ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિબાપાની સ્થાપના કરવા માટે ગણપતિ અથર્વ સ્તોત્ર બાળકો કંઠસ્થ કરે છે.

આપણે શિક્ષણને કોઈને કોઈ રીતે વાસ્તવિક જીવનથી વેગળું કરતાં જઈએ છીએ. જ્ઞાનેન્દ્રિયોને અનુભવ અને હાથ, પગ અને જીભને કામ મળવા જોઈએ તે વાત ચુકાઈ ગઈ છે. અનુભવહીનતાની સાથે પરીક્ષા વગેરે કામોમાં આપણે બાળકોનેૈં ર્જીંર્ક્રૈહની પણ તાલીમ આપીએ છીએ જાણે કે એમને કોઈ ટાપુ ઉપર એકલા રહેવા માટે તૈયાર કરવાના ન હોય ! અમે એવું આયોજન કર્યું છે જેમાં તેમણે તમામ એકમમાં સમૂહમાં કામ કરવાનું આવે અને તે પણ નિશ્ચિત સાધનો લઈને. વનસ્પતિ વિશેનો પાઠ નજીકના મેદાનમાં જઈને વનસ્પતિના ભાગોનો અભ્યાસ કરે છે. કક્કો પણ માટીમાં શીખે છે. ગણિતના પાયાના ખયાલો વાસ્તવિક જીવનની વસ્તુઓને સાથે રાખીને જ શીખે છે. જે તે જૂથમાં વિવિધ વયજૂથનાં બાળકો હોય. તેથી અનુભવનું પણ વૈવિધ્ય રહે છે અને બાળક પાસેથી બાળક શીખે છે(Child to Child Education). સાથે સાથે જવાબદારી માટેની સભાનતા કેળવાય છે.

આપણે ત્યાં હવે એક બાબત બહુ મોટી ઘર કરી ગઈ છે અને તે છે કુટુંબના સભ્યો દ્વારા બાળકને અપાતી સૂચનાઓ. સવારે નહાવા જવાની સૂચનાથી શરૂ કરીને ટી.વી. બંધ કર, હોમવર્ક કરવા બેસ, ખાઈ લે, બેગ ત્યાં ન મૂક વગેરે. આ વાતાવરણથી બેજવાબદાર નાગરિકો પેદા થાય છે. 'ધરુવાડિયું'માં સૂચનાને બહુ ઓછું સ્થાન

છે, સાથે સાથે કુટુંબોને એ અંગે તાલીમ આપીએ છીએ કે ઘરે પણ ન્યુનતમ સૂચનાઓ આપવામાં આવે. અભ્યાસ અંગે પણ Self-directed Learning ને મહત્ત્વ આપવામાં આવે છે. તેથી, દરેક એકમ શરૂઆતથી અંત સુધી શિક્ષક ભણાવે તેવું રહેતું નથી. પરિણામે અધ્યાપન કરતાં અધ્યયનને વધુ સ્થાન રહે છે. બીજું પરિણામ એ મળે કે સામાન્યતઃ વર્ગમાં વિદ્યાર્થી Passive Listener રહેતો હોય છે જ્યારે આ રીતે વિદ્યાર્થી Active Learner રહે છે.

લાકડાં કાપતાં પહેલાં કુહાડીની ધાર કાઢવાથી કઠિયારાનો શ્રમ ઘટે છે. અભ્યાસમાં કુહાડી છે 'વાગલે' (વાંચન, ગણન અને લેખન). જે તે ધોરણમાં ભણવાના પાઠનું વિષયવસ્તુ કંઠસ્થ કરવા પર ધ્યાન ન આપતાં વયકક્ષા અનુસાર 'વાગલે' પર ધ્યાન વધારે આપીએ છીએ. અર્થગ્રહણ માટે શાંત વાચન, મોટેથી ભાવવાહી વાચન, ઘરના વડીલ વાંચે અને વિદ્યાર્થી સાંભળે વગેરે નિત્ય કરવાનું વાચનનું ગૃહકાર્ય રહે છે. સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સંખ્યાલેખન અને ઘડિયા દ્વારા ગણન વિકસાવવામાં આવે છે. અનુલેખન, શ્રુતલેખન, મુદ્દા કે ચિત્રો આધારિત લખાણ (Guided Writing), મૌલિક લખાણ વગેરે પર દૈનિક કામ થાય છે.

ગુણો અને મૂલ્યો વ્યક્તિગત જીવનમાં નિદર્શન અથવા મહાન ચરિત્રો બતાવીને જ વિકસાવી શકાય. શિક્ષકો પાઠ્યપુસ્તકના તમામ એકમોનું પૂર્વ આયોજન કરે છે, ત્યારે જીવનમૂલ્યો અને જીવનકૌશલ્યો આધારિત પ્રવૃત્તિઓ સમૂહમાં થાય તેવું આયોજન કરે છે. તે પ્રવૃત્તિઓ વખતે જૂથમાં રહેલ વિદ્યાર્થીઓના વૈવિધ્ય (સંદર્ભઃ The theory of Multiple Intelligences - Howard Gardner) તેમજ વિવિધ Learning Style (Visual, Auditory, Read and Write; and Kinesthetic)ને ધ્યાનમાં રાખે છે.

બાળકને નૈસર્ગિક રીતે વિકાસની તક ખૂબ આપવામાં આવે છે. પંચ મહાભૂતો(માટી, પાણી, વાયુ, અગ્નિ અને આકાશ) સાથે બાળકનું નૈસર્ગિક આકર્ષણ હોય છે. તેથી બાળકોની પ્રવૃત્તિઓમાં પ્રકૃત્તિનાં તે તત્ત્વો સાથે સતત જોડાણનો આગ્રહ રાખવામાં આવે છે. લેખનકાર્ય માટે કોઈ જ પ્રકારની ઉતાવળ કરવામાં આવતી નથી. બાલમંદિરનાં બાળકો માટે મૌખિક અભિવ્યક્તિને પ્રાધાન્ય આપવામાં આવે છે. અંગ્રેજી ભાષા માટે તો સહેજ પણ ઉતાવળ કરતા નથી. શ્રવણ અને કથન (Listening and Speaking) બાકી રાખીને વાચન અને લેખન (Reading and Writing)નું કાર્ય કરતા નથી. જેમ ધોરણ નાનું તેમ રમત, ગીત અને વાર્તા વધુ લેવામાં આવે છે. સાથે સાથે જેમ ધોરણ નાનું તેમ ઇન્દ્રિય શિક્ષણ માટે વધુ સમય ફાળવવામાં આવે છે.

ધરૂવાડિયું = જ્યાં રોપ તૈયાર કરવામાં આવે છે

Divine શબ્દ રાખવાનો હેતુ એ છે કે શક્તિઓ નિર્માણ થાય પછી તે ક્યાં વાપરવાની તેનું લક્ષ્ય સતત યાદ રહેવું જોઈએ.

Logo=હનુમાનજીએ તેમના જીવનમાં ૩ મોટા કૂદકા માર્યા : ૧. બાળપણમાં સૂર્યને ગળવા માટે, ૨. સીતાજીની શોધમાં અને ૩. જડીબુટ્ટી લેવા માટે. પ્રવાહની સામે ઊભા રહીને અશક્ય લાગે તેવાં કામ કરવાના માર્ગદર્શક તરીકે હનુમાન કૂદકો લોગોમાં છે.

૯૩ વિદ્યાર્થીઓ અને ૧૮ કાર્યકરો (જેમાંના મોટાભાગના આ જ વિદ્યાર્થીઓના વાલીઓ છે) જેમને પોતાના કુટુંબ માટે આ વિચારધારા માન્ય હોય અને અમારું ધરૂવાડિયું અને તેની પ્રવૃત્તિઓ જોવા-સમજવામાં રસ હોય તેમને હાર્દિક આમંત્રણ છે. અમારું સરનામું છે : ૯, હરિ વીલા રૉ હાઉસ, સીમા હોલ સામે, ૧૦૦ ફૂટનો રોડ, સેટેલાઇટ, અમદાવાદ – ૧૫. આપણે પરોક્ષ રીતે પણ મળી શકીએ : ૯૯૯૮૩૭૦૨૨૫.

## ૦૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન...

**ખેતી વિકાસનો જબરો દુશ્મન - પૂર્વગ્રહ**
**હીરજી ભીંગરાડિયા**

---

પૂર્વગ્રહ કેવા કેવા દુષ્પરિણામો લાવી શકે છે એની વાત કરતા વિનેશ અંતાણી ''ગોરક્ષાપાત્ર''માં લખે છે કે આપણે જો પૂર્વગ્રહના શિકાર બનતા ન હોત તો ભીખ માગતી વ્યક્તિ ચોર જ છે કે અન્ય સંપ્રદાયના લોકો સાથે ભળી જ શકાય નહીં એવી માન્યતાનો શિકાર બનતા ન હોત. હિટલરના મનમાં યહુદીઓ માટે પૂર્વગ્રહ ન હોત તો માનવ ઇતિહાસનો ભયાનક માનવસંહાર ન થયો હોત, ધર્મના નામે કતલો ન થઈ હોત. આપણો સમાજ ઊંચનીચના ભેદભાવમાં રચ્યો પચ્યો રહેતો ન હોત. અરે ! નેલ્સન મંડેલાને ૨૭ વરસ સુધી જેલમાં સબડવું ન પડ્યું હોત, અને ગાંધીજી પ્રાર્થના સભામાં જતા હતા ત્યારે એમને ગોળીએ વીંધ્યા ન હોત .

'પૂર્વગ્રહ' એટલે શું ? પૂર્વગ્રહ એટલે કોઈ વ્યક્તિ, સમૂહ, વ્યવસાય, પદ્ધતિ કે રીત-આયામ માટે કોઈપણ જાતની પૂર્વ જાણકારી વિના બાંધી લેવામાં આવેલો ગેરવાજબી અભિપ્રાય, જે લગભગ બદલવાનું નામ લેતો જ નથી.

આપણી કેટલીક પરંપરાગત માન્યતાઓ પાછળ આપણી મર્યાદિત માહિતીઓ કે અનુભવ પડ્યાં હોય છે. તેમાં કોઈ નવું દર્શન થતાં એ બદલવાની તૈયારી ન હોય તો તે 'પૂર્વગ્રહ'નું રૂપ ધારણ કરી લે છે. પૂર્વગ્રહગ્રસ્ત મગજ સત્યને સ્વીકારતું નથી. તેવી પ્રકૃતિવાળાને પ્રકાશ ન ગમતો હોય તો દિવસેયે અંધારું ખોળી લે છે. તેથી જ કહેવાયું છે, 'પ્રાણ ને પ્રકૃતિ સાથે જ જાય છે.'

વિનેશ અંતાણીના કહેવા અનુસાર પૂર્વગ્રહો વારસામાં પણ મળતા હોય છે. આપણું માનસ પૂર્વગ્રહયુક્ત છે તે વિષે આપણે સભાન હોતા નથી, અથવા સભાન બનવા માગતા નથી. ખેતી એ તો સાગરપેટો અને પળે પળે નવું દર્શન કરાવતો કુદરતના ખોળે ઝૂલતો વ્યવસાય છે ભાઈ ! એમાં માત્ર આપણે એક જ નહીં, કેટકેટલા કૃષિના વિજ્ઞાનીઓ, ખેતી રસિકો, પ્રયોગશીલ ખેડૂતો અને તરેહ તરેહના નુસખાબાજો દ્વારા કેવી કેવી અવનવી શોધો, રીત-પદ્ધતિઓ અને પાર વગરના આયામો બહાર આવી રહ્યા હોય, તે બધા વિષે આપણે કેટલું બધું ઓછું જાણતા હોઈએ છીએ ? અને જે જાણતા હોઈએ છીએ એમાંનું કેટલું સાચું છે અને કેટલું ખોટું છે એની ફેર તપાસ કરવા માટે પણ આપણે તૈયાર હોતા નથી. પૂર્વગ્રહ આધારિત બે-પાંચ સત્ય પ્રસંગોની અહીં વાત કરવી છે.

અમારા પંચવટી બાગમાં તો છેલ્લાં ૨૫ વરસથી આખી વાડીમાં ટપક પદ્ધતિ અમલમાં છે. અમે જ્યારે મજૂરોને હાજરી ઉપર મહેનતાણું આપીને ખેતીકામમાં મદદગારી લેતા ત્યારે અમે કહીએ એમ જ ટપક પદ્ધતિથી પિયત અપાતું. પણ દસેક વરસ પહેલાં વાડીમાં એક ઘટના બની. મજૂર-પ્રથાને બદલે ભાગીદારી પ્રથાની શરૂઆત કરાઈ. એમાં ખેતીના તમામ કામોનું મજૂરી કામ કરી આપવા બદલ કુલ ઉત્પાદનનો ૨૫% ભાગ મજૂરી પેટે ચુકવવાનું નક્કી થયું અને ભાગિયાની ટુકડી હાજર થઈ. વાડીમાં આંટો મારતાં ટપક લેટરલના ગૂંચળાં લીમડાને છાંયે લટકતાં ભાળી સીધો જ સવાલ કર્યો કે 'આ તો ઓછા પાણીવાળા ખેડૂતો માટેનું રાસ ગણાય. તમારી પાંહે તો પાણીનો ધરવ છે, ટીપે ટીપે તે કાંઈ છોડવા ધરાતા હશે ભૂંડ્યો ? અમને આ ટીપાંવાળી વાત મંજૂર નથી. અમે તો કેરા-પાળી ને પાટલા

પલાળી પાકને પાણી પાશું, એમાં તમારી હા હોય તો ભાગવું રાખીએ, સારું ઈ તમારું !'

પરિસ્થિતિ એવી બનેલી કે રોજમદારી ઉપર કોઈ કામ કરનારું મળતું નહોતું, મારે ભાગીદારી પ્રથા અપનાવ્યા વિના છૂટકો નહોતો. મેં એ વખતે કહેલું કે 'એ બધી ટપકની નળીઓના ગુંચળા ભલે ટીંગાતા એની જગ્યાએ. તમે એને વીંખશો નહીં. તમ- તમારે ક્યારા-પાળી, પાટલે કે રેળ– તમને ફાવે તેમ પાણી પાજો, માત્ર હું કહું તે એક પ્લોટમાં લાઈનો લંબાવી છેલ્લે સુધી ટપકથી પિયત આપવાની તમારી હા હોય તો ચડી જાઓ કામે.' એમણે મારી શરત મંજૂર રાખી અને કામે ચડી ગયા. એમનો આખું વરસ એની ધૂન પ્રમાણે ચાસે, પાટલે અને ક્યારા-પાળી થકી મોલાતોને પિયત આપતાં દમ નીકળી ગયો. લાઈટના ઝટકા, રાતના અંધારે ઉજાગરા, નિંદામણનો ઉપાડો અને સામે ટપકવાળા પ્લોટમાં મહેનત બાબતની બાર-બાદશાહી અને ઉત્પાદનમાં નરવાઈ, ઉપરાંત ઉત્પાદનની અઢળકતા નજરે જોયા અને અનુભવ્યા પછી તો એવા પસ્તાયા કે ન પૂછો વાત ! એમના મનમાંથી ટપક વિષેનો અભિપ્રાય દૂર થયો અને કાયમ ખાતે ટપક પદ્ધતિના હામી બની ગયા. આમ અનુભવે બદલતો અભિપ્રાય પૂર્વગ્રહની જડતા સુધી પહોંચ્યો હોતો નથી.

નામ તો એનું બીજું છે, પણ સૌ એને 'રાધેશ્યામ' કહીને જ બોલાવે. બે વરહ પહેલાં એને જરા કોંટામાં ભાળી મેં દરખાસ્ત કરી કે 'રાધેશ્યામ ! આવતી કાલે રાજકોટ કૃષિમેળામાં જઈએ છીએ. આવવું છે ?' તો કહે, 'મેળામાં તો છોકરવેજા જાય. એલા લાજો લાજો જરાક ! કૃષિમેળો.... કૃષિમેળો કરી મોટા ઢાંઢા જેવડા જઈં હોય તઈં ઊપડો છો તે એનાથી ખેતી સુધરેલી થઈ જાહે એમ ને ?' એમના વેણ સાંભળી હું તો ભોંઠો પડી ગયો. ઘડીભર તો થઈ આવ્યું કે આમનું જાડું ક્યાં વતાવ્યું ? પણ પછી વિચાર આવ્યો કે એમાં રાધેશ્યામનો દોષ નથી. 'મેળા–મેળા'માં ફેર હોય છે એની એમને જાણ નથી. એમના મનમાં 'લોકલ મેળા' વિષેનો જે ખ્યાલ ઘૂસી ગયો છે, એના લીધે એ એમ બોલે છે.

આપણે તો જાણીએ જ છીએ કે કૃષિમેળો એ કોઈ મોજશોખ-મનોરંજન કે ડુગડુગિયાં, ફજેત-ફાળકા કે મોતના કૂવાની ઘઘરાટીના દેકારાને પડકારા કે ધૂળના ગોટેગોટા ઊડતા હોય એવો મેળો નથી. પણ જ્યાં ખેતી વિષયક તમામ બાજુઓના અદ્યતન સંશોધનો, પદ્ધતિઓ, બિયારણો, ઓજારો, યંત્રો ઉપરાંત સહકાર, પંચાયત, વહીવટ, સજીવ ખેતી, સરકારશ્રીની ખેડૂતલક્ષી યોજનાઓની સાથોસાથ જે તે વિષયને ઊંડાણથી સમજાવનાર વિષય નિષ્ણાતોની સતત હાજરીવાળા કૃષિમેળામાંથી આપણાં આંખ-કાન અને મન ખુલ્લાં હોય તો ઘણું બધું પામી શકાય છે અને પરિણામે ખેતીને તરોતાજા રાખી શકાય છે. પણ અમારા એ રાધેશ્યામ એના મનમાં ઘૂસી ગયેલ મેળા વિષેના મોળા અભિપ્રાયમાંથી આજ દિન સુધી છૂટી શક્યા નથી. અને ખેતીની કોઈ નવી વાત, નવું બીજ, નવી પદ્ધતિ અપનાવવામાં રસ દાખવી શક્યા નથી.

અમારા એક અંગત સગાંને ત્યાં અમે પતિ-પત્ની બન્ને મહેમાન બનીને આંટો ગયેલાં. વાતમાંથી વાત નીકળતાં વાત થઈ કે 'હાથી જેવી ચાર ભેંસો આંગણે ઝૂલતી હોવા છતાં, મહિનો માસ અયણ્યું(ઘેર એક પણ દુજણું ઢોરું ન હોય તેવો ગાળો) પડશે એવું લાગે છે.' અમે કહ્યું, 'ચિંતા કરો મા ! એમ કરીએ, અમારે ત્યાં ત્રણ ગાયો દૂજે છે. એક ગાય તમે લઈ જાઓ.' તો કહે, 'ગાયની વાત રહેવા દો મહેમાન ! અમને ગાય નહીં ફાવે અને ગાયનું દૂધેય નહીં ફાવે !' અમે ઘણો આગ્રહ કર્યો કે 'તમારે કાયમ ખાતે ક્યાં ગાય રાખવાની છે ? જ્યારે તમારી ભેંશ વિયાય જાય ત્યારે ગાય પાછી મોકલી દેજો.' પણ તેઓ ન માન્યા. પણ એમની સાથેની વાતચીતમાંથી અમે પામી ગયા હતા કે 'ગાય અને ગાયના દૂધ વિષેનો એમના મનમાં ઘર કરી ગયેલો પૂર્વગ્રહ જ એમને ગાયથી દૂર રાખી રહ્યો છે. કંઈ વાંધો નહીં ! આપણે એનો પૂર્વગ્રહ છોડાવીએ.' એવું નક્કી કરી અમે બીજો રસ્તો લીધો. એક સારી બીજા વેતરની દૂજણી ગીર ગાય વાહનમાં ચડાવી સામેથી એમને ઘેર મોકલી દીધી. એમને તો ગાયનું સોજાપણું અને ગાયનું દૂધ એવાં ફાવી

ગયાં કે થોડે થોડે કરતાં ભેંશો બધી વેચી દીધી અને એ જ ગાયનો વેલો વધારતાં વધારતાં એટલો વસ્તાર વધારી દીધો કે એમની જરૂરિયાતથી વધતી ઓડકીઓમાંથી બે અમને અને બેત્રણ અન્ય ગૌશાળાને પણ આપી શક્યા !

વાત છે આજથી સાંઈઠેક વરસ પહેલાંની. તે દિ મારી ઉંમર હશે આશરે દસેક વરસની. ઉનાળાના દિવસો હતા. અમારે ઘેર કોઈ પ્રસંગ અને અમારા સગાંવહાલાં અને ગામના ઘણા બધા વડીલ પુરુષો ભેગા મળેલા. એમાં વાત નીકળી ભણતરની. ચોસલાની નિશાળનાં ચાર ધોરણ મારે પૂરાં થઈ ગયાં હતાં. મારા બાપાએ વાત કરી કે 'મારી એવી ઇચ્છા છે કે એક મોટા દીકરા હીરજીને ખેડ્યમાં રોકવો છે, પણ એને ભણવું હોય એટલું પૂરેપૂરું ભણીને પછી એ ખેતી સંભાળે, એટલે તો વેકેશન ખૂલે એટલે આગળ ભણવા પહેલા તો માટલિયાભાઈ પાસે માલપરે મોકલવાનો છું.' અને માળા બધા તૂટી પડ્યા એમના ઊપર ! 'તમે એક બાજુથી ક્યો છો કે મોટા છોકરાને ખેડ્યમાં રાખવો છે અને પાછા આગળ ભણાવવાની વાત કરો છો ? ખેડ્ય કરવામાં વળી ભણતરની શી જરૂર ? આ આપણે ખેડ્યમાં ને ખેડ્યમાં ધોળા આવી ગયા, એમાં ક્યાંય ભણતરની ખોટ્ય વરતાણી ? આપણે તો ગાડું, બળદિયા, સાંતીડા ને કોહ, વધી વધીને પ્રસંગ ગણો તો વેહવાળ-વીવા, આણું-પરિયાણું, સાતમ-આઠમ ને દિવાળી ! એમાં રૈ જાણે ને કાગળ-પતર ને બસુના બોડ વાંચી હકે એટલું આવડતું હોય એટલે ભયો ભયો ! ભણેલા છોકરા તો પાટલૂનના ખિસ્સામાં હાથ ભરાવી ખાખા ને ખીખી કર્યા કરે, ઈ થોડા ખેડ્યમાં ડીલ વળવાના હતા ?'

અને જ્યારે તાળો મેળવું છું ત્યારે ખ્યાલ આવે છે કે મારા ગામના જે જે વડીલ પુરુષોના આવા ખ્યાલો હતા તેમણે ખરેખર તેમના બાળકોને ગામની નિશાળના ૪ ધોરણ પછી આગળ થોડુંકેય ભણાવ્યાં નથી. એ તો એમના એટલા ભાગ્ય સમા કે હીરાનો ધંધો હાથ લાગી ગયો ને સૌ સુખે રોટલો ખાતા થયા. નહીં તો આજેયે ક્યાંય ઢેફા સાથે કુસ્તી કરતાં હોત ! મારા ગામ ચોસલામાંથી સૌથી પહેલાં મને બહારગામ આગળ અભ્યાસાર્થે મોકલાવાયો અને ખેતીનો ગ્રેજ્યુએટ થઈ જાતે ખેતી કરતો હોઉં એવો ખેડૂત બની, ભણ્યા પછી ખેતી વધુ સારી રીતે કરી શકાય છે, એવું પૂરવાર કરી શક્યો.

આજની તારીખે પણ એવા ઘણાં ખેડૂત કુટુંબો જોવા મળી રહ્યાં છે કે જેને બસ, એવો જ પૂર્વગ્રહ બંધાઈ ચૂક્યો છે કે 'વિલાયતી ખાતર અને ઝેરી દવા વિના ખેતી થાય નહીં.' અને ભરપેટ રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્ઝનો આડેધડ ઉપયોગ કર્યે રાખે છે. અરે, જે લોકો સજીવ ખેતી અભિગમના સથવારે આવા રસાયણો વાપર્યા વિના સરસ અને અહિંસક ઉત્પાદન મેળવી રહ્યા છે તે બધું નજરો નજર જુએ છે, છતાં તેમના મનમાં બંધાયેલ પૂર્વગ્રહને અધીન બની એમાંથી બહાર નીકળી શકતા નથી. અને ખેતીને દુઃખી કરી રહ્યા છે.

પૂર્વગ્રહ માત્ર ખેતીનો જ નહીં સમગ્ર જીવનના વૈજ્ઞાનિક વિકાસનો જબરો દુશ્મન છે.

●---------●●●--------●●●---------●


પંચવટી બાગ, માલપરા જિ.બોટાદ
મો.૯૩૨૭૫ ૭૨૨૯૭


ભણાવવા કરતાં 'કેળવવા' શબ્દ વધારે સારો છે. આપણાં શબ્દ કોશમાંથી ભણાવવું શબ્દ આપણે કાઢી નાખવો જોઈએ. આપણે બાળકોને કેળવવાંના છે, ભણાવી શકાય તો તે વિષય કવિતા, ગણિત, ઇતિહાસ ભણાવી શકાય. પણ આપણે તો બાળકોને કેળવવાં છે.

સાત વર્ષ સુધી ભણાવવાનુ કેવું ? ત્યાં સુધી તો કેવળ કેળવણી જ ચાલે કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવાની અનુકૂળતા આપવી તે પછી તે ઉગશે આપમેળે. ખાતર પાણી દઈએ, નિદામણ કરીએ, બાકી એની મેળે ઉગશે. એની ભીતર બધું પડ્યું જ છે.

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

## પથારી

**છાયા ઉપાધ્યાય**
upchhayaa@gmail.com

---

જેસલમેરનો ડેઝર્ટ ફેસ્ટિવલ વિશ્વવિખ્યાત છે તેમ ખબર હતી, પણ તેની લોકપ્રિયતાનો અંદાજ તો ત્યાં પહોંચીને જ આવ્યો.

જેસલમેરના યુથ હોસ્ટેલ યુનિટના ઇકોનોમિકલ આયોજનનો હિસ્સો બની હતી. આખું જેસલમેર હિલોળે ચઢેલું લાગે. આટલી મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ પહેલી વાર જોવાના થયેલા, તેય વળી જુદા- જુદા દેશના. ગુજરાતના બાળકોનું અંગ્રેજી સુધારવાના પ્રયત્નોમાં પડેલી હું અહીંના બાળકોને જર્મન, ફ્રેન્ચ, ચાઈનીઝ બોલતાં સાંભળી અચંબિત હતી.

મુઠ્ઠીમાંથીય સરકી જતી રેતી પથ્થર થતાં કિલ્લાની મજબૂતી બનતી, બીજી તરફ એ જ પથ્થરોની પોચાટ પર કવિતાઓ જેવી કોતરણી કરી હવેલીઓ, ઝરૂખા, મંદિર બનાવાયેલાં. પ્રવાસીઓ માટે જાતભાતનાં આકર્ષણો હતાં. ઊંટદોડ, ઊંટશણગાર, વિદેશીઓ-ભારતીયો વચ્ચે દોરડા ખેંચ, પાઘડી બાંધવાની હરિફાઈ અને દર રાત્રે રંગારંગ પ્રસ્તુતિઓ. તેમાં એક હતો વરઘોડો, જે જૈસલમેરના ગડસીસર- અપભ્રંશ થતાં ગડીસર નામે પ્રચલિત તળાવે પહોંચી વિખેરાવાનો હતો. વરઘોડાની ઝલક લઈ હું વહેલી વહેલી ગડસીસર પહોંચી ગઈ. તળાવની રોનક દેખવા લાયક હતી. તે તળાવ જેસલમેરની ઓળખ એવા હળદરિયા પથ્થરો-યલો સૅન્ડસ્ટોન- પર કરાયેલા સુંદર શિલ્પકામ વાળી છત્રીઓ , મંદિરો અને ઘાટથી શોભતું હતું.

મારા ગામની એક ઓળખ એટલે નવસો નવ્વાણું વીઘામાં ફેલાયેલું, ગુજરાતના સુખ્યાત તળાવોમાંનું એક- સ્વરૂપ સાગર તળાવ. તળાવ કેટલું ભરાયું તેના આધારે વર્ષ કેવું જશે તેના વર્તારાની વાતો સાંભળીને મોટી થયેલી. ગામને બીજે છેડે એક નાનું તળાવ- હુડવાકોતર પણ ખરું. ગૌરીવ્રત પૂર્ણ થયે ગામની દીકરીઓ હૂડવાકોતરે ગોર્યો પધરાવવા જતી, તેની પાળે બેસી ચવાણાના ફાકા મારી વ્રત ખોલતી. બાળપણમાં મેં મારા બે ખાસ મિત્ર તેના પાણીમાં ખોયા હતા.

મારા ગામની આસપાસ, ગુજરાત-ભારતમાં જ્યાં ફરી, ત્યાં નાનાં-મોટાં તળાવ જોવાનો અનુભવ એટલો હતો કે તળાવ વિશે સભાનતાથી વિચાર કરવાનું ચૂકી જવાયેલું.

જેસલમેરના સુશોભિત ગડસીસરને જોઈને પ્રશ્ન થયેલો કે તળાવને તે વળી આટલાં શાં માનપાન ! મારું સ્વરૂપસાગર તો ખેતીલાયક વ્યવસ્થાઓ સિવાય ખાસ શણગાર પામ્યું ન હતું. થયું, 'અમારા લુણાવાડાના રાજા કરતાં જેસલમેરના રાજા ધનવાન હશે. તો જ આવાં નખરાં પોસાય !' બીજું કારણ એમ પણ લાગ્યું હતું કે રણપ્રદેશમાં પાણી પૂરું પાડનારની કદર કરવાની પણ આ રીત હોઈ શકે. ગડસીસરની સુંદરતામાં, ગાઇડના મતે, એક લોઢાની મેખ હતી : તેનું પ્રવેશદ્વાર, તીલોની પોળ એક રૂપજીવિનીની સ્મૃતિ છે. તીલોએ પોતાની આવકમાંથી તે સુંદર પ્રવેશ દ્વાર બનાવડાવ્યું હતું. કહેવાય છે કે એક ગણિકાનો તે 'રૂઆબ' લોકોથી સહન ના થયો અને પ્રવેશદ્વાર તોડી પાડવાની નોબત આવી. સમજુ તીલોએ રાતોરાત દ્વાર ઉપર શિવમંદિર બનાવડાવી દીધું. દરવાજો અને તીલો ઈતિહાસનો ભાગ બની ગયાં.

મરુભૂમિ વચ્ચે ઊભેલા સોનેરી નગરને જોતાં બધી દંતકથાઓ સત્ય ઘટનાઓ જ લાગે.

મને થયા કરતું, 'ઠીક, ઘટનાક્રમ આમ બન્યો હશે. પણ, અર્થઘટન જુદું ભાસે છે. બીજી બધી રીતે સમજદાર

લાગતા રાજા મહારાવ લગડસી આવી બાબતે થાપ ખાઈ ગયા હોય ખરા?' મહારાવ લગડસી તે તળાવની પાળે જ ચિર નિદ્રા પામ્યા હતા તે મને પાછળથી ખબર પડવાની હતી.

ગડસીસરના એક્સ્ટેન્શન જેવું, તેનાથી થોડેક અંતરે આવેલું એક નાનું તળાવ જોવાનું થયું. ગાઈડે તે તળાવની ઓળખ રાણીઓ, રાજકુમાર-કુમારીઓના રંજન સ્થળ તરીકે આપેલી. તે સ્થળની લીલોતરી જોઈ, ઉનાળામાં તે કેટલી ઠંડક આપતું હશે તેમ કલ્પના કરી, ગાઈડે આપેલી ઓળખ સ્વીકારી પણ લીધી હતી. 'રાજાઓ કેટલા જલસા કરતા !' એવી બળતરાયુક્ત લોકશાહીય માન્યતાને ના સ્વીકારવાનું કોઈ કારણ ત્યારે નહોતું જડ્યું.

તે કારણ અને નવાં અર્થઘટન મળ્યાં લગભગ પાંચ-સાત વર્ષ પછી.

પર્યાવરણ કર્મશીલોમાં ખ્યાત એવા અનુપમ મિશ્રનું પુસ્તક 'આજ ભી ખરે હૈં તાલાબ' વાંચીને.

વ્યક્તિ પોતાની કૃતજ્ઞતા, આદર, સ્નેહ, પ્રેમ લખાણ મારફતે કઈ રીતે મૂકે તેનું ઉદાહરણ આ પુસ્તક. તે વાંચતાં જતાં મારા વરધરીનું સ્વરૂપ સાગર, જેસલમેરનું ઘડસીસર અને જોયેલા બધાં તળાવ સતત સાથે રહે. મન પરિચિતતા, વિસ્મય, અહોભાવ, આદરના ઉદ્‌ગાર કરતું રહે, ભરાઈ આવેલું ગળું આંખેથી છલકી પડે. છાપાંઓ વાંચીને મનમાં ભરાયેલી જનસમુદાયના કલેક્ટીવ સાયકેની રુગ્ણ છાપ હથેળીભર પાણીમાં ડૂબી મરે અને તેની જગ્યાએ મનના અતલ ઊંડાણમાંથી ઊઠે કૃતજ્ઞતા. તે પુસ્તકમાં એવું તે શું છે તે તમે જાતે વાંચી પામજો. અનુપમ મિશ્રએ તે લખાણને કોપીરાઈટ નથી કર્યું. માત્ર ૮૨ પાનાંના એ પુસ્તકે મને મારા ગામનાં તળાવો અને મેં જોયેલાં બીજાં તમામ તળાવોની બાંધણી, જેસલમેર અને તેનાં જેવાં તળાવના શણગાર, તેના દરવાજાનો રૂપજીવિની સાથેના સંબંધનો ગરવો નજરિયો (તળાવ બંધાવવું, સાચવવું, સજાવવું એ એવું સારું કામ હતું કે દરેક વ્યક્તિ તેમાં યથાશક્તિ યોગદાન આપવા ઉત્સુક રહેતી) તેમ જ રાજપરિવારના રંજનસ્થળ બનાવવાનાં 'સાચા' કારણો સમજાવ્યાં; ભારતીય રાજાઓની પ્રતિપાલકતાની સમજ, ભારતીય સમાજ વ્યવસ્થાની ઉજળી બાજુઓ સ્પષ્ટ કરી આપી; ભારતભરમાં 'સર' અનુસર્ગવાળા ગામ-શહેરોનાં જ નહીં, બીજા કેટલાય શબ્દોના અર્થ તળાવ સંસ્કૃતિની સાપેક્ષે ખોલી આપ્યા; મારી દાદીની પેઢીની મહિલાઓના હાથ પર જોયેલાં છૂંદણાંનું ભીનું રહસ્ય પણ ભારતની તળાવ સંસ્કૃતિના પાસાં તરીકે ખોલી બતાવ્યું.

'આજ ભી ખરે હૈં તાલાબ' પુસ્તકે મને ભારતની અસલ ઓળખ આપી.

માણસ તરીકેની પોતાની ઓળખને માંજતા બીજા કેટલાક પથ્થર તે જ પ્રવાસમાં મને મળ્યા હતા.

ડેઝર્ટ ફેસ્ટિવલનું અંતિમ ચરણ ડેઝર્ટમાં હતું. સ્ટેજની સામે, પશ્ચિમ તરફ સો-બસો ડગલાં છેટે ડામરનો રોડ હતો. પણ, રણના ઢગલાની પાછળ તે કળા તો નહીં. નજર પહોંચે ત્યાં રેતી જ રેતી હોવાથી સ્થળ અફાટ થઈ ગયેલું અને માનવ મહેરામણ હોવા છતાં નાની ટોળીમાં હોઈએ તેવી મોકળાશ લાગતી હતી. ત્યાં ઢળતી સંધ્યાએ ભારતીય હવાઈદળના શો અને ઊગતી પૂનમની સાક્ષીએ ઠંડી પડી રહેલી રેતીમાં બેસીને ખ્યાતનામ કલાકારોનો જલસો માણ્યો. પહેલી વાર ઊંટડીના દૂધની ચા પીધી.

યુથ હોસ્ટેલના ટ્રેકની ખરા અર્થમાં શરૂઆત તે પછીના દિવસે થઈ.

ઊંટ પર કેટલાક કલાકની સવારી કરી ચિંકારા અભયારણ્યના ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ પર પહોંચ્યા. આરામ કરી સૂર્યાસ્ત સમયે રણની મજા લેવા થોડુંક ચાલીને રણના ઢૂવાઓ હોય તેવી જગ્યાએ પહોંચ્યા. અત્યાર સુધી પાઠ્યપુસ્તકમાં બ્લેક એન્ડ વ્હાઈટ ચિત્ર તરીકે જોયેલા ઢૂવા જોવાનો રોમાંચ તો ખરો જ, તેમાં વળી તે રણને ઘર બનાવી ધબકતા સુંદર જીવો જોવા મળ્યા. જીવન પોતાનો રસ્તો કરી લે છે અથવા સજીવો ભલભલી વિષમ સ્થિતિમાં ટકી જવાનું અનુકૂલન કેળવી લે છે તેવા પુસ્તકિયા જ્ઞાનને તાદશ્ય થયેલું જોવાની થ્રીલ જબરજસ્ત હતી. સ્કાય બ્લૂ ગળાવાળો કાચિંડો

જોઈ મોં ખુલ્લું રહી ગયેલું.

અણુ-પરમાણુ રચના ભણતી વખતે, તેની સઘન, મૂર્ત સૂક્ષ્મતાને કારણે ચૉકના ભૂકાની સાથે રેતી પરમાણુનું પ્રતીક લાગેલી. 'દુનિયામાં રેતીના જેટલા કણ છે તેના કરતાં પણ બ્રહ્માંડમાં વધારે તારા, ગ્રહ, ઉપગ્રહ છે.' તેમ કાર્લ સૅગનને સાંભળ્યા પછી અંધારી રાતે આકાશમાં દેખાતા પ્રકાશનાં ટપકાં મારી હથેળીમાં રેતીના એક કણના નક્કર સ્પર્શ જેટલા નજીકના લાગ્યા છે. જો કે, તે પ્રત્યેક ક્ષણ કોઈ એક આકાશગંગા હોઈ શકે, અને તેના બહારના ભાગે આવેલી એક લખોટી પર રેંગતા જંતુ જેવી હું પોતાના હાથમાં સૂર્ય ભરીને બેઠી છું એવી કલ્પનામાં રાચતી હોઉં અને તે બધું જ ક્વૉન્ટમ ફિઝિક્સ પ્રમાણે સાચું હોઈ શકે.

તેના ગુણધર્મને કારણે ઢગલારૂપે મંડાયા પછી પણ ઝીણી, કોરી રેતી કમનીય વળાંક પહેરી લેતી હોય છે. અહીં, તેવા ઢગલો વળાંક હતા. હિરો કે તારો ના હોવા છતાં, ઢૂવાની બાહ્ય સપાટી પરના પ્રત્યેક રેતકણનું લીસ્સું પાસું આથમતા સૂરજની સોનકેસરી તાંબી આભા ઝીલીને પડઘાવતું હતું.

રેતીના ઢૂવા પરથી આળોટતાં —આળોટતાં લપસણી ખાવી, શરીરને રેતીમાં ઢબૂરી દેવું —જેવી બચકાના રમતો રમ્યા પછી અંધારું થતાં કેમ્પસાઇટ પર પાછા જવાનું સૂચન થયું. બધા ટ્રેકર્સ ધીમેધીમે કેમ્પસાઇટ તરફ વળ્યા. મને હળવા થવાની દેહધાર્મિક જરૂરિયાત ઊઠી. એટલે હું જરા પાછળ રહી. એક ટ્રેકરને જણાવ્યું કે હું છેલ્લે છું. મોટા ભાગના લોકો દશ્યપટથી દૂર થયા એટલે એક ઝાંખરાની ઓથે હું બેઠી. બેઠાં બેઠાં મારી નજર દૂર દેખાતા પ્રકાશપૂંજ પર ગઈ.

"આટલો મોટો ગોળો ક્યા શહેરનો હશે? પાકિસ્તાનનું શહેર હશે? કઈ દિશા છે? આટલે દૂરથી કોઈ ફ્લડ લાઈટ દેખાય ખરી? પૃથ્વી ગોળ છે — જોને, ગોળા નીચેનો થાંભલો દેખાતો નથી. આટલે દૂરથી તો થાંભલો ના જ દેખાય. કેટલોક દૂર હશે? ગોળાનો પ્રકાશ તેની આસપાસ વેરાયેલો કેમ નથી, ટપકાની જેમ સ્થિર કેમ છે?" — મનમાં આવા અને તેના જેવા સવાલો થયા પણ કોઈ જવાબ ન હતો. ત્યાંથી ઊભી થઈ. ઝાંખરાનું આવરણ દૂર થતાં દશ્ય સ્પષ્ટ બન્યું અને હું અવાચક, દિગ્મૂઢ, સ્ટેચ્યૂ.

જોતી જ રહી ગઈ.

તે ચંદ્ર હતો. જમીન સપાટીને તંતોતંત અડેલો એકમનો ચંદ્ર.

હું ત્યાં જ ખોડાઈ ગઈ હતી, મટકુંય માર્યા વગર. આગળથી મારા નામની બૂમ આવી ત્યારે ભાન થયું, બધાને કહેવું જોઈએ, 'જુઓ, જુઓ!'

સામાન્ય રીતે ઝાકળનાં પડને કારણે સૂર્યોદય-ચંદ્રોદય, સૂર્યાસ્ત-ચંદ્રાસ્ત ક્ષિતિજથી થોડે ઉપર જ દેખાય. પણ, રણમાં એ અંતરાય ક્યારેક નથી રહેતો અને સૂર્ય —ચંદ્ર ધરતીને અડીને દેખાય. મેં જોયેલ નજારો એ પ્રકારનો હતો, જે આજે પણ ચિત્તમાં મઢાયેલો છે.

બીજે દિવસે અમારે ટ્રેક કરવાનો હતો. સાવ જુદી જ ભૂપૃષ્ઠ જોવા મળતી હતી. રસ્તામાં આવેલું એક નાનકડું ગામ કોઈ આર્ટફિલ્મના સેટ જેવું લાગતું હતું. ભણેલી-વાંચેલી વિગતોની સમકક્ષ થવું મારે માટે રોમાંચ અને રોમાંસ બની રહે છે. રણપ્રદેશનાં વૃક્ષ, તેનાં પાંદડાની સંરચના વિશે ભણતી વખતે લખેલા ભૌગોલિક કારણો આસપાસ દેખાતાં હતાં. રણના ઢૂવાથી ગામ- ખેતર- શાળાને વોકેબલ અંતરે જોવાથી કંઈ કેટલાય નવા પ્રશ્ન ઊઠ્યા હતા. પથ્થર જેવી દેખાતી જમીન વટાવ્યા પછી દસ-બાર વૃક્ષોનો સમૂહ દેખાય તેની પણ નવાઈ અને મજા આવતી હતી.

મને પથ્થર એકઠા કરવાનો શોખ. પથ્થર પોતાનામાં પ્રાગૈતિહાસ સંઘરી બેઠા છે તે વિશે ત્યારે હું અભાન હતી. મને તેમાં દેખાતી ભાત, છાપ આકર્ષતી. એટલે, આ વખતે પણ ચાલતાં-ચાલતાં મેં કેટલાક પથ્થર વીણ્યા. કટાયેલા કે ઠરેલા લોખંડના ગચ્છા જેવા અમુક પથ્થર મેં પહેલી વાર જોયા હતા. અમારા ટ્રેકમાં એક ભૂભાગ એવો આવ્યો જાણે પથ્થર પકવવાની ચિમની ત્યાં ઘણા લાંબા વર્ષો સુધી ચાલી હોય અને પછી તેને એમ જ મૂકી માલિક-મજૂરોએ સ્થળાંતર કરી દીધું હોય. મેં ધાર્યું, 'શક્ય છે આ વિસ્તારમાં

જ્વાળામુખી ફાટ્યો હોય ભૂતકાળમાં.' મને દૂર દૂર સુધી અંદેશો નહીં કે મારા વધુ એક પ્રિય પથરાનું એક સંભારણું હું એકત્ર કરી રહી છું.

ટ્રેક પૂરો થયે વાત પરથી વાત નીકળતા અમારા જૂથમાંથી કોઈ એક વ્યક્તિએ કહ્યું કે આ વિસ્તાર એસ્ટ્રોઇડ્સનો ભંગાર શોધનારાઓમાં પ્રચલિત છે. મેં મારા 'પથરા' બતાવ્યા. તે વ્યક્તિએ કહ્યું, 'ચોક્કસ તો ના કહીં શકું પણ આમાંના અમુક મીટીઓર્સ- ઉલ્કાના ટુકડા જેવા લાગે છે ખરા.' તેની વૈજ્ઞાનિક રીતે ખરાઈ તો હજુ થઈ નથી. પણ, 'કચ્છમાં પણ આવો ભૂભાગ છે જ્યાં ઉલ્કાના ટુકડા જડી આવે છે.' –તેમ જણાવનાર કચ્છના એક પથરાપ્રેમીને ત્યાં એવા જ ટુકડા જોઈ મારા સંગ્રહ માટે આનંદ થયો હતો. શક્ય છે, તેમાંનો એકાદ પૃથ્વીના જન્મ પહેલાંનોય હોય.

યુથ હોસ્ટેલના જ એક ગુજરાતી મિત્રએ સૂચવેલું, "જેસલમેર જાઓ છો તો ફોસિલપાર્ક જોવાનું ચૂકશો નહીં." જેસલમેરમાં તો કોઈ ફોસિલપાર્ક વિશે જાણતું જ ન હતું. તે સ્થળની નજીકના ગામનું નામ- અકલ –કહ્યું ત્યારે છકડાવાળાએ કહ્યું, "અચ્છા ! પથ્થર જોવા જવું છે !"

જેસલમેરથી માંડ સત્તરેક કિ.મી. દૂરનું તે સ્થળ એકદમ વેરાન હતું. કહેવા પૂરતી તારની વાડ અને લોખંડનો ખખડધજ ઝાંપો. (હવે સુધારો થયાનું જાણ્યું છે) એક કર્મચારી પણ હતા એમ તો. ટ્રેક દરમ્યાન જે બળેલા પથ્થર જેવી જમીન જોઈ હતી, આ સ્થળની છાપ તેને મળતી આવતી હતી. બે મોટા- ત્રણ-ચાર ટ્રેક્ટર ભરીને ઈંટ ઠાલવતા થાય તેવડા મોટા, જુદા-જુદા કદના, બળેલા રંગના લીસા પથ્થરના ઢગલા હતા. તે સિવાય યુરોપમાં જન્મેલી આફ્રિકન યુવતીની ત્વચા જેવા રંગના, જેને ભેટવાની પ્રહલાદને સજા થયેલી તેવા લોખંડના જણાતા લાંબા-પહોળા થાંભલા આડા પાડી, તેને ફરતે સિમેન્ટની પાળ કરી, ચોફેર જાળી લગાવેલી હતી. એક સમયે જીવનથી ધબકતા, નાના-મોટા અનેકો જીવોનો આશરો એવા વૃક્ષોનાં તે થડ હતાં.

ત્યાં જે જોયું, ત્યાં લગાવેલી સરકારી નોંધમાં જે વાંચ્યું , લાગણીઓ ભેળસેળ થઈ ગઈ હતી – હર્ષ-શોક, ગૌરવ-નિમ્નતા... અકલ ગામને સિમાડે આવેલા થાંભલા જેવા કે પથ્થર જેવા તે પથ્થર એ જીવાશ્મ બની ગયેલા જંગલનો, જી હા, ૧૮૦૦ લાખ વર્ષ પહેલાં એક જંગલનો ભાગ હતા. વૃક્ષોને પથ્થર સ્વરૂપે જોવા એક અતિ વાસ્તવિક અનુભૂતિ હતી. તે જીવાશ્મ એક સાથે પથ્થર અને વૃક્ષના થડની છાપ વ્યક્ત કરતા હતા. તે સ્થળે ક્યારેક ગાઢ જંગલ હતું, (કદાચ) સરસ્વતી અહીં થઈને વહેતી હતી કે દરિયો હિલોળા લેતો હતો, પૂર, ધરતીકંપ, કુદરતની નવસર્જન પ્રક્રિયા હેઠળ એ બધું નાશ પામ્યું, પાતાળે દટાયું -ચાર-ચાર વાર-દબાયું, મૂળ સ્વરૂપે જળવાઈ ગયું. પૃથ્વીના પોપડા પર દરિયા-જંગલને બદલે રણ બન્યું. સદીઓ પછી ભૂતળમાં દટાયેલ એ કથા શિલાલેખ બની જમીનના ઉપલા પડ પર પાછી ધકેલાઈ, આપણા વાચન માટે.

'પથ્થર જેવો/જેવી/જેવું' સાંભળું ત્યારે મન પૂછી બેસે છે, 'કયો –નકશી કામ થાય તેવો, ગ્રહ-ઉપગ્રહની લખોટી, મીટીઓર કે જીવાશ્મિ ?'

**બાળકાવ્ય : લાડુ**

**- કિરીટ ગોસ્વામી**

એક લાડુ...બે લાડુ...ત્રણ લાડુ ખાઉં...
આટલા બધા લાડુ ખાઈને ઝટ મોટો થાઉં !

મીઠી-મીઠી ગંધ ને માથે ઘીની રેલમછેલ...
ચાલને લાડુ ખાવા, હરિયા ! લેસન પડતું મેલ !

આ લાડુ છે સૌને વ્હાલા, સૌને કેવા ભાવે !
ખોળે બેસાડીને મારાં દાદીમા ખવડાવે !

લાડુ ખાતાં ગણેશજીને ભીમને ભાવે બહુ...
એમ જ હુંયે લાડુ ખાઈને તાજોમાજો થાઉં !

## ગોલ્ડન પ્રેમની ગાયિકાઃ ટેલર સ્વિફ્ટ

**બંસી શર્મા**
fire.19fawkes@gmail.com

એણે ત્રણ બિલાડીઓ પાળી છે, એને કપડાંમાં ઝગમગ –ટીક્કીઓ બહુ જ ગમે અને ગુલાબી રંગ પણ. એ ઊંચી એડીનાં ચપ્પલ પણ પહેરે અને ક્યારેક નાટકીય બોલ-ગાઉન પણ. ટેલર સ્વિફ્ટ. ૨૧મી સદીના સૌથી મહાન કલાકારોમાં તેની ગણતરી થાય. ફોર્બ્સે ૨૦૧૯માં ૧૮૫ મિલિયન ડોલરે, તેને વિશ્વની સૌથી ધનવાન સેલેબ્રિટી ગણાવી હતી. ૨૦૧૮માં તેની સ્ટેડિયમ ટૂર અમેરિકાની સૌથી વધુ કમાણી કરનારી ટૂર હતી. પોપ અને કન્ટ્રી એમ બંને સંગીત શૈલીમાં એણે ભારે સફળતા મેળવી છે. પણ આનું આપણે શું કામ ? કારણ કે તે પોતાનાં ગીતો અને શબ્દોથી, આખા પશ્ચિમની 'પ્રેમ' ની સમજ બદલી રહી છે. માંડીને કહું તો...

દસ વર્ષની ઉંમરથી તેને ગીતો લખવાની ઇચ્છા હતી. ૧૪ વર્ષની ઉંમરે એ સોની/એટીવી કંપનીના ઇતિહાસમાં(મ્યુઝિક) રેકર્ડ ડીલ મેળવનારી સૌથી નાની ઉંમરની વ્યક્તિ બની. પંદર વર્ષની કારકિર્દીમાં તેણે ક્યારેય પોતાનું જાતીયકરણ (sexualisation) કર્યું નથી, એ પણ એવા ઉદ્યોગમાં let જ્યાં આવું કરવું એ માત્ર ધોરણ નહીં પણ વણલખ્યું ફરમાન હોય છે. જ્યાં શક્ય એટલું અને યુક્તિપૂર્વક શરીર ખુલ્લું કરવું, અને ચોક્કસ પ્રકારના વળાંકોવાળું જ શરીર ધરાવવું, અને એના દ્વારા શરીર અને માણસોનું વસ્તુકરણ કરવું, તદુપરાંત ડ્રગ્સ લેવા અને પાર્ટી કરવી એવું બધું cool અને બળવાખોર જીવનશૈલી માનવામાં છે, જ્યાં નઠારા હોવું સન્માનનીય ગણાય છે, ત્યાં ટેલર તાજી લહેરખીની જેમ ઊડીને કાને વળગે છે. (સંગીત ઉદ્યોગના આ પ્રસ્થાપિત માપદંડોથી પર રહીને તે તેની અંદરનું સંગીત સર્જે છે અને એટલે જ સંગીતમાં લગભગ એકચક્રી કહી શકાય એવા શાસન છતાં, એ underdog જ રહી છે.) બહુ નાની ઉંમરથી, આ એની સમજણપૂર્વકની પસંદગી રહી છે, તેના શબ્દોમાં "You can't say that I am 21, I can do whatever I want. All the artists out there whose songs are being played on the radio are raising an entire generation". તેની વેનિલા અપીલના ભ્રમમાં રહેવા જેવું નથી. તેના ચાહકોની સંખ્યા અધધ છે. તેનું નવું સંગીત બહાર પડતાં જ પશ્ચિમના કે પૂર્વના કોઈપણ દેશમાં ટોચ પર પહોંચી જાય છે. Streamingના જમાનામાં પણ તેની CDનું ખૂબ મોટું વેચાણ થાય છે. તેની કલા માત્ર આંકડાથી આંકી શકાય તેમ નથી- ૨૦૧૯માં તેને અમેરિકન મ્યુઝિક અકાદમી(AMA) દ્વારા 'દાયકાની કલાકાર'(Artist of the decade)નો ખિતાબ મળ્યો. તેણે સૌથી વધુ ૨૯ AMA એવોર્ડ જીતેલા છે(વણમાંગ્યો સંદર્ભ- માઈકલજેક્સન તેના સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન ૨૪ જીતેલા). સંગીતથી પણ આગળ તેનો જાદુ પ્રસરેલો છે. ત્યાં સુધી કે અમેરિકાના ૨૦૧૮ની વચગાળાની ચૂંટણીમાં લોકોને વોટ કરવાની ટેલરની તાકીદના ૨૪ કલાકમાં, તેના વતન્ ીહહીજજીમાં ૬૫,૦૦૦ નવા વોટર રજિસ્ટ્રેશન થયાં હતાં. અમુક વિવેચક તો "Taylor Swift is the music industry" એમ કહેતા પણ ખચકાતાં નથી.

ટેલરની આટલી વ્યાપક અપીલ કઈ રીતે સર્જાય છે ? એવું શું છે કે જે તેના સંગીતને માત્ર blonde તરુણીઓ સુધી સીમિત નથી રાખતું ? આડંબર, ઉકસાવનારા (ઉશ્કેરનારાં?) દશ્યો, શબ્દો કે કૌભાંડો વિના તે આટલે ઊંચે અને છતાં લોકોની આટલી નજીક કઈ રીતે પહોંચી ? દેશ અને સંસ્કૃતિની સરહદોની પાર તેનાં શબ્દો અને ગીતો

લોકોને સ્પર્શી જાય છે. તે કહે છે કે જીવનભર તેણે ગીતો દ્વારા પ્રેમને શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. તેની લેખનશૈલી વાર્તા કહેણીના પ્રકારની છે અને એ જ તેની સૌથી મોટી તાકાત છે. લાગણીઓની જટિલતાથી તે હાંફતી-ભાગતી નથી, તેને ભેટે છે. આ બાબત જ તેના ગીતોમાં પ્રાણ પૂરે છે. ક્યારેક ભગ્ન હૃદય માટે:

"..we're a crooked love, in a straight line down",

ક્યારેક મિત્રો માટે: "Please don't ever become a stranger whose laugh I could recognize anywhere" , તો ક્યારેક રોલર કોસ્ટર જેવા સંબંધ માટે, ક્યારેક જાણે સાંભળનાર સાથે વાત કરતી હોય એમ:

"..count to 10 take it in this is life before you know who you're gonna be",

પોતાની ભૂલો વિશે: ".. I've been the archer, I've been the prey", તૂટેલા સંબંધ વિશે: "..You held your pride like you should have held me" , તે પોતાના આગવા વ્યક્તિત્વ વિશે કહે છે કે, "if you have a problem with me being myself, I'll just be myself more!". મોટેભાગે પોતાના ગીતની શરૂઆત પોતાની લાગણી, કોઈ એક અનુભવથી કરે અને પછી બીજાની ભાવનાઓ અને સંવેદનાઓને પોતાના ભાવ વિશ્વમાં અસીમ રીતે જોડી દે છે અને આ રીતે, તે માનવતા માટે લખે છે. આ, તેના એકાદગીતનું વિષય વસ્તુ નહીં પણ તેના સાત સાત આલ્બમને સાંધતું સૂત્ર છે.

તેનાં ગીતો સાંભળીને કુછ કર દિખાના હૈ એવી તરસ ઊભી ના થાય. પરંતુ વ્હાલ, અનુરાગ, વિરહ, પીડા, અથવા કોઈક લાગણીનો જ ઊંડાણપૂર્વકનો અને આત્મનિરીક્ષણકારી (Introspective) અનુભવ થાય. પશ્ચિમની સંસ્કૃતિમાં પ્રચલિત એવા શારીરિક અને સ્થૂળ પ્રેમને (physical domainમાંથી) તે લાગણીના નાજુક અને સંવેદનશીલ વિશ્વમાં પ્રવેશ કરાવે છે. તેના શબ્દો આસપાસની ઝીણી વિગતોથી સ્મરણોની સૈર કરાવે છે

"..your mother's telling stories 'bout you on a tee ball team, You tell me 'bout your past, thinking your future was me"
(All too well, 2012)

અને એમાંથી પ્રેમનાં વિવિધ સ્વરૂપોનું ચિત્રણ કરે છે.

"You can hear it in the silence,
You can feel it on the way home,
You can see it with the lights out"
(This Love, 2014

અથવા,

"Even in my worst nights, you saw the truth in me"
(Dress, 2017)

ઝીણી, કુશળ ગૂંથણી જેવાં તેનાં ગીતો, predictabilit અને સતત મ્હાત કરતાં આંતર સંબંધોને ઝીલવા પ્રયાસ કરે છે. 'Sad, beautiful, tragic' (2012)માં ટેલર ગાય છે:

"In dreams, I meet you in warm conversation..
We both wake, in lonely beds, in different cities..
And time is taking its sweet time erasing you
And you've got your demons, and darling they all look like me.."

આ બધું જ catchy (પણ કાનફાડ નહીં એવા) સંગીત અને સરળ શબ્દાવલિમાં. તેનાં ગીત સાંભળતા વેંત આપણને ચોંટી જાય, ક્યારેક મસ્તીખોર ટૂંકી પંક્તિઓ...

"Haters gonna hate,
I'm just gonna shake it off"
(Shake it off, 2014)

પણ મોટે ભાગે, સંગીત રચના સાથે શબ્દોને લીધે ગીતોમાંથી ઊભરતો અર્થ જટિલ, આત્મીય, અને અર્થસભર હોય છે. 'Archer' (2019) માં તે કાંચળી ઊતારીને ગાય છે:

"I'm ready for combat
I say I don't want that, but what if I do?

'Cause cruelty wins in the movies
I've got a hundred thrown-out speeches I almost said to you"

તેથી જો ટેલરને ખરેખર સાંભળવામાં આવે તો કૂદાકૂદ કરી મૂકતાં રસાયણો અને હંફાવી નાખતાં હોર્મોન્સના મીની ઝંઝાવાતોને પાર કરવામાં મદદ મળે ખરી. ખાસ કરીને કિશોરાવસ્થામાં કે જ્યારે નિર્ણય લેવા માટે જવાબદાર એવી મસ્તિષ્કની prefrontal cortex(PFC) હજુ અવિકસિત હોય છે. આવા સમયે જોવું-સમજવું અને સંવેદવું એ કૂદી પડવા કરતાં વધુ અગત્યનું બની જાય છે.

પ્રેમની જટિલતાનું અન્વેષણ કરવાનું હોય, કિશોરાવસ્થાની મુશ્કેલીઓ ઊર્મિઓ, ગૂંચવણભરી કે હતાશાભરી મોટા થવાની (ગીતઃ The best day, 2010) અથવા સંબંધો તૂટવાની પ્રક્રિયા,

"The water filled my lungs, I screamed so loud but no one heard a thing,
Rain came pouring down, when I was drowning,
That's when I was finally clean"
(Clean, 2014)

સહપાઠીઓ દ્વારા કરાતી હેરાનગતિ (Mean, 2010), બધાંથી અલગ હોવું – આ બધાં વિશે બહેનપણીની જેમ વાત કરવાની હોય (Fifteen, 2008), કે આ બધા પ્રત્યે થનારી લાગણીનું પ્રમાણિક વિવરણ કરવાનું હોય- આ બધા શાળાનાં વર્ષોના રંગો છે અને ટેલરના (શરૂઆતના આલ્બમના) ગીતોનો મુખ્ય મસાલો પણ. પ્રેમ પ્રત્યેનો ગીતોમાં વ્યક્ત થતો ટેલરનો અભિગમ, બોલિવૂડનાં ૧૯૭૦-૯૦નાં ગીતોની યાદ અપાવે (આંધી, ઈજાઝત). જે ગીતોમાં પ્રેમી કે પ્રેમિકાના શરીરની, આવેગની, કેટલી મોંઘી ગાડીમાં લેવા આવે છે, કેટલી પાતળી કમર છે એની નહીં પણ તેના "being" ને explore કરવાની, સાથે કરેલા અનુભવો અને વસ્તુઓથી પોતાની અને તેની લાગણીઓ સુધી વધુને વધુ સંવેદનશીલતાપૂર્વક જવાની વાત હોય. ફેન્ટસીવાળા પ્રેમથી...

"You'll be the prince and I'll be the princess
It's a love story, baby, just say, 'Yes'.."
(Love story, 2009)

એવા પ્રેમ સુધીની ટેલર સફર ખેડે છે જેમાં સંબંધનું નામ નહીં, માત્ર બે વ્યક્તિઓ વચ્ચે રચાતી જગ્યા મહત્વ ધરાવે છે-

"..I'm laughing with my lover, making forts under covers
Trust him like a brother.."
(Call it what you want, 2017)

જેનો એક છેડો મેરા કુછ સામાનમાં અને બીજો છેડો તત્ત્વમસિમાં હોય તેવી દિશામાં ટેલરનાં ગીતો પગલી માંડતાં જણાય છે.

ગીતો ઉપરાંત, વ્યક્તિ તરીકે પણ ટેલર પર ખૂબ વ્હાલ આવે. કારણ, મહિલાઓ અને LGBTQ communityના અધિકારો બાબતે તે સજાગ છે,

"And control your urges to scream about all the people you hate
'Cause shade never made anybody less gay"

અને:

"..can you just not step on his gown?"
(You need to calm down, 2019)

ઉપરાંત મહિલા-તિરસ્કાર સામે અને પુરુષોને ગમે/આકર્ષણ થાય એવી રીતે જ રહેવાની માનસિકતા સામે તે પોતાનું પ્લેટફોર્મ બરાબર વાપરી જાણે છે. આ વાત, તેની શરમ કે છોછ વગર, સહજ તથા જાત પ્રત્યે પ્રમાણિક રહેવાની અને એવી જ રીતે વ્યક્ત થવાની, તેની લાક્ષણિકતાનો એક ભાગ છે. જ્યારે તેણે પોતાની ઉપર જાતીય સતામણીનો ખોટો આરોપ મૂકીને નોકરીમાંથી કઢાવવા બદલ લાખો ડોલરનો દાવો માંડનાર વ્યક્તિ સામે જાતીય સતામણીનો માત્ર એક ડોલરનો દાવો માંડ્યો (પુરાવા

મુજબ, જ્યુરીએ ચુકાદો ટેલરની તરફેણમાં આપેલો) ત્યારે ખબર પડી કે એ કઈ માટીની બનેલી છે. તમે એને સંઘર્ષ કરતાં કલાકારોની તરફેણમાં, લઘુમતી અથવા વંચિતોના શોષણ સામે બળવો પોકારતી જોઈ શકો. પણ વેરભાવનાથી નહીં-અંગત મુશ્કેલીમાં પણ, ત્યારે ગાંધી યાદ આવે.

શિક્ષણ માટે આના ખાસ સૂચિતાર્થ છે. કારણ કે તેમાં અત્યારે લગભગ બધું જ ધ્યાન માત્ર બોધાત્મક ક્ષેત્ર પર છે, જ્યારે એ વાતમાં કોઈ શંકા નથી કે ભાવાત્મક ક્ષેત્ર ડ્રાઇવિંગ સીટમાં હોવું જોઈએ. જીવનમાં જ્યારે ઝાંઝરી વાગતી હોય, કોઈકને જોઈને ટાઇટમટાઇટ ચોટલા છૂટી જતાં હોય, ત્યારે કોષોમાં ધસમસતાં રસાયણો પર કોઈ કેમ બાંધી શક્યું છે? ને એવે સમયે માળા-મંજીરાથી હાથ બાંધી દીધે, કે કરિયરની લોલીપોપ પકડાવી દીધે વાત નથી પતી જતી. જાતે બની બેઠેલા શુભચિંતક અને સમજણમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વાલી-શિક્ષકોએ એન્ટ્રી અને નો-એન્ટ્રી ઝોનની બે ધારી છીણી-હથોડીથી કોતરી કાઢેલાં સોલ્યુશન ઓરિયેન્ટડ શિલ્પો છેવટે જ્યારે બહુવિકલ્પી એવા વિશ્વમાં પડે છે, જ્યારે સંબંધોમાં કે આકર્ષણમાં આંખો ખોલે છે, ત્યારે પાંખો ખોલવાની જગ્યાએ શ્વેત-શ્યામ અને મેઘધનુષ વચ્ચેના ધમાસાણમાં ગૂંચવાઈ જાય છે અથવા ભાંગી પડે છે. જો ‘હલચલ મચી રહી હૈ’ તેને સમજવાની ભૂખ ભાંગવા, ટેલરબેને આપેલું ટેસ્ટી અથાણું કેમ ના પીરસી શકાય? કોઈને શીખવી નથી શકાતું, માત્ર જે છે, તેનાથી અવગત કરી શકાય છે અને જ્યારે તમે જટિલતાને સ્વીકારો છો, ત્યારે તમે સામેવાળાને પણ વ્યક્તિ તરીકે જોઈ શકો છો અને અંતિમો પર આવીને જ અટકવાની જરૂર મટી જાય છે. પારદર્શક આંખો અને પોચી પાતળી ત્વચા પર આંધળા બોધનું સિમેન્ટ ઠાલવીને ધબકતાં જીવન પર કુહાડી મારતી વ્યવસ્થાની જગ્યાએ તરુણોની ગ્રહણશીલતા અને કોમળતાને જીવતી કેમ ના રાખીએ?

**‘શ્રી ભરતભાઈ ના. ભટ્ટ : અભિવાદન ગ્રંથ’**

લોકભારતીના અધ્યાપક —ગૃહપતિ શ્રી ભરતભાઈ ના. ભટ્ટ વિશે એક અભિવાદન ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે. તેમાં તેમનાં વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, મિત્રો અને શુભેચ્છકો સંભારણારૂપ લેખ લખે એવી અપેક્ષા છે. આ લેખ અંદાજે ૧૨૦૦થી ૧૫૦૦ શબ્દોમાં, આપનાં નામ, ફોન નંબર સાથે લખી મોકલશો એવી વિનંતી છે.

ભરતભાઈએ લખેલ પત્રો, તેમના તમારી સાથેના ફોટાઓ તમારી પાસે હોય તો તે પણ મોકલશો. તેનો અનુકૂળતા મુજબ ઉપયોગ કરીને તમને પાછા આપીશું.

આપના લેખો મોડામાં મોડા તા. ૩૦-૦૮-૨૦૨૦ સુધીમાં અમોને મળી જાય એ રીતે મોકલવા અમારી સૌને નમ્ર વિનંતી છે.

**લિ. સંપાદકો**

| | | |
|---|---|---|
| (૧) | ચૈતન્યભાઈ અ. ભટ્ટ | -૯૪૨૭૨૭૦૯૬૬ |
| (૨) | હાજીભાઈ અ. બાદી | -૯૪૨૬૯૩૦૩૮૧ |
| (૩) | બળવંતભાઈ મા. તેજાણી | -૯૪૨૮૮૧૦૬૮૨ |
| (૪) | મેહુલભાઈ અ. ભટ્ટ | -૯૪૨૭૨૩૩૪૬૪ |
| (૫) | મહેશભાઈ લા. પઢારિયા | -૯૪૨૮૨૯૧૯૪૭ |

**ઈ-મેઈલ આઈ.ડી.**

(૧) tejanibm1870@gmail.com

(૨) maheshbhai5814@gmail.com

## મિહિર પાઠકની રચનાત્મક રખડપટ્ટી

મિહિર દવે
davemihir2011@gmail.com

---

વડોદરા પાસેના પાદરા ગામના એક છોકરાને કુટુંબે પરાણે ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં બેસાર્યો, તે બધા જ વિષયમાં 'નાપાસ' થયો, કારણ કે મૂળે સાહિત્ય અને કલાનો જીવ એટલે વિજ્ઞાન ભણવાના સમયમાં રખડવા નીકળી જતો ! તેના વાલીએ તેને શેરીમાં દોડાવી-દોડાવીને માર માર્યો ! વળી, દસમા ધોરણના ટકાને આધારે ડિપ્લોમામાં દાખલ થયો, પણ ત્યાં પણ એકાદ વર્ષ જ ટકી શક્યો અને પછી તેની રચનાત્મક રખડપટ્ટીની શરુઆત થઈ !

આ છોકરાનું નામ મિહિર પાઠક.

છેલ્લા દસ વર્ષથી ભારતભરમાં વૈકલ્પિક અને મુખ્ય પ્રવાહના શિક્ષણમાં મઝ્ઝાના પ્રયોગો કરે છે. મિહિરને વિજ્ઞાન અને કલા સાથે ભણવા હતાં પણ આપણી મુખ્યધારાની શિક્ષણ વ્યવસ્થા એવું તો કેમ ચલાવી શકે !! એટલે મિહિરે પોતાને ગમતું જાતે શીખવાનું નક્કી કર્યું. પોતાની રખડપટ્ટીમાં એણે વેબસાઈટ કેમ બનાવવી, હોસ્ટ કરવી, કવિતા, નાટક વગેરેનો જાતે અભ્યાસ કાર્યો અને અનુભવ મેળવ્યો. શાળાઓ, ટ્યુશન ક્લાસ, અને રામકૃષ્ણમિશન વગેરે જેવી NGO માટે ઓછા ભાવમાં વેબસાઈટ બનાવવાનું કામ શરૂ કર્યું. આ જીવનનો જરૂરિયાતલક્ષી શિક્ષણનો તેનો પહેલો અનુભવ કહી શકાય. ત્યાર પછી મુનિ સેવાઆશ્રમમાં સ્વયંસેવક તરીકે જોડાયો. ત્યાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શીખવ્યું, Wikipedia Meet-up અને બીજા એજ્યુકેશનને લગતા ઓપન સોર્સ પ્રોજેક્ટમાં કામ કરવાનું શરૂ કર્યું, ત્યાંની પ્રાથમિકશાળામાં તેણે ધોરણ ૧થી ૪ માટે મલ્ટીલેવલ, મલ્ટી ગ્રેડ પ્રોગ્રામ, વિજ્ઞાનને Hands-on રીતે શીખવવા મેકરસ્પેસ, તથા MIT મીડિયાલેબ દ્વારા વિકસિત બાળકો માટેની પ્રોગ્રામિંગ લેન્ગવેજ 'સ્ક્રેચ' દ્વારા બાળકો સાથે કામ કર્યું. આમ મુખ્ય પ્રવાહથી વિમુખ જીવાતા જીવનમાંથી ગોથા ખાતો ખાતો એ વૈકલ્પિક શિક્ષણ પ્રવાહ તરફ વળ્યો.

આવા હટકે કામ કરનારાને સારા મેન્ટર મળે તો શું થાય ? મિહિર જ્યારે વડોદરા મુનિ સેવાઆશ્રમ સાથે કામ કરતો હતો, ત્યારે વડોદરામાં ચાલતા હોમસ્કૂલિંગ ગ્રુપ સાથે સંપર્ક થયો અને ત્યાંથી તેને શ્રી મહેન્દ્ર ચોટલિયા સાહેબનો પરિચય થયો. તેમણે મિહિરને ધરમપુરમાં આવેલી સર્વોદય વિદ્યાલયમાં આદિવાસી બાળકોને શીખવવા માટેની તક આપી. જો કે એમાં પણ મિહિરના પરિવારનો ખૂબ વિરોધ હતો. પણ ધીમે ધીમે તેઓ પણ માની ગયા. હકારાત્મક રીતે ત્રાંસુ કામ કરનારા લોકોના પરિવારોએ સીધું થવું જ પડે !!! ધરમપુરમાં વૈકલ્પિક શિક્ષણ જ એક માત્ર વિકલ્પ હતો ! ત્યાં રહીને એ આદિવાસીઓની બોલી 'કુંકણી' શીખ્યો કારણ કે ત્યાંના બાળકો સાથે ગુજરાતી ભાષા દ્વારા શિક્ષણ તો શું સામાન્ય વાતચીત પણ મુશ્કેલ થઈ પડે. મહેન્દ્ર ચોટલિયાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧ ના બાળકો સાથે Whole Language Approachના પ્રયોગો કર્યા, જેમાં બાળકો સાથે કક્કાના અમૂર્ત મૂળાક્ષરોની જગ્યાએ સંદર્ભ આધારિત ભાષાશિક્ષણ કરવામાં આવે છે. તેની સ્થાનિક ભાષાને નીચી દેખાડ્યા વગર ગુજરાતી ભાષાને નાટક, ગીતો, વાર્તાઓ, રમતો દ્વારા શીખવવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ સાથે તોતોચાન , દિવાસ્વપ્ન, આખરે આઝાદ, સમરહિલ જેવાં શિક્ષણ પરનાં લખાણો પણ વાંચ્યાં. ધીમે ધીમે તેનો જીવ હવે શિક્ષણક્ષેત્રમાં જ પરોવાતો ગયો.

શિક્ષણને વધુ અસરકારક કેમ બનાવી શકાય, એ જ ધૂન એના પર સવાર થઈ; જે આજે પણ એને ઝંપીને બેસવા

દેતી નથી. એટલે એણે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવાનું શરૂ કર્યું. જેમાં મનીશ જૈનની સંસ્થા 'શિક્ષાન્તર' અને જયપુરની 'સ્વરાજ યુનિવર્સિટી'માં Hacking the Education ફેલોશીપ વિશેષ રહી. આ દરમિયાન ઘણાં 'હોમ-સ્કૂલિંગ' કરાવતાં પરિવારોને મળવાનું પણ થયું. આ બધી રખડપટ્ટીથી તેની પોતાની અમુક માન્યતાઓ બનતી ગઈ અને અમુક માન્યતાઓ તૂટતી પણ ગઈ.

મિહિરની સૌથી મજાની બાબત એ છે એ પોતાની રખડપટ્ટી વિશે સતત લખતો રહે છે અને એ પણ ડીજીટલ માધ્યમ ઉપર (https://medium.com/learningwala) જેથી સૌ કોઈ, ગમે ત્યારે અને નિશુલ્ક વાંચી શકે. આ લખાણોમાંથી નીપજતું તેનું ચિંતન જોઈએ:

"છેલ્લાં બે વર્ષથી સંવેદનશીલતા અને સંવેદનશીલતાની કેળવણી વિષેના વિચારો વિવિધ લોકો દ્વારા, પુસ્તકો દ્વારા મારા મનમાં ઘૂંટાયા કરે છે. ખાસ કરીને તનુજ સર અને મહેન્દ્ર સર સાથે જે ચર્ચા થઈ એ અહીં મૂકવાનો પ્રયત્ન કરું છું. તનુજ સર અને બીજા શિક્ષકો સાથે ચર્ચાનું આયોજન હતું. ચર્ચાના અંતમાં મારા મનમાં એક વાત અટકી ગઈ. આપણે આપણી બિલીફમાંથી એક્ટ નથી કરવાનું, કંડિશનિંગમાંથી નિર્ણયો નથી લેવાના. તો પછી નિર્ણયો લેવાના કઈ રીતે ? જો આપણી પાસે જ્ઞાન જ ન હોય તો કેવી રીતે કામ થાય ? સર તો કહે છે કે એ તો મેમરી છે અને એ ભૂતકાળ છે. સાંજે આ જ મુદ્દા ઉપર મહેન્દ્રસર સાથે ફોન ઉપર વાત થઈ.

બિલીફ અને મેમરી તો પાસ્ટ છે અને આપણે જાણીએ છીએ તેમ સામે આવેલી પરિસ્થિતિ તો હંમેશા નવી હોય છે. તો આવા સમયે રિસ્પોન્ડ કેવી રીતે કરવાનું ? થીંકિંગ કરવાનું ? ના, થીંકિંગથી આગળ નથી વધવાનું. આવા સમયે '*understanding*'માંથી રિસ્પોન્ડ કરવાનું છે. અન્ડરસ્ટેન્ડિંગ ક્યાંથી આવે ? જે.કે કહે છે સમજદારી— સંવેદનશીલતામાંથી આવે. તમારે બાળકોને એવા અનુભવો આપવા પડે કે જેમાં તેઓને આવું બધું ઘણી ઘણી વાર કરવું પડે. તમે નિર્ણયો કેવી રીતે લેવાય છે એની ટ્રેનિંગ આપી શકો પણ નિર્ણય તો બાળકો એ સમયે એમને કેવું ફીલ થયું એમનો ઇરાદો શું હતો એ પ્રમાણે જ લેશે. એમની લેવલ ઓફ સેન્સટીવીટી જે પ્રમાણે હશે એ રીતે લેશે.

તમને એવો ખ્યાલ આવે કે હું ઘાસ ઉપર ચાલું છું અને ઘાસ કચડાય છે તો ઘાસને પણ નુકશાન થતું હશે. એવો ખ્યાલ ઘાસ ઉપર ચાલતી વખતે જ આવે એ સંવેદનશીલતા છે. આવું ક્યારે શક્ય બને જો તમે વિદ્યાર્થીઓને સજીવો સાથે, પ્રકૃતિ સાથે રગદોળો, રખડાવો. જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ બાળકોને પક્ષીઓ બોલતાં હોય, ઝરણાં વહેતાં હોય, પર્વતો હોય એવી જગ્યાએ લઈ જાઓ. એમાં કંઈ શીખવવાનું નથી, આપણે તો બાળકોની કટાઈ ગયેલી બારીઓ ખોલવાની છે. બારીઓ ખૂલશે એટલે એ આપોઆપ નિર્ણયો લેતાં થઈ જશે. જેટલી સંવેદનશીલતા વધુ એટલી સમજદારી વધુ. તમારી કોઈ પરિસ્થિતિ વિશેની સમજ કેટલી છે ? તમે જગતના ચાલન વિશેનો જાડો ખ્યાલ ધરાવતા હો તો પણ આ સમજદારી આવે. જે. કૃષ્ણમૂર્તિ અને બુદ્ધ આને 'ધર્મ' કહે છે. મુખ્ય વાત એ છે કે જ્યારે પરિસ્થિતિ સામે આવે ત્યારે આ સંવેદનશીલતા હાજર થવી જોઈએ, તો નિર્ણય લેવાય. આપણા *present being*માં એ આવવું જોઈએ. બાળક કોઈપણ શિક્ષણપદ્ધતિથી જોડાય; મારા મતે તેને સહજીવન, સમાનતા અને સન્માન શીખવવું અત્યંત જરૂરી છે. અને હા, દરેક બાળક એકબીજાથી અલગ છે એ બાબત સ્વીકાર્ય છે, પરંતુ 'હું બધાથી અલગ છું.' આ વિચાર બાળક માટે લાંબાગાળે હાનિકર્તા છે. દરેક જીવ માટે બાળક 'સંવેદનશીલ' બને એ જ મારા મતે શ્રેષ્ઠ શિક્ષણ છે."

ઉપરોક્ત ચિંતન-ચર્ચમાંથી ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે શિક્ષણના ક્ષેત્રમાં કામ કરનારે કેટલું ઝીણું કાંતવાનું છે અને કેટલું સાવધ રહેવાનું છે. મિહિર બહુ નાની ઉંમરે આ કરી શકે છે. એટલા માટે જ કદાચ એના

**(અનુસંધાન પાના નં. ૩૩ ઉપર)**

# ૦૯. ડીજીટલ-દર્શન...

**બ્લોકચેઈન**

**સંજય ચૌધરી**
srchaudhary@gmail.com

---

જો તમે અગાઉ જમીન ખરીદીને તમામ કાયદાકીય પ્રક્રિયા પૂરી કરી હોય અને તેને લગતા ૭/૧૨ના ઉતારામાં માલિક તરીકે અત્યાર સુધી તમારું નામ હોય અને અચાનક તમને ખબર પડે કે હવે તેમાં તમારા નામના સ્થાને કોઈ અન્ય વ્યક્તિનું નામ આવી ગયું છે અને તમારી જમીન પચાવી પાડી છે તો તમારા મનમાં કેવા વિચારો આવે ? યુનિવર્સિટીઓની ભૂતકાળમાં લેવાયેલી તમામ પરીક્ષાના રેકોર્ડ તથા દરેક વિદ્યાર્થી માટે તૈયાર કરેલી માર્કશીટ કે ગ્રેડશીટમાં અયોગ્ય રીતે ચેડા કે ફેરફાર તો નથી થઈ રહ્યાને ? ડેટા કે રેકોર્ડમાં અયોગ્ય રીતે થતા ફેરફારોને કાયમી ધોરણે કેવી રીતે અટકાવી શકાય ?

આજે આપણે સહુ પોતાની અંગત માહિતીથી શરૂ કરીને ચીજ વસ્તુઓ કે સેવાઓનાં ખરીદ વેચાણ સુધીની તમામ પ્રકારની આર્થિક લેવડ-દેવડ ધરાવતા ડેટા વધુને વધુ પ્રમાણમાં ડિજીટલ સ્વરૂપે રાખવાનું પસંદ કરીએ છીએ. એ દિવસો પણ દૂર નથી જ્યારે લોકો પોતાના ખિસ્સામાં રોકડ રકમ કે પાકીટ રાખવાને બદલે માત્ર ઇન્ટરનેટનું જોડાણ ધરાવતું સાધન રાખીને બહાર નીકળવાનું પસંદ કરશે. મોબાઈલ એપ અથવા વેબ સાઇટ દ્વારા ડિજીટલ સ્વરૂપે થઈ રહેલી આર્થિક લેવડદેવડ એટલી તો સરળ બની રહી છે કે લોકો તેની પાછળના તંત્ર વિશે વિસ્તારથી જાણવાને બદલે તેની પર વધુને વધુ ભરોસો રાખી રહ્યા છે. ડિજીટલ પદ્ધતિઓ હેઠળ નિર્માણ પામતા ડેટા સ્થૂળ સ્વરૂપે જોઈ શકાતા નથી. જો કે આ માટે ડિજીટલ પદ્ધતિઓ માટેના આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘડવામાં આવેલા કાયદા, ધારાધોરણો અને તે માટે સરકારે ચુસ્ત રીતે અમલમાં મૂકેલી કાયદાકીય જોગવાઈઓનું અગત્યનું પ્રદાન છે.

ડિજીટલ અર્થતંત્રમાં હજુ પણ ધંધા કે સંસ્થાની મૂળભૂત, નિયમનકારી તથા નાણાંકીય પ્રક્રિયાઓનું કેન્દ્રીકરણ જોવા મળે છે અને કેન્દ્રીય એજન્સીઓની મદદથી અમલમાં મુકાયેલી છે, જેમ કે લેવડદેવડ કરતી બેંકો, ભારતમાં ચલણી નાણાંનું નિયમન કરતી રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, કેન્દ્રીય વેરા વિભાગ જેવા કે આવકવેરા, આબકારી, સીમાશુલ્ક વગેરે. આ કેન્દ્રીય એજન્સીઓનું મુખ્ય કામ છે નાણાંકીય લેવડદેવડ તેમ જ આર્થિક વ્યવહારોને પ્રમાણભૂત કે અધિકૃત કરવાનું. આ તમામ કેન્દ્રીય પ્રક્રિયાઓ કે સેવાઓ મહદ્ અંશે માનવ સંચાલિત હોય છે અને તેમને સંપૂર્ણપણે સ્વયં સંચાલિત કરવાનું અત્યંત અઘરું હોય છે. આના કારણે સમગ્ર અર્થતંત્રમાં અંતરાય ઊભો થાય છે અને તેની સીધી અસર ડિજીટલ અર્થતંત્રના પ્રવાહ પર પડે છે. આ માટે જ જરૂર છે એક એવી પદ્ધતિની જે આવી બીબાંઢાળ કેન્દ્રીય પદ્ધતિ પર આધાર ન રાખતી હોય અને અનેક લોકો કે સંસ્થા કે કંપનીઓ દ્વારા અમલમાં મુકાયેલા આર્થિક વ્યવહારોનું નિયમન તથા સંચાલન તેમના જ દ્વારા કરવા દે. બ્લોકચેઇન એ આ દિશામાં મુકાયેલું પહેલું ક્રાંતિકારી પગલું છે.

બ્લોકચેઈન એ ઇન્ટરનેટ પર વિસ્તરણ પામેલ જાહેર ખાતાવહી(લેજર) છે, જેમાં જે તે પદ્ધતિને સંલગ્ન ઉપયોગકર્તાઓએ કરેલા લેવડદેવડ અથવા વ્યવહારોને લગતા તમામ રેકોર્ડનો સંગ્રહ કરવામાં આવે છે. બ્લોકચેઇન એ સહભાગી પદ્ધતિ છે અને તેમાં થતા વ્યવહારોનું નિયમન કે તેમને પ્રમાણભૂત માત્ર કોઈ એક કેન્દ્રીય પદ્ધતિ દ્વારા નહીં પણ તેમાં ભાગ લેનાર ઉપયોગકર્તાઓની સર્વસંમતિ દ્વારા કરવામાં આવે છે. એનો અર્થ થાય કે બ્લોકચેઇન

આધારિત માહિતી પદ્ધતિમાં ડેટાની નોંધણી તેમ જ અગાઉ નોંધાયેલા ડેટા પર ફેરફાર ત્યારે જ શક્ય બને જ્યારે તેની સાથે જોડાયેલા સહુ ઉપયોગકર્તાની સર્વસંમતિ હોય. એવું માનવામાં આ છે કે ઇન્ટરનેટની શોધ પછી જો કોઈ મહત્ત્વનો નવપ્રયોગ હોય તો તે છે – બ્લોકચેઇન, જે માત્ર ફાઇનાન્સિયલ ટેક્નૉલૉજી જ નહીં પરંતુ ઉત્પાદન, સપ્લાય ચેઇન, લોજિસ્ટીક્સ, હેલ્થકેર, જમીન તથા મહેસૂલી, શિક્ષણ વગેરે પદ્ધતિઓ માટે અતિ ઉપકારક નીવડશે.

બ્લોકચેઇન ટેક્નૉલૉજીના ખ્યાલનો આવિષ્કાર સાતોશી નાકામોટો દ્વારા ૨૦૦૮માં લખાયેલા સંશોધન પેપર "Bitcoin : A Peer-to-peer Electronic Cash System" પર આધારિત છે. આ પેપરમાં દર્શાવવામાં આવ્યું છે કે બીટકોઇન જેવી ડિજીટલ કરન્સીની મદદથી કેવી રીતે કોઈપણ વચગાળાની કેન્દ્રીય ફાઇનાન્સિયલ પદ્ધતિ કે પ્રક્રિયા વગર વ્યક્તિઓ કે સંસ્થાઓ નાણાંની લેવડ દેવડ કરી શકે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના અહેવાલ મુજબ ૨૦૧૭માં દુનિયામાં કુલ ત્રણ કરોડથી પાંચ કરોડ અને એંશી લાખ જેટલા લોકો બીટકોઇન જેવી ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરતા હતા. બીટકોઇનનું નિર્માણ તથા તેમાં થતા ફેરફારો એ બ્લોકચેઇનની મદદથી કરવામાં આવ્યા છે. આશ્ચર્યજનક બાબત તો એ છે કે સાતોશી નાકામોટો કોણ છે તેની આજ સુધી કોઈને ખબર સુધ્ધાં નથી પડી !

બ્લોકચેઇન ટેક્નૉલૉજીના ઉપયોગમાં ઇસ્ટોનિયા સૌથી આગળ પડતો દેશ ગણાય છે અને તેને વિશ્વનો સૌથી આધુનિક ડિજીટલ સમાજ પણ કહેવામાં આવે છે. બ્લોકચેઇન આધારિત કાર્ડની મદદથી તેના નાગરિકો દેશની ૯૯ ટકા જાહેર સેવાઓ જેવી કે આરોગ્યનો વીમો, બેંકના એકાઉન્ટમાં લોગ-ઇન કરવામાં, મતદાન વગેરેનો ઉપયોગ ઇ-સેવા તરીકે કરે છે.

વર્લ્ડ ઇકોનોમિક ફૉરમે બ્લોકચેઇન વિશે એક ફોરમની રચના કરી છે. વર્ષ ૨૦૧૮ની દાવોસ ખાતેની વાર્ષિક મીટિંગમાં કંપનીઓમાં બ્લોકચેઇનનો ઉપયોગ કરતી વખતે સચોટ માર્ગદર્શન મળે તે માટે એક ફ્રેમવર્ક તથા ટુલકીટ તૈયાર કરવામાં આવે તેવો નિર્ણય થયો. તેની જવાબદારી વર્લ્ડ ઇકોનોમિક ફૉરમના સેન્ટર ફોર ધ ફોર્થ ઇન્ડસ્ટ્રીયલ રીવોલ્યુશનને સોંપવામાં આવી, જે વિશ્વની જાણીતી કંપની તેમ જ સંસ્થાઓને સાથે રાખીને ટુલકીટ તૈયાર કરે.

બ્લોકચેઇન આધારિત માહિતી પદ્ધતિમાં ગેરકાયદેસર કે અયોગ્ય રીતે સુધારાવધારા કરવા શક્ય જ નથી તો સવાલ એ થાય છે કે બ્લોકચેઇનનો ઉપયોગ કરતી વખતે કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા ? તમારી કંપની કે સંસ્થામાં તમે જે પણ પ્રશ્નો અનુભવી રહ્યા હો તેના માટે બ્લોકચેઇન યોગ્ય રીતે હલ કરી આપશે કે કેમ તેની ચકાસણી કરવા માટે વર્લ્ડ ઇકોનોમિક ફોરમે અગિયાર પ્રશ્નોની યાદી તૈયાર કરી છે, જે પૈકીના ત્રણ નીચે જણાવેલા છે.

૧. તમે વચેટિયાઓ કે દલાલોને દૂર કરવા માગો છો ?

૨. તમારી અસ્કાયમતો કે મિલકતો જેવી કે શેર, બેંકનું ખાતું વગેરે ડિજીટલ સ્વરૂપે રજૂ કરી શકાય તેમ છે ?

૩. તમારી ડિજીટલ મિલકતો માટે કાયમી ધોરણે અધિકૃત તથા પ્રમાણભૂત રેકોર્ડ સંગ્રહી શકાય છે ? તમારી ડિજીટલ મિલકતની સ્થિતિ જો એકથી વધુ લોકો બદલી શકતા હોય તો તેની બદલાયેલી સ્થિતિ માટે તે તમામ લોકો સર્વસંમત હોવા જ જોઈએ.

ઉપરના ત્રણ પૈકી કોઈ પણ પ્રશ્નનો જવાબ ના હોય તો તમારે બ્લોકચેઇનની જરૂર નથી.

PWC કંપનીના સર્વે મુજબ ભારતમાં ૨૦૨૦ સુધીમાં ફાઇનાન્સિયલ તેમ જ ફીનટેક ક્ષેત્રની ૭૭ ટકા સેવાઓ મહદ્અંશે બ્લોકચેઇન આધારિત હશે. ભારતની સૉફ્ટવેર કંપનીઓ અને તેમાંય સવિશેષ સ્ટાર્ટઅપ કંપનીઓમાં બ્લોકચેઇન આધારિત સૉફ્ટવેર તૈયાર કરવાનો જુવાળ આવ્યો હોય તેમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

જે કમ્પ્યુટર બ્લોકચેઇનના ભાગરૂપ છે, ટ્રાન્ઝેકશન કરે છે અને વહેંચાયેલ લેજરની નકલ રાખે છે તેને નૉડ કહેવામાં આવે છે અને તેના ત્રણ મુખ્ય પ્રકાર છે :

૧. ફુલ નૉડ : જે બ્લોકચેઇનના તમામ નિયમોને ચુસ્ત રીતે અમલમાં મૂકે છે એટલે કે યૂઝર્સ દ્વારા થતા ટ્રાન્ઝેકશન પર સ્માર્ટ કૉન્ટ્રાક્ટ અમલમાં મૂકે છે. ફુલ નૉડ પાસે બ્લોકચેઇનનો સંપૂર્ણ ડેટાબેઝ એટલે કે લેજરની નકલ હોય છે.

૨. લાઈટ નૉડ : તે ફુલ નૉડ પાસેથી ટ્રાન્ઝેકશનની વિગતો મેળવે છે તથા થોડાઘણા અંશે ટ્રાન્ઝેકશનનો સંગ્રહ કરે છે.

૩. માઇનર નૉડ : એ ફુલ નૉડ છે અને ટ્રાન્ઝેકશનથી ભરાતા જતા બ્લોકને બ્લોકચેઇનમાં અધિકૃત રીતે જોડવા માટેની પ્રક્રિયા કરે છે.

બ્લોકચેઇનને તેના ઉપયોગના આધારે નીચે મુજબના ચાર પ્રકારમાં વહેંચવામાં આવેલ છે :

૧. પબ્લિક બ્લોકચેઇન : દુનિયાની કોઈ પણ વ્યક્તિ બ્લોકચેઇનમાં લખાયેલા ડેટા વાંચી શકે છે, ટ્રાન્ઝેકશન મોકલી શકે છે, તથા સર્વસંમતિ સધાય તો તેવા ટ્રાન્ઝેકશનને માન્યતા મળી શકે છે. બીટકોઇન, ઇથેરિયમ વગેરે પબ્લિક બ્લોકચેઇનનું ઉદાહરણ છે.

૨. પ્રાઇવેટ બ્લોકચેઇન : સામાન્ય રીતે કોઈ એક કંપની કે સમૂહ માટે જ તૈયાર કરવામાં આવેલું બ્લોકચેઇન જેમાં પૂર્વનિર્ધારિત યુઝર્સ જ માહિતી કે ટ્રાન્ઝેકશન મોકલી શકે અથવા તેની વહેંચણી કરી શકે.

૩. પરમીશન્ડ બ્લોકચેઇન : અહીં બ્લોકચેઇનના ભાગરૂપ કેટલાક યૂઝર્સ તથા સમૂહને જ ટ્રાન્ઝેકશનને અધિકૃત કરવા માટે પરવાનગી આપવામાં આવેલી હોય છે. અહીં મુખ્ય આશય વધારાની સુરક્ષા પૂરી પાડવાનો છે. રિપલ નામની ક્રિપ્ટોકરન્સી આનું ઉદાહરણ છે.

૪. ક્નસોર્શિયમ બ્લોકચેઇન : આમ તો તે પ્રાઇવેટ બ્લોકચેઇન જ છે પણ અહીં માત્ર એક કંપનીને બદલે એકથી વધુ કંપનીઓ મળીને પોતાના જૂથ માટે તેની રચના કરે છે. અહીં તમામ સભ્યો કે નૉડ પૈકી થોડાક જ નૉડ પાસે ટ્રાન્ઝેકશનને અધિકૃત કરવા માટે પરવાનગી આપવામાં આવેલી હોય છે, જ્યારે જૂથના અન્ય તમામ સભ્યો તેને વાંચી શકે છે.

૨૦૧૮ના ડિસેમ્બર મહિનામાં દિવિત નામના બાળકને પશ્ચિમ બંગાળના ન્યૂ ટાઉન કોલકત્તા ડેવલપમેન્ટ ઑથોરીટી દ્વારા બ્લોકચેઇનની મદદથી તૈયાર કરેલું જન્મ નોંધણીનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ પ્રકારે તૈયાર થયેલા સર્ટિફિકેટના ડેટામાં અયોગ્ય ફેરફાર નહીં કરી શકાય. ભારતમાં નાગરિકો માટે બ્લોકચેઇનની એપ્લિકેશનનો આ એક નોંધપાત્ર દાખલો કહી શકાય. આંધ્ર પ્રદેશ, તેલાંગણા જેવાં રાજ્યો પણ આરોગ્ય, જમીન તથા જન્મ નોંધણી, સરકાર દ્વારા થતી ઑનલાઇન ખરીદી વગેરે માટે બ્લોકચેઇનના ઉપયોગની શરૂઆત કરી ચૂકી છે.

બ્લોકચેઇનના વિવિધ વિનિયોગ તથા તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય કક્ષાએ જરૂરી માળખાગત સવલતો પૂરી પાડી શકાય તે માટે એક દસ્તાવેજ તૈયાર થાય છે. C-DAC, IDRBT વગેરે સંસ્થાઓ સાથે મળીને 'ડ્રિસ્ટ્રીબ્યુટેડ સેન્ટર ઑફ એક્સલન્સ ઇન બ્લોકચેઇન ટેક્નૉલૉજી' પ્રૉજેક્ટ પર સંશોધન તેમ જ પ્રયોગાત્મક ધોરણે કામ કરી રહી છે, જેને મંત્રાલય દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી છે.

આ પ્રૉજેક્ટના ભાગ તરીકે તેલાંગણા રાજ્યના શમશાબાદ જિલ્લામાં બ્લોકચેઇનની મદદથી મિલકત નોંધણીનું પ્રારંભિક ધોરણે કામ થઈ ચૂક્યું છે. આ સેન્ટર દ્વારા વિવિધ ડિજિટલ મિલકતો અથવા દસ્તાવેજો જેવા કે યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આપતા સર્ટિફિકેટો, કંપની કે પેઢીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા વેચાણ દસ્તાવેજો, વાહનો કે હોટલોની નોંધણી વગેરેની ચકાસણી કરવા માટે બ્લોકચેઇન ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે. સૉફ્ટવેર કંપનીઓ માટે વિવિધ એપ્લિકેશનોમાં બ્લોકચેઇનનો ઉપયોગ કરવા માટે આવા ફ્રેમવર્ક અગત્યના માર્ગદર્શક બની રહેશે.

ડિજિટલ કે ક્રિપ્ટોકરન્સીમાં બેવડી ચૂકવણી(ડબલ સ્પેન્ડિંગ)નો પ્રશ્ન વ્યાપક છે. ચલણી નાણાંના ઉપયોગમાં આ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો, દા.ત. દસ રૂપિયાની નોટને

એક વાર વાપરીને વ્યક્તિ દસ રૂપિયાની જ ચીજવસ્તુ ખરીદી શકે છે. ત્યાર પછી તેની પાસે રહેલી દસ રૂપિયાની નોટ વેચનાર પાસે જતી રહે છે. ક્રિપ્ટોકરન્સીમાં આર્થિક લેવડદેવડ વખતે યુઝર્સને ડિજિટલ ટોકન આપવામાં આવે છે. ડિજિટલ ટોકનનો એક વાર ઉપયોગ થાય એટલે તેની ચકાસણી કરીને તેના આધારે થયેલી લેવડદેવડ પૂરી થયેલી ગણાય. પરંતુ એક જ ડિજિટલ ટોકનનો બે કે તેથી વધુ વાર ખરીદી માટે ઉપયોગ કરવામાં આવે તો ?

વિકેન્દ્રિત પદ્ધતિમાં અલગ અલગ સ્થાનેથી થતા રહેતા વ્યવહારોમાં વિલંબ થતો હોય છે અને ત્યારે એકનો એક ડિજિટલ ટોકન એકથી વધુ વાર ઉપયોગમાં લેવાઈ જાય તેવી શક્યતા છે. જો કે ડબલ સ્પેન્ડિંગનો પ્રશ્ન નિવારવા માટે પ્રૂફ ઑફ વર્ક પ્રૂફ ઑફ સ્ટેક જેવા આલ્ગોરિધમ ઉપલબ્ધ છે. જો કે સાયબર હેકર્સ આ પદ્ધતિમાં રહેલા છીંડાં શોધીને એક જ ડિજિટલ ટોકનનો એકથી વધુ વાર ઉપયોગ કરવાના પ્રયત્નમાં સતત લાગેલા જ હોય છે જે ચિંતાજનક છે ! જો કે બ્લોકચેઇન ટેક્નોલૉજીમાં થઈ રહેલા સંશોધન તેમ જ તે ક્ષેત્રમાં ઝંપલાવવા માટેની તત્પરતાને ધ્યાનમાં લેતાં આવનારાં વર્ષોમાં બ્લોકચેઇન આધારિત એપ્લિકેશનનો વિસ્તાર વધતો જશે. માટે જ ગાર્ટનરનું અનુમાન સાચું લાગે છે કે ૨૦૩૦ સુધીમાં બ્લોકચેઇનનું ધંધાકીય મૂલ્ય ૩.૧ ટ્રિલિયન ડૉલર થઈ જશે.

સંદર્ભ :

૧. https://en.wikipedia.org/wiki/Bitcoin

**(અનુસંધાન પાના નં. ૨૯ ઉપરથી)**

વિદ્યાર્થીઓ મિહિર પાસેથી 'મોજ' ભણી રહ્યા છે !

છેલ્લાં બે વર્ષથી મિહિર ભૂજની શિશુકુંજ શાળામાં કામ કરે છે. આ શાળા મુખ્ય પ્રવાહની હોવા છતાં સરસ પ્રયોગો કરે છે. શિશુકુંજમાં ૮ ધોરણ સુધી વિદ્યાર્થીઓની કોઈ ફોર્મલ પરીક્ષા લેવામાં આવતી નથી, કોઈ પ્રકારના માર્ક્સ કે ગ્રેડ પણ આપવામાં આવતા નથી. શાળામાં શીખવા માટે ડર , તુલના-સ્પર્ધા, રીવોર્ડ અને પનિશમેન્ટથી મુક્ત શીખવાનું – ખીલવાનું વાતાવરણ બનાવાનો પ્રયત્ન થાય છે. શિક્ષકો પ્રવૃતિઓ અને પ્રોજેક્ટ્સ દ્વારા શિક્ષણ આપે છે. અહીં મિહિર નાનાં બાળકો સાથે ભાષાશિક્ષણના પ્રયોગો કરે છે. મોટા વિદ્યાર્થીઓ સાથે 'ક્રિએટિવ કંપ્યુટિંગ ક્લબ' ચલાવે છે; જેમાં ટેક્નૉલૉજીને રચનાત્મક રીતે ઉપયોગ કરવાના પ્રયોગો કરે છે. આ ઉપરાંત ઇકોબડી ક્લબમાં પર્યાવરણ સાથે દોસ્તીની વાત કરે છે. સાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી પલાસ્ટિક અપ સાયકલિંગ દ્વારા પાણીની ખાલી બોટલમાંથી ઈંટો, પલાસ્ટિકનાં રેપરમાંથી બુકમાર્ક્સ બનાવવાં, ઇકોબડી મૅગેઝિન પબ્લિશ કરવું , ઇકોબડી બેન્ડ બનાવી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. આ ઉપરાંત વિષયો અને પાઠપુસ્તકોના પાઠને રિયલ લાઈફ પ્રોજેક્ટમાં ફેરવી પ્રોજેક્ટ બેઝ્ડ લર્નિંગના પ્રયોગો પણ મિહિર કરતો રહે છે. બાળકો અને શિક્ષકો સાથે મળીને કંઈક કરવા મિહિર સતત તૈયાર રહે છે. કોઈ સંસ્થામાંથી આમન્ત્રણ મળે કે ન મળે મિહિર થીએટર, ડિઝાઈન થીંકિંગ, પ્રોજેક્ટ બેઝડ લર્નિંગ, ફિલ્મવાલા કલાસ જેવા વિષયો ઉપર વર્કશોપ કરવા પહોંચી જાય છે. આમ મિહિરને ગમતી બધી પ્રવૃત્તિઓ અહીં કરવા મળે છે એટલે મજા આવે છે. મેં મિહિરને પૂછ્યું કે આગળ શું કરવું છે ? તો એણે મને મસ્ત જવાબ આપ્યો, "આગળ બહુ બધું વિચાર્યું નથી પણ જ્યાં જ્યાં બાળકો સાથે શીખવા-શીખવવાની પ્રવૃત્તિઓ કરવા મળે, ત્યાં જવાની ઈચ્છા છે. જોઈએ...આગે આગે ગોરખ જાગે !"

મિહિર જેવા યુવાનોની રચનાત્મક રખડપટ્ટી ખરા અર્થમાં તો અવધૂતોની યાત્રા જેવી જ છે ! કેમ કે એક વ્યાપક સમાજને સાચી દિશામાં લઈ જવા માટે પ્રામાણિક પુરુષાર્થ કરે છે ! મિહિર પ્રક્રિયાનો માણસછે; વાંચેછે, વિચારે છે, પ્રયોગો કરે છે, ચર્ચાઓ કરે છે અને બાળકોને અનહદ પ્રેમ કરે છે અને એટલે જ એ બૌદ્ધિક અને ભાવાત્મક રીતે બેશુમાર જીવે છે !

★

## છાત્રાલયમાં અનુભવે શીખેલી 'સમૂહભાવના' જીવનશૈલી બને ત્યારે...

નીતિન ભીંગરાડિયા
nitinbhingradiya@gmail.com

કોઈપણ સંસ્થાની સાચી મૂલવણી કઈ હોઈ શકે ? એ પ્રશ્ન હંમેશા સંકુલ રહ્યો છે. મૂલવણીના માપદંડો વિશે અભિપ્રાયભેદ પણ જોવા મળી શકે ! સંસ્થાના ભૂતકાળ અને સાંપ્રતના પરીક્ષણ થકી પ્રાપ્ત નવનીત જ શ્રેષ્ઠતાનું સાચું પરિચાયક હોય છે. અંતે તો શૈક્ષણિક સંસ્થાએ રાષ્ટ્ર અને સમાજને શું આપ્યું એ જ તો વૈભવ ગણાય. લોકભારતીએ આજ પર્યંત અનેક સમાજસેવકો, મૂલ્યનિષ્ઠ અને વત્સલ શિક્ષકો, પ્રગતિશીલ ખેડૂતો, પર્યાવરણપ્રેમીઓ, જાહેરજીવનનું પ્રેરક નેતૃત્વ, પ્રામાણિક વહીવટકર્તાઓ, રચનાત્મક કાર્યકરો, રાષ્ટ્ર અને સમાજ સમર્પિત સંવેદનશીલ નાગરિકો તૈયાર કરી રાષ્ટ્ર નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

અહીં પ્રારંભે સંસ્થાનું મહિમાગાન કરવાનું એક ખાસ કારણ છે. મહિમાગાનને એક ભૂમિકા બનાવી મને સંતૃપ્ત કરનારી તાજેતરની એક ઘટનાને તેના સમર્થનમાં સૌ સાથે વહેંચવી છે. લોકભારતી વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે હંમેશા કટીબદ્ધ રહી છે. તેના સહજ અને જીવંત દાખલાઓ સતત મળ્યા જ કરે છે. શિક્ષણ અને કેળવણીનું સાયુજ્ય કરી જાગૃત અને સંવેદનસભર માનવ તૈયાર કરવા છાત્રાલયને અનિવાર્ય ઘટક ગણ્યું છે. અભ્યાસમાં નબળો વિદ્યાર્થી પણ છાત્રાલયની કેળવણી થકી ઉમદા અને સારો માણસ બની સમાજને ઉપયોગી થઈ જીવનને મહેકાવતો હોય છે. છાત્રાલયનું સમૂહજીવન વિદ્યાર્થીઓની સારપ અને નબળાઈઓનો સરવાળો અને બાદબાકી કરવાનું નિમિત્ત બને છે. છાત્રાલયની સમૂહભાવના અખંડદર્શન આપી હૃદયને ઋજુ બનાવી માનવીય ઘાટઘુટ આપે છે. છાત્રાલય જીવનમાં વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અને મનુષ્યત્વનો વિકાસ થાય છે. ચારિત્ર્ય ઘડતરની સાથે સંકળાયેલા કાર્યકરોનો પણ અદશ્ય રીતે આત્મવિકાસ થતો છે. છાત્રાલયવાસી વિદ્યાર્થી અને ગૃહપતિ વચ્ચે આત્મીય સંબંધો જીવન ખુશબોનું વિસ્તરણ કર્યા જ કરે. સમૂહજીવનને કારણે વિદ્યાર્થીઓમાં નિર્મળ મૈત્રીભાવ અને નિતાંત પરિવારભાવ વિકસતો-વિલસતો રહે છે.

લોકભારતીની મારી કારકિર્દીમાં છાત્રાલય જવાબદારી સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આઠ-દસ વર્ષ સંકળાવાનું બન્યું છે. સીધી જવાબદારીમાં ન હોવા છતાં છાત્રો સાથે અતૂટ નાતો જળવાયો છે. છાત્રાલય સંચાલન-સંકલન કરતાં વિવિધ સ્મરણીય અનુભવો થયા છે. દરેક મારા સંવેદનવિશ્વને ઝંકૃત કરે અને 'સ્વ'ની શોધ કરવા પ્રેરે એવા અનુભવો પણ સ્મરણમંજૂષામાં પડેલા છે. કલમ સક્રિય બનશે ત્યારે આત્માવલોકન કરતાં કરતાં સ્મરણો આલેખવાનું ગમશે. અલબત્ત આજે છાત્રાલયકેન્દ્રી જ એક ઘટનાએ મને ઝંકૃત કર્યો તેની વાત કરવી છે. છાત્રાલયમાં કેળવણી પ્રાપ્ત કરેલાં વિદ્યાર્થીઓમાં પારિવારિક ભાવના અને સંવેદના કેટલી જીવંત અને સહજ હોય છે, તેના પ્રત્યક્ષ સાક્ષી બનવાનું સદભાગ્ય મળ્યું એ સંતૃપ્ત કરનારી ક્ષણોની ઝાંખી સ્વર્ગસ્થ વિદ્યાર્થીના ચરિત્રમહિમા સાથે કરાવવી છે.

૨૦૧૮ના જુલાઈ માસમાં એક દિવસ બપોરે કેટલાક વિદ્યાર્થીઓ મારા ઘરે આવ્યા. આ વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૦૯-૧૦માં બી.આર.એસ. પૂરું કરેલું. આનંદબજારમાં 'હરિની હાટડી' નામે મફત ખીચડી-કઢી અને શીતળ છાશનો એક સ્ટોલ સાથે મળી નાખેલો. તે દિવસથી મને 'હરિ' કહીને આ છાત્રો બોલાવતા. દ્વાર પર આવીને હળવા સૂરે કહેઃ '...હ..રિ..' અનુકૂળતા હોય તો નંદગામ(ડેડકડી) જવું

છે. સાથે આવો.' મેં કારણ પૂછ્યું. તો કહેઃ 'ભાઈ' (અનિલ ચૌહાણઃ પ્રિય થયેલું નામ) અકસ્માતમાં ગુજરી ગયો છે.' હું સમાચાર સાંભળી સ્તબ્ધ થઈ ગયો. તદન નિરુત્તર જેવો. ભાઈની રેખાકૃતિ અને ગુણાકૃતિ મારામાં જીવંત થઈ તરવરવા લાગી. સરળ અને શાંત સ્વભાવ, મિલનસાર પ્રકૃતિ, પુરુષાર્થી જીવ, સાદગીસભર અને સંસ્કારિતાની અમીટ છાપ મારામાં અંકિત કરનાર અનિલ ચૌહાણ 'ભાઈ' ગુમાવ્યાનું દુઃખ સૌના ચહેરા પર વર્તાતું હતું. હૃદયસ્થ અવ્યક્ત પીડા વાણીમાં ધ્રુજતી હતી. સૌના ચહેરા પર પોતાનો સગો ભાઈ ગુમાવ્યાની વ્યથા વંચાતી હતી. 'ભાઈ' જીવનની યાત્રાને આ રીતે વિરામ આપશે એ હું સ્વપ્નેય ન વિચારી શકું. ભરાવદાર સદૈવ હસતો ચહેરો અને મિતભાષી ભાઈ દિવ્યાંગ હોવા છતાં સવાયો સક્ષમ માણસ હતો તેની પ્રતીતિ ગૃહપતિ તરીકે મને હતી. સહાધ્યાયી મિત્રો તેની સતત મજાક-મસ્તી કર્યા કરે. ભાઈને ચીડવવાના પૂરતા પ્રયાસ કરે પણ એ તો એ બાબતમાં કાળમીંઢ પથ્થર. ભાગ્યે જ હાસ્યવદને ઉશ્કેરાય. વિરોધીઓને પણ નતમસ્તક કરવાની જીવન વ્યવહારની કુશળતા તેનામાં વસેલી હતી. ગૃહકાર્યોથી શરૂ કરીને વર્ગકાર્ય સુધીના તમામ કામોમાં ભાઈ પૂરો નિયમિત. કોઈ સૂચના આપવી પડે એવી કચાશ રાખે જ નહીં. એક સંસ્કારી અને આદર્શ વિદ્યાર્થી તરીકેની છાપ આત્મસૂઝથી અંકિત કરેલી.

ધોળા પાસેના નાનકડા નંદગામમાં સામાન્ય અને ગરીબ કુટુંબમાં ભાઈનો ઉછેર થયેલો. પિતા વાઘજીભાઈને ત્રણ સંતાનો. બે દીકરા અને એક દીકરી. ત્રણેય ભાંડુઓમાં અનિલ મોટો; એટલે સ્વાભાવિક રીતે જ ઘરની જવાબદારીઓની અપેક્ષા સહજ હોય. વાઘજીભાઈએ બાલ્યાવસ્થાથી જ એવા સંસ્કાર સીંચ્યા કે ગામ અને સંસ્થામાં વિશેષ પ્રીતિપાત્ર બનેલો. પરિપક્વ સમજદારી અને વર્તનની શિષ્ટતા તેના સંસર્ગમાં આવેલાને સતત વર્તાયા કરે. ઘરનો મોભી બનવા સક્ષમ અને આશાસ્પદ ભાવિરૂપ 'ભાઈ'નો જીવનમોભ અકાળે તૂટી જશે એની કોઈને કલ્પના પણ નહોતી ! માતાપિતાએ દીકરા માટે સાધારણ સ્વપ્નાઓ જોયેલા. તેમને કઠોર પરિશ્રમ કરીને આર્થિક ખેંચ વચ્ચે લોકભારતીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલેલો. પશુપાલન વિષય સાથે સ્નાતક થઈ ગ્રામસેવકની નોકરી આત્મબળે મેળવી. વિષય તાદાત્મ્યતા સાથે જ્ઞાન અને અનુભવ પ્રાપ્તિના સઘળાં દ્વાર તેણે હંમેશા ખુલ્લાં રાખેલાં. કોઈપણ કાર્યકરના ઉંબરે ઊભા રહી વાચનસામગ્રી મેળવવી એ તેના જીવનનો શોખ હતો. નવરાશની પળોમાં કાયર્કર પરિવારના ઘરે જઈ કોઈ સાંપ્રત વિષયની મુક્ત ચર્ચા કરવી એ તેનો આનંદ. ખોટી પ્રવૃત્તિના પ્રોત્સાહક બનવાના કે નબળી વ્યક્તિઓના સહવાસમાં આવવાના ગેરફાયદાઓ કદાચ જન્મથી જ જાણી લીધેલા. તોફાની કે નબળી છાપ ધરાવતા સહાધ્યાયી સાથે કેવો ઘરોબો કેળવવો એ આત્મસૂઝ ગજબની ! જળકમળવત સંબંધ જાણે તેની જીવનમૂડી. ઈશ્વરે દિવ્યાંગ બનાવ્યો પણ જીવનમાં એક પણ અંશ દિવ્યાંગ ન રહેવા દીધો. ધવલરંગી ભાઈના જીવનરંગો પણ ધવલ અને શાતા આપનારા. સામર્યાદ વાણી-વર્તન તેના જીવનની શોભા. ઘરની આર્થિક સ્થિતિને સમજીને કરકસરયુક્ત અને સ્વાવલંબી બની અભ્યાસ કર્યો. કોની સાથે કેટલું અંતર જાળવવું એ આત્મજ્ઞાન આત્મસાત કરી લીધેલું પણ કોઈને તેનો અહેસાસ ન થવા દીધો. છાત્રાલયજીવન મૂલ્યાંકનમાં તમામ માપદંડોમાં શતકીય ગુણોથી ઉત્તીર્ણ થવાનું જીવનતત્ત્વ તેની પાસે હતું. સહાધ્યાયી વિદ્યાર્થીઓ સાથે વાડવેલાનો સંબંધ. ભાઈ વાડ બનીને સહાધ્યાયીઓને જીવન સહાય કરે એવું સંવેદનશીલ અને પરોપકારી વ્યક્તિત્વ.

૨૦૦૯-૨૦૧૦ વર્ષના ગ્રામવિદ્યા સ્નાતકના વિદ્યાર્થીઓનું જૂથ મારા માટે યાદગાર અને વિશિષ્ટ હતું. સામાન્ય રીતે દરેક વર્ષે હોય છે તેમ થોડા તોફાની, મસ્તીખોર અને અક્કડ વલણ ધરાવતા વિદ્યાર્થીઓ પણ ખરા ! આ જૂથની સંગઠનશક્તિ ધ્યાનાકર્ષક. મનગમતો નિર્ણય લેવડાવવામાં એકસૂર અને એકહાથ બનીને ઝઝૂમે. લોકસેવામાં વર્ષાન્તે આવતી પરીક્ષાનું સમયપત્રક એકવાર જાહેર થયા બાદ બદલવું લગભગ અસંભવ. આ જૂથના એક સહાધ્યાયીના લગ્ન વાર્ષિક પરીક્ષાના દિવસોમાં

નિર્ધારિત થયેલા. તમામે નક્કી કરેલું કે લગ્નના દિવસે પરીક્ષામાં રજા રખાવી લગ્નની મજા માણવી છે. છાત્રાલય હાજરીમાં મારી પાસે હળવેકથી પ્રસ્તાવ મુકાયો. મેં મારાં મિજાજ મુજબ જ થોડા આંકરા અવાજમાં પ્રસ્તાવને ઉડાડી દીધો. તેઓ લગ્નના કાલ્પનિક આનંદમાં પરીક્ષા અને કારકિર્દીની ગંભીરતા ભૂલી ગયેલા. આથી રજા મેળવવાના અણઘડ તુક્કા બદલ મારો અનપેક્ષિત ઠપકો સહન કરવો પડેલો. બે-ત્રણ દિવસ બાદ હું અચંબામાં પડી ગયો એવો રોકડો નિર્ણય મારી સામે મૂકાયો. શરૂ પરીક્ષાએ વચ્ચેના એક દિવસ રજા રખાવી લગ્નમાં જવાની મંજૂરી ગર્વભેર મેળવી લીધેલી. ત્યારે હું નિર્ણયમાં ફેરફાર કરાવવાની કુશળતા અને સંગઠનશક્તિની જીત સામે લાચાર હતો. મને વિશ્વાસમાં લીધા વગર લેવાયેલા નિર્ણયથી ગૃહપતિ નાતે અસંતુષ્ટ હોવા છતાં મળેલી મંજૂરીને અનુસરવા સિવાય છૂટકો નહોતો ! મારી પ્રબળ નારાજગી વચ્ચે આખું છાત્રાલય (કદાચ એક પણ અપવાદ વગર) લગ્નની મજા માણવા ઉપડ્યું.

આજથી દસેક વર્ષ પહેલા લગ્નપ્રસંગમાં ડી. જે. સાઉન્ડનો બહુ ચાલ નહીં. તમામ વિદ્યાર્થીઓ ડી.જે.ના તાલે ખૂબ નાચેલા. મોડી રાત સુધી નાચવાનો ઉમંગ માણીને પ્રભાતે આંખમાં તાલસૂર આંજીને પરત આવેલા. ઉમંગનો અને ઉજાગરાનો થાક આખો દિવસ દરેકની દેહભાષામાં ચાડી ખાતો હતો. સાંજે છાત્રાલય હાજરીમાં મારી વ્યંગ્યવાણીમાં વાલી સહજ નારાજગી અને રોષ ઊતરી આવ્યાં અને વરસતા રહ્યાં. ડી. જે. લાવવાનો છૂપો નિર્ણય થોડા હરખઘેલા આગેવાન વિદ્યાર્થીઓએ કરેલો. મેં એ વેળા એ બિનજરૂરી ખર્ચ કરાવવા બદલ મારી કેળવણીની શાળામાં નપાસ કરેલા. બાદમાં જાણવા મળ્યું કે સ્વૈચ્છિક યોગદાનની યોજના થકી સાઉન્ડનો તમામ ખર્ચ કર્યો હોવા છતાં નિરર્થક ખર્ચનું દુઃખ મેં સંઘરી રાખેલું. એ વેળાએ ભાઈ જેવા થોડાં(બધા) સમજદાર વિદ્યાર્થીઓની આંખોમાં ભૂલનો પસ્તાવો તરવરતો દેખાઈ આવતો. અલબત્ત સમૂહભાવનાની આ ઘટનાને હું ક્યા અભિગમથી મૂલવું એ અંગે અસ્પષ્ટ હતો. મને અધૂરી કેળવણીની પરિચાયક લાગેલી. તેનું નિરસન આ સપ્તાહમાં અચાનક જ થયું.

ગત વર્ષે ભાઈ અનિલના દુઃખદ નિધનના સમાચાર સાંભળી ઘણા સહાધ્યાયી મિત્રો દિલસોજી પાઠવવા દૂરદૂરના વ્યવસાય સ્થળોથી આવેલા. શિક્ષક, પોલીસ, સૈન્ય, ગ્રામસેવક, સ્વૈચ્છિક સંસ્થા અને અંગત વ્યવસાય સાથે મુખ્યત્વે સંકળાયેલા આ વિદ્યાર્થીઓ ભાઈને ભાવાંજલિ આપવા આવ્યા ત્યારે છાત્રાલયમાં બંધાયેલી પરિવારભાવના જીવંત અને મૂર્તિમંત થયેલી જોવા મળી. અકાળે અવસાનથી અનિલના ધર્મપત્ની કૈલાસબેન અને ચિ. વેદની નિરાધાર સ્થિતિનું દુઃખ સૌના હૈયામાં વલોવાતું હતું. થોડાં દિવસો બાદ ફોજી મિત્રને વિચાર સ્ફૂર્યો. આપણા પરિવારમાંથી કોઈપણ આવી રીતે વિદાય થાય તો તેને આપણે આર્થિક મદદ કરીને ટેકો આપી માનવીય ધર્મ અદા કરવો જોઈએ. સમૂહ માધ્યમ થકી વિચાર રમતો થયો. ન્યુનતમ રકમ સુનિશ્ચિત કરી યથાશક્તિ યોગદાન આપવાનું ભાવઝરણું વહેતું થયું. હમણાં જ પગભર થયેલા આ વિદ્યાર્થીઓએ એક લાખની માતબર ધનરાશિ એકઠી કરી. ચાલુ સપ્તાહમાં જ મને સાથે રાખી 'ભાઈ'ના પરિવારને આત્મીય ભાવથી સહાય અર્પણ કરી. સાથે ચિ. વેદને ભવિષ્યમાં પણ સહાય કરવાની તૈયારી પણ બતાવી. આ પળો બહુ ભાવુક કરનારી હતી. અનિલની વિદાય પછી પુત્રવધૂની હાજરીમાં ક્યારેય આંસુ ન સારવા સંકલ્પબદ્ધ કઠણ હૃદયી માતાપિતા આ ભાવનાથી હૈયાને રોકી ન શક્યા. ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. સહાધ્યાયી મિત્રોએ આપેલી પારિવારિક હૂંફના પરિતોષે માતાપિતાને હર્ષાશ્રુ લાવી દીધાં. ઘાવ તાજો થયો એમ નહિ લોકભારતીના શિક્ષણે ચિ. વેદને આધાર પૂરો પાડ્યો એનો ભાવનાત્મક રાજીપો આંખોમાં અશ્રુજળરૂપે તરવરતો મેં જોયો. વાઘજીભાઈએ તો વેદને પણ લોકભારતીમાં ભણાવવાનો સંકલ્પ મારી સામે મૂકી દીધો. હું વર્તમાન અને ભૂતકાળને જોડતો વિચારતો રહ્યો. વેડછીના વડલાનું સમૂહગાન, ઉપવાસી જંગ છેડનારા

**(અનુસંધાન પાના નં. ૩૮ ઉપર)**

## ૧૧. વારસો રીઈન્સ્ટોલ્ડ...

**વાણીના સ્વામીઓ વિનાની ગુજરાત વાંઝણી કહેવાય**
**ઝવેરચંદ મેઘાણી**

---

(૧૯૪૬માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્ય વિભાગના અધ્યક્ષ તરીકે ઝવેરચંદ મેઘાણીએ આપેલા વ્યાખ્યાનના અંશો)

મારો પ્રાન્ત અવલ દરજ્જાના પ્રતિભાવંતોથી વંચિત રહે એ મને અકળાવે છે. એકાદ ગોવર્ધનરામનું સ્થાનેય અરધી સદી સુધી ખાલી પડ્યું રહે એ અસહ્ય છે, કારણ કે પ્રતિભાવંતોને અભાવે સામાન્યોમાં વામણા આદર્શોની પૂજા પેસી જાય, મધ્યમોનું જોણ ઊર્ધ્વમુખી રહે નહીં, ગુજરાતી વાઙ્મયની શક્યતાના વિસ્તીર્ણ સીમાડા કોઈ મધ્યમોને દેખાડે નહીં. સામસામા કૂપમંડૂકો પેટ ફુલાવતા બેસીએ છીએ. પ્રજાસમસ્ત પણ સાહિત્ય અને સાહિત્યકાર એ બે શબ્દોના ઉચ્ચાર માત્ર સાથે જે એક રગરગવ્યાપી ગંભીરતા ને આકાશી વિસ્તીર્ણતાનો ભાવસ્પર્શ અનુભવી રહે, તે સાચા સ્વામીના અભાવે અનુભવી શકતી નથી. માટે હું ટાગોરને ભલે નહીં પણ ગોવર્ધનરામને તો ગુજરાતને ટીંબે માગું છું. વાણીના સ્વામીઓ વિનાની ગુજરાત સેંકડોને પ્રસવ્યા છતાં વાંઝણી કહેવાય.

તથાપિ સામાન્યો-મધ્યમો પર હું જરીકે ઓછું જોર આપવા માગતો નથી. કદી નહીં એટલી મોટી જરૂર સામાન્યોની આ જમાનાને પડી છે. ફક્ત પ્રતિભાનો ફાંકો મૂકી દઈએ તો આપણે સારુય કામના ઢગલા પડ્યા છે. દેશાવરો સાથેનાં તેમ જ પ્રાન્ત-પ્રાન્ત વચ્ચેનાં વિનિમય-દ્વારો ઊઘડવાં લાગ્યાં છે. કાવ્યથી માંડી વ્યુત્પત્તિ લગીના કાર્યપ્રદેશોમાં નવી સ્ફૂર્તિ સંચરી છે. યુનિવર્સિટીઓ માતૃભાષાને માધ્યમ બનાવી રહી છે. ગુજરાતની આગવી વિદ્યાપીઠને આકાર ધરી પૃથ્વી પર ઊતરતાં ઝાઝી વાર નથી, છતાં ક્યાં છે ગુજરાત પાસે વિદેશી કે પરપ્રાંતીય ગ્રંથમણિઓનાં અકબંધ અણીશુદ્ધ ભાષાંતરોયે ?

આ રહ્યો મધ્યમોની સામે કામ-ઢગલો. એકાદ ભાઈ ચન્દ્રશંકર ચશુક્લ પોતાને વતન બેસી જઈ રાધાકૃષ્ણનની પ્રાસાદિક રચનાઓનાં ઓજસપૂર્ણ અને અર્થભારવાહી અનુવાદો આપ્યે જાય છે. ભાઈ નગીનદાસ ટાગોરની આરાધના માંડી એકલા બેસી ગયા છે. આ કસબને એ ભાઈઓએ સ્વાવલંબી કક્ષાએ પહોંચાડ્યો છે. નવજીવનમાં જેઓ બેઠા છે એ મધ્યમની હાથે થઈ રહેલું ધારાવાહી જ્ઞાનદોહન નિહાળો. એ બધા કવિતા અને વાર્તા લખવા બેઠા હોત તો ?

સામાન્યોને હું વિવેક કરવા સૂચવું છું. કીર્તિની કામનાના બે પ્રકારો છે : રોગિયલ અને નિરોગી. ‘કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહીં કદી !’ એવા ચવાઈ ચવાઈ છોતાં બની ગયેલ ગીતાસૂત્રને તમારાં માથાંમાં નહીં મારું. દ્રવ્યલાભ અને કીર્તિલાભ, બન્નેના તમે સાહિત્યક્ષેત્રે અધિકારી છો. પણ સંપત્તિ અને કીર્તિ બન્ને તમારાં વારણાં લેતી, તમારા પર લળતી ને ઢળતી આવે એ એક વાત છે, ને બેઉની પાછળ ‘શુનીમન્વેતિ શ્વા’વાળી એકાદ હસ્તપ્રત લઈને લેખક લટુવેડા કરતો દોટો લગાવે એ બીજી વાત છે.

દ્રવ્યલાભ, કીર્તિલાભ ઉપરાંત એક બીજી બાબત આપણું પ્રેરકબળ છે—ને એ જ મુખ્ય છે. એ છે આત્મસંતૃપ્તિ. મેં કોઈ મહાસત્ત્વ જોયું, માનો કે હું હિમાચલ જેવા પહાડમાં ઘૂમી આવ્યો કે ગેરસપ્પાનો ધોધ જોઈ આવ્યો. એ જ પ્રમાણે, ધારો કે મેં આ દેશની કે પરદેશની ઉત્તુંગ માનવ-વિભૂતિઓનું સાન્નિધ્ય સેવવાનો મોકો મેળવ્યો. એ વિભૂતિદર્શનમાંથી સાચા રસાનંદનું એકાદ બિંદુય મને લાધી ગયું, તો તો હું એની ખુમારીમાં ડોલ્યા કરું. પછી એક દિવસ મને થાય, કે આ આનંદ તો મનમાં શમાવ્યો સમાતો નથી, ઝલકાઈ ઝલકાઈને બહાર ઢળે છે, એને શબ્દમાં વહાવી અન્ય જનોને

પણ રસભાગી બનાવું, નહીં તો ત્યાં લગી મને જંપ નહીં વળે. નિજાનંદનો આ સભરભર કુંભ અન્ય જનોને પાવાની લાગણી જો સાચી હશે, તો પેલા બિંદુમાત્ર અનુભવમાંથીયે વાણીની અમૃતધારા છૂટશે. પણ જે કંઈ વિભૂતિદર્શન કર્યું છે તેને, લાવને, ઝટઝટ વટાવી નાખું, આના બે બોલ મેળવું, તેના ચાર અભિપ્રાય કઢાવી લઉં, -- પરિણામે બહાર પડે છે — કીર્તિલેખ નહીં પણ લેખકના મૃત્યુલેખની ગરજ સારતું એક ચોપડું. એ એનો મૃત્યુલેખ બને છે, કારણ કે ફરી એ લખી શકવાનો નથી.

આમ પ્રથમ તો આત્મસંતૃપ્તિની આવશ્યકતા, પછી કીર્તિની, તેનીયે પછી દ્રવ્યપ્રાપ્તિની અપેક્ષા. એ વાત કેવળ અંતઃપ્રેરણામાંથી પરિણમતી કલ્પનાશોભન કલાકૃતિઓ પરત્વે જ સાચી છે એમ ન માનતા. એકાદા ગ્રંથ-વિવેચનનેયે, અખબારના મુખ્ય પાનાને શણગારતા એકાદા લેખનેયે, કોઈપણ અનુવાદિત છાપાં-લખાણનેયે, અરે તમે અહીંતહીં આછા-ઘાટા, લલિત શબ્દ-સાથિયા પૂરો છો તેનેયે, સૌ પહેલી અપેક્ષા છે આત્મપ્રસન્નતાની. હજારો લોકો તો એ વાંચવા પામે ત્યારે ખરા, સારુંમાઠું જે કાંઈ ધારે તે ખરું, તમને પોતાને, એ કૃતિના કર્તાને, અત્યારે, આ ઘડીએ એ કૃતિ પ્રસન્ન કરે છે ખરી ? આરસીમાં મોં જોઈને મલકાતા હો, એવા છૂપા નિજાનંદે તમે તમારી એ સરજત નિહાળીને હલી ઊઠો છો ? ઘાટઘૂટ બરાબર ઊતર્યા લાગે છે ? આકાર-સૌષ્ઠવ સંતોષે છે ? શબ્દો યથાસ્થાને ગોઠવાયા છે ? સુરુચિની બાબતમાં છૂપીછૂપીયે આત્મવંચના નથી થઈને ? રોજ ઊમટતાં શબ્દ-પૂરની અંદર મુકાબલે તો નાનકડી અને નગણ્ય લેખાય તેવી તમારી એ કૃતિ જે કોઈ જૂજ આંખો એ વાંચવા પામશે તેને તો પકડી રાખે એવી દીસે છે ને ?

આત્મતૃપ્તિ એટલે બેશક આત્માની તૃપ્તિ, માણસના અંતરજામી સત્યમ્ શિવમ્ સુંદરમ્ મહાસત્ત્વની તૃપ્તિ, નહીં કે માણસના નાનકડા અહમ્-દેડકાની તૃપ્તિ, ચપટીમાં રીઝી જનાર પામરતાની તૃપ્તિ, સ્વાર્થપટુ બે-ચાર પાસવાનોનાં અહોહો-અહાહાથી મૂર્ચ્છિત બની જનાર નર્યા પ્રશસ્તિભૂખ્યા પ્રાણની તૃપ્તિ. ના, આપણી કલમો પર એવી તૃપ્તિને નહીં પલાણવા દઈએ. નાનકડી કંડિકાથી માંડી મોટા ગ્રંથની રચના પર્યંત આપણો સાચો ભોમિયો અને સાક્ષી તો પેલો, માંયલો રસાનંદી આત્મા જ રહેશે. સાચો હોંકારો એ જ આપશે કે, શિલ્પી ! તેં જે રચ્યું તે અલબત્ત તારું નિજનું છે, તારી શક્તિ-મર્યાદાને આધીન છે, તથાપિ એ ઢોંગ-જાદુગરીથી અદૂષિત છે, આત્મવંચના-પરવંચનાથી અકલંકિત છે, અને તારી પોતાની શૈલીથી અર્થાત્ તારાં ખુદનાં શીલની બનેલી શબ્દસુંદરતાએ વિભૂષિત છે. એમાં સ્વામીઓનો પ્રસાદ ભલે નથી, છતાં એ પ્રાસાદિકતાની તેં આત્મસાત્ કરેલી કણિકા ઉતારી છે. ચોરેલું, ભાડે કે ઉધાર લીધેલું આમાં કાંઈ નથી. પ્રસન્ન થા, શિલ્પી ! તું નાનો છે, તે છતાં એ મહાજનો જે પંથે ગયા છે તે જ સૌંદર્યવાટનો તું સહયાત્રી છે.

(મધપૂડા બાંધનારા, પરિભ્રમણ ૧, પા. ૧૯૭-૨૦૯, શ્રી જયંત મેઘાણીના આભાર સાથે અહીંયા પુનઃ પ્રકાશિત)

★

**(અનુસંધાન પાના નં. ૩૬ ઉપરથી)**

અને મજા કરવા સંગઠનશક્તિનો પરચો બતાવતા આ છાત્રરત્નોની સંવેદનાનાં બીજ કેટલાં ઊંડાં રોપાયાં હશે ! નિરર્થક ખર્ચ માટેની મારી રોષયુક્ત નારાજગીનો નક્કર પ્રત્યુત્તર આવી રીતે આપી મને અવાક કરી મૂકશે એ હું કલ્પી કેમ ન શક્યો ? છાત્રાલયની સમૂહભાવનામાં વવાયેલાં સંવેદન બીજ આવી ઘડીએ જ અંકુરિત થતાં હોય છે એવો શ્રદ્ધાભાવ હું તેઓમાં કેમ જોઈ ન શક્યો ? અંતે તો શિક્ષણ સાથે કેળવણીના સાયુજયનું રહસ્ય મને પલકારામાં આત્મસાત થયું. શિક્ષણજગતની અને છાત્રાલયના સમૂહજીવનની આનાથી મોટી ઉપલબ્ધિ કઈ હોય શકે ! સમૂહજીવનથી સંવેદનાના-શુદ્ધ ભાવનાના અદશ્ય તાંતણા પરસ્પર ગૂંથાઈ ને નાજુક, નમણું અને પાવનકારી વસ્ત્ર વણી જીવનને ઉષ્મા આપતા હોય છે; લોકભારતીની કેળવણીના આ સત્વશીલ અને સાતત્યયુક્ત પ્રયોગની આત્મપ્રતીતિ આ ઘટનાથી મને સ્વાભાવિક જ થઈ આવી.

★

## ૧૨. મરક- મરક...

**એસેમ્બલ ગાંધીજી**
**જગદીશ ત્રિવેદી**

---

મારા એક સંબંધી જયપુર જઈ નવો પગ નખાવી લાવ્યા એટલે મને વિચાર આવ્યો કે માણસને આખું શરીર વન-પીસ મળ્યું છે એના બદલે બે હાથ, બે પગ અને એક મસ્તક એમ પાંચ અંગ ધારે ત્યારે જોડી શકે અને ધારે ત્યારે છોડી શકે તેવાં મળ્યાં હોય તો શું થાય ?

તો સાસું મંદિર જવા નીકળે, પણ તરત પાછાં આવીને વહુને કહેઃ "સવારે લાઈટ ગઈ એમાં ભૂલથી તમારા સસરાના પગ પહેરી લીધા. એમનાં પગને કાયમ દુકાન બાજુ વળવાની ટેવ હોવાથી મેં ઘણા પ્રયત્ન કર્યા, પણ મંદિર બાજુ વળતા જ નથી. જો પગને નાનપણથી મંદિર કે કથામાં જવાની ટેવ ન પડે તો પછી ઘડપણમાં પાકા ઘડે કાંઠા ચડતા નથી."

સાસુની વાત સાંભળીને વહુ કહેશેઃ "બા ! અંધારામાં મારાથી પણ તમારા જેવી ભૂલ થઈ ગઈ છે, મેં ભૂલથી તમારી દીકરીના હાથ લગાડી દીધા અને તમારા દીકરામાં બુદ્ધિનો છાંટો પણ નથી, એટલે એ અંધારામાં કબાટમાં પડેલા મારા હાથ પહેરીને બહારગામ જતા રહ્યા છે. હું મીણબત્તીના અજવાળે ચા બનાવતી હતી, ત્યાં લાઈટ આવી અને મારા હાથ ઉપર રીંછ જેવા વાળ જોઈને મારા મગજમાં લાઈટ થઈ કે ભૂલથી બાબલાના પપ્પાના હાથ આવી ગયા છે. મને તમારા દીકરાની ચિંતા થાય છે કે એ જ્યારે પોતાના ધડ સાથે મહેંદી મૂકેલા અને બંગડી પહેરેલો હાથ જોશે ત્યારે કોઈને હાથ દેખાડવા જેવો રહેશે નહીં. એટલું સારું કે એ ફૂલ સ્લીવનો ઝભ્ભો પહેરીને ગયા છે.

માણસનાં અંગ ફોલ્ડિંગ હોય તો એવું સાંભળવા મળે : "તમારો એક હાથ મશીનમાં આવી ગયો હતો અને ચારેચાર આંગળી કપાઈ ગઈ હતી અને આ અખંડ હાથ કોનો પહેર્યો છે ? નવો હાથ ભાડે લીધો કે વેચાતો લઈ આવ્યા ?" એટલે પેલો જવાબ આપેઃ "મારે હજુ નોકરીનાં ત્રણ વરસ બાકી છે. તેથી તમારાં બહેને સલાહ આપી કે ત્રણ વરસ સુધી હાથ ભાડે લેવો એના કરતાં વેચાતો લેવો સસ્તો પડશે. જો અખંડ હાથ હશે તો નિવૃત્તિ પછી નામાં લખવામાં કામ આવશે, એટલે એક ગરીબનો હાથ વેચાતો લઈને એને મારો આંગળીઓ વગરનો હાથ આપી દીધો. એ ભીખારી છે એટલે એને સહાનુભૂતિના લીધે આવક પણ વધી જશે."

ત્યારબાદ સૌથી વધુ રમૂજ તો માથું બદલવાથી થાય, કારણ કે નરેન્દ્ર મોદીના ધડ ઉપર સોનિયા ગાંધીનું મસ્તક ફિટ કરો એટલે નરેન્દ્રભાઈનું ધડ કોંગ્રેસનો પ્રચાર કરવા લાગે, કારણ કે ધડને હુકમ તો મસ્તક તરફથી મળે છે. પછી ધર્મેન્દ્રના ધડ ઉપર અમિતાભનું મસ્તક લગાડો એટલે ધર્મેન્દ્રનું ધડ ગુજરાતના રણ અને ગીરની જાહેરાત કરવા માંડે અને મોઢું ધર્મેન્દ્રનું હોય તેથી બેગપાઈપર પીએ તો એ જેનું ધડ હોય એના પેટમાં જાય એવું પણ બને. પછી સાહિત્યપરિષદ કે અકાદમીના કાર્યક્રમમાં ભૂલથી મુ. ગુણવંત શાહ અને મુ.વિનોદ ભટ્ટનાં માથાં બદલાઈ જાય તો ગુણવંતભાઈના ગંભીર હાથ હાસ્યલેખ લખવા માંડે અને વિનોદભાઈના વિનોદી હાથ ચિંતનના રવાડે ચડી જાય એવું થવા લાગે.

માણસનાં પાંચ અંગ એસેમ્બલ થઈ શકે તો જગતને બહુ મોટો ફાયદો થઈ શકે છે, કારણ કે આખી દુનિયામાંથી એક જોડી પગ એવા શોધવામાં આવે, જે કાયમ સત્યના

**(અનુસંધાન પાના નં. ૪૨ ઉપર)**

## ૧૩. સંસ્થા સમાચાર...

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- તા.૦૪ અને ૦૫ના રોજ વેરાવળ મુકામે સામાજિક જાહેર પ્રવૃત્તિઓમાં સંકળાયેલ દંપતી શ્રી દેસુરભાઈ અને શ્રી નંદુબહેન ભમ્મર લોકભારતીની શિક્ષણ પ્રણાલી જોવા-સમજવા આવી ગયાં. તેઓએ બે દિવસ બહુ શાંતિથી લોકભારતીની સમગ્ર પ્રવૃત્તિઓ જોઈ. અહીંથી માઈધાર પણ ગયાં.
- હાલમાં કોરોનાને કારણે પૂરા લોકભારતી પરિસરમાં વિદ્યાર્થીઓ નથી. તા. ૦૫ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે સાયં પ્રાર્થનામાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ પ્રસંગને અનુરૂપ એક ટૂંકું વક્તવ્ય આપ્યું.
- આપણે હમણાં હમણાં પડતર જમીન અને નબળી જમીનોમાં ફળાઉ વૃક્ષો વાવવાની ઝૂંબેશ ઉપાડી છે તે નિમિત્તે તા.૦૭ના રોજ સાતનળવાળા પ્લોટમાં લોકભારતી પરિવારનાં સૌ પરિવારજનો વૃક્ષારોપણ માટે એકઠાં થયાં અને ૧૫૦ સીતાફળીના તથા ૧૫૦ બોરડીનાં રોપ વાવ્યાં.
- તા.૦૮ના રોજ સાંજના પાંચ કલાકે લોકભારતી કાર્યકર વીમા યોજનાની સાધારણ સભા શ્રી યોગેશભાઈ ત્રિવેદીના પ્રમુખ સ્થાને મળી ગઈ. મંત્રીશ્રી વાસુદેવભાઈ મહેતાએ હિસાબો અને પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટના આર્થિક સહયોગથી એક સણોસરા ગામમાં, એક લોકભારતી ગોશાળાએ અને એક માઈધાર કેન્દ્ર ખાતે એમ કુલ ત્રણ મફત છાશ કેન્દ્ર ઉનાળા દરમિયાન ચલાવ્યાં.
- તા.૧૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના અધ્યાપક મંડળની બેઠકમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ માર્ગદર્શન આપ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૩થી ૨૪ના રોજ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર સાથે નાયબ ચિટનીસના તાલીમ વર્ગ યોજવા અંગે તાલીમ કેન્દ્રોના આચાર્યશ્રીઓની બેઠક યોજાઈ ગઈ. શ્રી ગિરીશભાઈ દવેએ હાજરી આપી. તેમ જ તા.૨૪ના રોજ શ્રી પિનાકિનભાઈ પંડ્યા પણ કામગીરી સબબ સાથે ગયેલ.
- તા.૧૬ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ બી.આર.એસ. પ્રવેશ કાર્યવાહી અંગે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી શ્રીધરભાઈ ગજ્જર અને શ્રી રેખાબહેન વ્યાસ તેમ જ અન્ય કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યાં.
- પ્રથમ વર્ષ બી.આર.એસ.માં ૭૨ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો.
- લોકસેવા મહાવિદ્યાલયના નેક પ્રક્રિયા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા. ૨૦ના રોજ સબમીશન કાર્ય સૌ કાર્યકરોની ભાગીદારીથી પૂર્ણ કરવામાં આવ્યું.
- લોકસેવા મહાવિદ્યાલયના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના સમયપત્રકના અમલ સાથે ઓનલાઈન વર્ગશિક્ષણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.
- તા.૨૧ના રોજ નવસાધ્ય કરેલ દયાળસર વિસ્તારમાં ૨૮૨ જેટલા આંબળાના રોપનું

પરિવારે સાથે મળીને વૃક્ષારોપણ કર્યું.

- તા.૨૧ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં કેન્દ્રના પરિચય તેમ જ તાલીમ સંબંધી ચર્ચા વિચારણા અંગે બેઠક કરી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન ૭ તાલીમ યોજાઈ ગઈ. જેમાં ૧૨૫ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેલિફોનિક હેલ્પલાઈનની મદદથી ૩૦૩ ખેડૂતોને ખેતીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૨૨ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ ભાવનગર કલેક્ટરશ્રીને રૂબરૂ મળવા જઈ આવ્યા.
- દરરોજ યોજાતી સાયં પ્રાર્થનાના અનુસંધાને પંદરેક દિવસ સુધી સતત ગંગાસતી-પાનબાઈના ભજનો એકતારા ઉપર શ્રી ધ્રુવભાઈએ સંભળાવીને સૌને ભક્તિમય કર્યા. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ આ ભજનોની સમજુતિ સ્વામી બ્રહ્મવેદાંતજીના પુસ્તકમાંથી સંભળાવીને એક જ્ઞાનસત્રનો માહોલ રચી આપ્યો.
- શ્રી અરુણભાઈ દવે તા.૨ અને ૧૬ એમ બે ગૂગલ મીટ દ્વારા ચર્ચા-બેઠકમાં શિક્ષણમંત્રીશ્રી સહિતના સૌ પદાધિકારીશ્રીઓ અને શિક્ષણવિદો સાથે વ્યસ્ત રહ્યા. તા.૧૨મીએ બેંગ્લોર સ્થિત ગાંધીવિચારના પ્રચાર-પ્રસારનું કામ કરતી સંસ્થાના વેબિનારમાં 'ઉપભોકતા અને ગાંધીવિચાર' ઉપરના વિષય પર ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું. તા. ૧૫મીએ ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપક મંડળની બેઠકમાં ગૂગલ મીટથી ભાગ લીધો. તા. ૨૪, ૨૫ અને ૨૬ એમ ત્રણ દિવસ ત્રણ-ત્રણ કલાક ગુજરાતભરના ત્રીસ લોકવિજ્ઞાન કેન્દ્રોના વાર્ષિક મૂલ્યાંકનમાં પ્રમુખ-માર્ગદર્શક તરીકેની મૂલ્યાંકન સમીક્ષા કરી. તા.૨૮મીએ શુભેચ્છક પ્રાધ્યાપિકા ભાનુબહેન દેસાઈ દ્વારા મળેલ બે લાખ રૂપિયાના પુસ્તકોની ભેટ સ્વીકારવા શ્રી વિશાલભાઈ જોષી અને શ્રી પ્રશાંતભાઈ મહેતા સાથે રાજકોટ જઈ આવ્યા.

### આંબલા સમાચાર

- તા. ૦૨ના રોજ શ્રી સુરસંગભાઈ ચૌહાણના પ્રમુખ સ્થાને આંબલામાં આંબલા-મણારની વ્યવસ્થાપક મંડળની બેઠક યોજાઈ ગઈ.
- તા.૦૫ના રોજ ભાવનગર ડિવિઝનના પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ સંસ્થા મુલાકાતે આવી ગયેલ.
- આંબલા કેમ્પસ પર લોકશાળાના નવા કાર્યાલયનું બાંધકામ પૂર્ણ થયું.
- આંબલાના પૂર્વ કાર્યકર શ્રી દયાળભાઈ પટેલના દુઃખદ અવસાન નિમિત્તે આંબલામાં પ્રાર્થનાસભા યોજાઈ. શ્રી લાલજીભાઈ નાકરાણી તથા શ્રી ભારતેન્દુભાઈએ તેમના સંસ્મરણો તાજા કરી શ્રદ્ધાંજંલિ આપી.

### મણાર સમાચાર

- અહીંના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા સોશ્યિલ ડિસન્ટસનું પાલન કરી સ્થાનિક રીતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- ગુરુપૂર્ણિમા તથા અષાઢી બીજની ઉજવણી કોવીડ-૧૯ના કારણે સામુહિક રીતે નહીં પરંતુ દરેક કાર્યકર્તાએ પોતપોતાના ઘરે કરી.
- આ વરસે ઓનલાઈન શિક્ષણને કારણે તા. ૨૯ અને ૩૦ના રોજ ધો.૯થી ૧૨ના છાત્ર-છાત્રાઓએ ઘર પર જ રહી એકમ કસોટી આપી. જેના ઉત્તરપત્રો જે તે છાત્ર-છાત્રાના વાલી પાસે મંગાવી ચકાસણી કાર્ય કરવામાં આવ્યું.

- તા.૨૪ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે આવી ગયા. તેમની ઉપસ્થિતિમાં ચીકુના પ્લોટોનો ઈજારો આપવામાં આવ્યો.
- તા.૨૫ના રોજ અહીંના ક્યૂ.ડી.સી.માં આવતી ૧૩ શાળાના આચાર્યો તથા કારકૂનોની એક શુભેચ્છા મીટિંગ રાખવામાં આવી. જેમાં આ વર્ષના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું તથા વહીવટી પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવામાં આવી. આ મીટિંગના અધ્યક્ષસ્થાને ગ્રામીણ આચાર્યસંઘના પ્રમુખશ્રી ગોવિંદભાઈ ઉપસ્થિત રહ્યા. શ્રી સુરસંગભાઈએ કોરોનાની પરિસ્થિતિને કારણે શિક્ષણ જગત સમક્ષ જે નવા પડકારો આવી રહ્યા છે તે વિષે માહિતી આપી. શ્રી ડાયાભાઈ ડાંગરે સભાસંચાલન કર્યું. શ્રી મલયભાઈએ પણ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું.
- આ વરસે ૪૫ એકરમાં સોયાબીનનું વાવેતર કરવાનું આયોજન હતું પરંતુ બિયારણનો ઉગાવો ઓછો આવતા કેટલાક પ્લોટમાં ફરી વખત વાવણી કરવામાં આવી. જેથી વાવેતર વિસ્તાર ઘટીને લગભગ ૨૨ એકર જેટલો થયો. બાકીની જમીનમાં કપાસ, અડદ અને જુવારનું વાવેતર કરવામાં આવ્યું.
- શ્રી પ્રવીણભાઈ મહેતા છેલ્લા ત્રણેક માસથી બીમાર હતા. હવે તબિયત સુધારા ઉપર છે. ઘરથી મેદાન સુધી હવે ચાલીને આવી શકે છે.

**(અનુસંધાન પાના નં. ૩૯ ઉપરથી)**

માર્ગ ઉપર જ ચાલવા ટેવાયેલા હોય. સતવાદી પગની પેર મળી જાય પછી બે હાથ એવા શોધવામાં આવે, જે પ્રાણીમાત્રને પ્રેમ કરતા હોય, એવા પ્રેમાળ હાથ જે પ્રદેશ, ભાષા, રંગ કે ધર્મના ભેદને વચ્ચે લાવ્યા વગર કેવળ પ્રેમ વરસાવતા હોય. આવા હાથ-પગ મળી ગયા પછી વિશ્વના નકશામાંથી એક મસ્તક એવું શોધવામાં આવે, જે આઠે પહોર કરુણા વરસાવતું હોય અને આ પ્રકારનાં પાંચ અંગને એસેમ્બલ કરવાથી વિશ્વને બીજા ગાંધીજી મળી જશે.

એવું બને કે એસેમ્બલ ગાંધીજીના પગ આફ્રિકન હોય, હાથ અમેરિકન હોય, છાતી અને પેટ બ્રિટીશર હોય અને મસ્તક હિન્દુસ્તાની હોય અને પછી એ માત્ર રાષ્ટ્રપિતા નહીં, પરંતુ વિશ્વપિતાનો દરજ્જો પામી શકશે., તો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં રામરાજ્ય આવી શકે.

★

**શ્રદ્ધાંજલિ**

- લોકદક્ષિણામૂર્તિના નિષ્ઠાવાન, કર્મઠ અને પાયાના કાર્યકર શ્રી દયાળભાઈ પટેલનું સુરત ખાતે તા. ૧૫-૦૬-૨૦૨૦ના રોજ ૯૫ વર્ષની ઉમંરે દીકરાશ્રી અશોકભાઈને ત્યાં દુઃખદ અવસાન થયેલ છે.
- લોકદક્ષિણામૂર્તિના શુભેચ્છક - દાતાશ્રી વલ્લભભાઈ સવાણીના ધર્મપત્નિ શ્રીમતી અંજવાળીબહેન સવાણીનું તા. ૨૯-૦૭-૨૦૨૦ના રોજ સુરત ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકદક્ષિણામૂર્તિના પ્રવાસી શિક્ષક-ટ્રેઈનર એવા શ્રી અશોકભાઈ કનુભાઈ વ્યાસનું કોરોનાથી ૬૫ વર્ષની વર્ષે તા. ૩૦-૦૭-૨૦૨૦ના રોજ સુરત ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. આપણી સંસ્થાઓમાં સાયં પ્રાર્થના પછી ઉચિત શ્રદ્ધાંજલિ પાઠવીને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.